૪૭૦૩

સુધારા સાથે

બરાસ કસ્તુરીની વારતા.

શોખીલા સજ્જનોને માટે છપાવનાર,

ઇશ્વરદાસ જેઠણુદાસ.

અને

મુળચંદ નારણદાસ.



અમદાવાદ.

ખીકાંટે યુનિયન પ્રિન્ટીંગ પ્રેસ.

સંવત ૧૯૪૯.

बरास कस्तुरीनी वारता.

॥ श्री गणेशायनमः ॥   ॥ श्री शारदायनमः ॥

દોહરો. શ્રી ગણપતી તુજને નમુ, સારદાને લાગુપાય; જો ઇષ્ટ દેવ કરૂણા કરો, તો ગ્રંથ સંપુરણ થાય. ૧ અષ્ટ ભઈરવ તુજને નમુ, નમુ જુગતઅંબાય; સહુ કવીને કરૂં વીનતી, બ્રાહ્મણને લાગુ પાય. કરગરૂ હું કરૂણા કરો, મુને કોઈ ન દેશોખોડ; તમ દાસ તણો હું દાશ છું માગુ બેઉ કરજોડ. ૩

છપ્પો.—આદશક્તી તુ અંબાય. રંગ સ્વરૂપે કાંત્તી; દત દુષ્ટને પરીતાપ, ભગત જનને હોએ સાંત્તી. હંસ વાહનીછે હોજ તેજ પ્રગટછે તાહરૂ. તુ જડ ચઈતનમાં અવતરી ભગતને સારૂ; અરી ગંજન સુખ દુખ, દાવાદલ ખોઓ આપી, સામળભટ કહે સહુએ ગણી શેવો સાચી દેવી સરસ્વતી.

ચોપાઇ—પુરવ દેશ રળીઆમણુ ઠામ, કોશંબા નગરીનું નામ; ચીત્રસેન તેનો રાજન, તેને પેટ નહોતુ સંતાન, ૧ રાણી ઘરમાં પ્રભાવતી, તે પણ પુરણ શીરોમણ સતી; રાણીનું તેજ અપરમ પાર, પણ પુત્રવણ ઝુરે અપાર. ૨ રાય પરજા પાળે રૂડી રીત, પુત્ર જેવી રાખેછે પ્રીત; પરજા પામે અદકુ સુખ, સપના માંહે નહીં તેહને દુખ. ૩ સુગલ ચાડીઆનો હરામખોર, તે ગામમાં મળે નહીં કોય; કપટ કોઇનાં મનમાં નહીં અડે. ભુત વઈતાલ દ્રસ્ટે નવ પડે. ૪ વીજોગ કામ જાણે નહીં તેહ, સુખીછે સરવ કોઈની દેહ; ડંડની કોઈ ન જાણે વા-

ત, ૩૩ એક શીપાલને હાથ, ૫ હેતુ નીકટ કરેછે રાજ, અસત અન્યા અંતરથી તાજ; પરજા પામે અદકુ સુખ, સપના માંહે નહીં તેહને દુખ. ૬ હોમ જગન કીધાં અતી ઘણાં, દાન દીધાં એમાં શી મણાં; એમ ઘણા ઉપાય કીધા સહી, પણ પુત્ર ફળ કાંઇ પામે નહીં. ૭ પંડીતને પુછ્યું રાજન, કેમ પુત્ર થાશે ઉત્પન; પંડીત એવી બોલ્યા વાણુ, જોઇએ શાસ્ત્ર વેદ પુરાણુ. ૮ પાંચ લાખ ચંતામણી કરો, તેથી પુત્ર તુને થાશે ખરો; પારથી કરાવે પાતીક જાય. પુત્ર ફળ તે તારે થાય ૯ રાજાએ માની તે વાત, પગે લાગ્યો જોડી હાથ; તતક્ષણ રાજા હરખ્યો એહ, કહ્યા પ્રમાણે કીધુ તેહ. ૧૦ રાજા સુખ પામ્યો તે નેટ, ગરભ રહ્યો નારીને પેટ; ગરભવંતીનો રાણી થઈ, રાજાનીનો ચીંતા ગઇ. ૧૧ ઘણું હરખીત તે મનમાં થયો, અસ્વ ચઢીને મ્રગીયા ગયો; સાથે સકળ શેન્યા પરવરી, ચોદશ શેવક રહ્યા તરવરી. ૧૨

દોહરો—તારે સેના સહુ આવી સહી, તારે રાજા બોલ્યો વાણુ; હવે અમે એકલા જાશુ શહી, તમે પાછા વળો પરધાન. ૧ રાજા ચાલ્યો એકલો, જહાં મોટું જંગલ રાન, તે ઠેકાણે પરવરયો, ઘેર ગયો પરધાન. ૨ મધ્યાન કાળ પુરણ થયો, તાપે તન પીડાય; તરસ લાગી અતીઘણી તેથી જીવ તલપાપડ થાય. ૩ રાહ મારગ શુજે નહી, તે જંગલ મોટું જાણ ત્યાં એક કઉતક થયું તે સંભળાતું કાન. ૪ ત્યાં એક અપછરા સ્વરગની, બેઠી કુંભ વીમાન; અંત્રીક્ષ મારગ જાએ સહી, તેનું નત્ર ઘુઘુશા નામ, ૫ તેણે તે દીઠો રાયને; જંગલમાં ફરતો તે તે જાણ; એતો રાજા ચીત્રસેન, એવું જોઈને બોલી વાણુ. ૬ જુહાર જુહાર તેણે કરયો, રાજાને તેણી વાર; તે રાજા કાંઇ જાણે નહી, તે ફરતો વનમોઝાર. ૭ તે જુહાર લીધો નહીં, તેણે વીચાર્યુ મન; શરાપ દીધો તે રાયને, ક્રોધથી કહ્યા વચન. ૮

તે રાજા મોટો રાજવી, છે ચતુર સુજાણ; એ જુહાર મારો લેતો નથી, એવડું શું અભીમાન. ૯ એ બાવરો સરખો થઇ રહયો, જોય ચો દશાએ દ્રષ્ટ; મારો જુવાર મીથ્યા કરયો, મારે એને દેઉ કષ્ટ. ૧૦ ક્રોધ મારો રહેતો નથી, આજ જણાયું એનું પાપ; મારો જુહાર માન્યો નહી, એવડું શું અભીમાન. ૧૧ તમ નારીનો વીજોગ થજો, એમ કહ્યું તે વાર; પણ ખબર તો રાયને નથી, જે કોણે દીધો શરાપ. ૧૨ ત્યાંથી પોતે ચાલ્યો સહી, ઘેર આવ્યો પોતે રાય; તે નગર મધ્યે આવ્યો સહી, સામો તે આવ્યો પરધાન. વાજતે ગાજતે રાયજી, ગયા મંદીરમાં રાજંન.

ચોપાઈ—અપછરાએ દીધો શરાપ, તે પોતે જાણે નહીં આપ; ગરભવતી તે નારી જેહ, રાજા જોઈને હરખ્યા તેહ. ખતરી લોકમાં એવો ધરમ, તે તમને સંભળાવું મરમ; ગરભવાળી નારી થાય જાહરે, સ્વામી તેને પુછે તાહરે. ૧૫ જેનું મન નારીને થાય, તેની સ્વામીને કહેવી હોય; માટે એમ પુછે રાજન, કહો અસ્ત્રી તમારે સેનું મન. ૧૬ જો મહારા મનની પુરો હામ, તો હું કહું તે કરોને કામ; લોહીયે કરીને વાવ ભરાવ. તેમાં તું મુજને નવરાવ. વસ્ત્ર વના તેમાં ઝીલું સહી, એવી મહારે મન ઇછા થઇ; તે રાજા સાંભળી વિરાગે થયો, મનમાં પસતાઇને રહ્યો. જો માઠું થયું નારીનું મન, તો કાંઇ થાશે મોટું વીઘન; તે રાજાથી ના કેમ થાય. ના કહે તો શીરજ જાય. જે કાંઇ ઇશ્વરનો બનાવ, એક વાડીમાં ખોદાવી વાવ; પછે રાયે મન વીચારીયું, હવે રૂધીર કહાંથી ભરૂં. પાણી તેમાં ભરવું સહી, પછે બુધ વિચારી તહીં; પાણીમાં નંખાવ્યો પતંગ, આરે થયો રૂધીરનો રંગ. તે રાણીને દેખાડયું દ્રષ્ટ, રાજા મનમાં પામ્યો કષ્ટ; રાણીને કહે તતપર થાઓ, સખીઓ તેડી વાડીયે જાઓ. જેમાં મન થયું તેમાં નહાય, નારીને મન હરખ ન માય; ગજાના પેટમાં પડીછે ફાળ, ત્યાં મોકલ્યા પાછળ રખવાળ. હરામી દ્રષ્ટીને

હરો, જઇ રાણીને રક્ષા કરો, ચોદશ શેવક રહ્યા તરવરી, રાણી વાડી મધે પસ્વરી. ૨૪ વસ્ત્ર ઉતારી મુક્યાંછે બહાર, અંગે ધર્યો છે સોળે શણગાર; શેવક ઉભાછે વાડી બહાર, હાથમાં રહીછે નગંન તરવાર. ૨૫ બંદુક પિસ્તોલો કરમાં રહી, ઉભા વાડી ઘેરી તહીં; પેલી સખી સઘળી ઉભી બહાર, જળ મધે ઉતરી તે નાર. તેને મનતો રૂધીર છે શહી. તેમાં ઝીલી તે રાણી રહી; સુંદર રાણી શોભે સોહાગ, મુસ્તકે વેણી વાસુકી નાગ. ૨૭ તેજ તપે તરૂણી તણુ, વળી ગરભથકી થયુ અતીઘણુ; ઘડી બે ચાર થઇ જાહરે, શખી બહારથી બોલી તાહરે. રાણીજી હવે નીકળોને બહાર, ઘણી થઇ ગઇ તમને વાર; રાજાજી જોશે બહુ વાટ, કરતા હશે તે ઉચાટ. ૨૯ જારે રાણી કહે હું ખુશી થાઉં, જાણે આખો દહાડો નાહુ; નીકળ્યાનું મન મને નવ થાય. હેવું કહીને તેમાં નહાય; જોજો કરમ તણી એ ગતી, થાસે થવાનું તે ખબરજ નથી. ૩૦

દોહરા.—સતે વાવમાં ઝીલે સુંદરી, થઈ ઘડીકા ચાર; તારે એક કઉતક થયુ, તે સાંભળો નરને નાર. ૧ એક ગરૂડ ગગન જાતો હતો, તેણે દીઠી નાર; તેને મન ઉખર છે, એવો કરયો વિચાર. ૨ પતંગ રંગ રૂધીર શહી, તેમાં ઝીલે ધરી આનંદ; તેમાં ગરૂર કાયા દીઠી ઘણી, જાણે માંસનો પંડ. ૩ શીશ કેશની શોભા શી કહું. જાણે વળગ્યા ભોરંગ; તેનાં નેત્ર જાણે કાચબા, એવો દીઠો રંગ. ૪ તરત લીધી એને ચાંચમાં, ઉડો લેઈ આકાશ; ઓ ગઈ ઓ જાય છે, સઉ જોયા કરે ચોપાસ. ૫ બંદૂક નાળ ઉભી કરી, મારે તડોતડ તીર; સખીઓ હાથ ઘશી રહી, સઉએ નયણે ભરીઆં નીર. ૬ સઉ ચીતરામણવત થઇ રહ્યા, સુઝે નહીં કાંઇ પેર; શુધ સાન ઉડી ગઈ, નથી જવાતું ઘેર. ૭ હવે જવાબ શું દેશું રાયને, એમ થરથર કંપે કાય; એકી દ્રષ્ટે ઉંચુ જુએ સહી, કરયા કરે હાય હાય. ૮ વાર જારે ઘણી થઈ, તારે રાય થયો અશ્વાર; થોડા શેવક લઈ કરી,

આવ્યો વાડી મોજાર. ૯ નારી વીન મુખ દીઠાં સરવનાં, તારે રાજા પુછે એમ; રાણી મહારી ક્યાં ગઇ, મુખે બોલો નહી કેમ. ૧૦ હુમો જામ્યો સરવને, મુખે નવ બોલાય; કંઠે રૂદન થાએ સહી, થર થર કંપે કાય. ૧૧ રાજા પણ વિશમે થયો, શકે થયું વીહન; રાણી મહારી ક્યાં ગઈ, એમ પુછે રાજન. ૧૨ કહે શેવક રાજા સુણો, થયો મહા ઉતપાત; રાણી ઝીલતી હતી વાવમાં, કહીશ હું માંડીને વાત. પછે કઉતક મોટું થયુ, આવ્યો વીનતાનો તન; તેણે લીધી ચાંચમાં, ને ઉડયો લેઇ ગગન. ૧૪ હમે ઉપાય અદકો કરયો. માર્યો અતીસે માર; તે અંત્રીક્ષ મારગ ઉડી ગયો, અમે જોયા કર્યુ આ ઠાર, એવું કહેતાં ઝબકી ગયો, રાજા પડયો પ્રથ્વી મોજાર; શ્વાસ નહીં કંઇ ચેતના, થઇ રહ્યો હાહાકાર. ૧૬ ત્યાં નગર બધુ આવી મળ્યુ, આવ્યો પુર પરધાન; તે રાજાને ઘણું વીનવે, તોય બોલે નહીં રાજન. ૧૭ ગુલાબ અતર છાંટયાં ઘણાં, એમ કીધા ઘણા ઉપાય; ચાર ઘડીએ મુરછા વળી, ત્યારે બોલ્યો રાય. ૧૮ રાણી માહરી ક્યાં ગઇ, શી થઇ એની પેર; રાણી રણમાં મુકી કરી, શું મોં લઈ જાશું ઘેર. ૧૯ તારે પ્રધાન રાયને પ્રીછવે, વળી નગર લોક તે ઠામ; નગરશેઠ આદે સહી, તે સહુ કરે પરણામ. ૨૦ મેં શું ધાર્યું ને શું થયું તુટી મહારી આશ; મેં પુત્ર મુખ દીઠું નહીં, હું છેક થયો નીરાશ. ૨૧ મહા કલપાંત કીધું શહી, પછે વિચારી પેર; પ્રધાન લોક સહુએ મળી, તેડી લાવ્યા ઘેર તે દુખ અતીશે ભોગવે, મનથી રહે ઉદાશ; સભા મધે બેસે સહી, પણ મન નારીના પાસ. ૨૩

ચોપાઇ—એવાત એટલેથી રહી, પેલી નારીની શી ગત થઇ; તે ગરૂડ લેઇ ઉડોતો ગગન, આવોછે એક સો જોજન. ૧ એક મોટો પાહાડ છે સહી, ઉભો ગરૂડ તે ઉપર જઈ; ચાંચમાંથી કાઢીછે નાર, કરવા બેઠો એનો આહાર. ૨ તે ગરૂડે જાહારે કાહાડી આહાર, જુવેતો જીવતી દીઠી નાર; મુકી નારી ઉડો ગગન;

નારી બેઠી તાંહાં કરે રૂદન. ૩ તહાં અરણ્ય વનતે ભારે સહી, પશુ પંખી કોઈ માનવ નહી; જળ ફૂળ મળે નહી લગાર, તહાં એકલી રૂદન કરેછે નાર. ૪ મેં એ કાં માઠો કરો વીચાર, નાહાવા મન કીધું રૂધીર મોઝાર; માહારા સ્વામીનો બહુ નેહ, નીસ્ચે તજશે હવે એ દેહ. ૫ અરે પરભુ નોધારાનો આધાર, વેગે ચડજો માહારી વાહાર; તમો ભગત દુખની સાંભળોવાણ, તતક્ષણ દોડો તમે ભગવાન. ૬

છપ્પો—પરથમ મછા સ્વરૂપ, ભુપ સંખાશુર માર્યો; બીજે કછપ રૂપે ચઉદ રતન બાર કાડો; ત્રીજે વારાહ સ્વરૂપ. પરથવી ગ્રહી ડાહાડે રાખી. હીરણ્ણા કસ્યપને તતકાળ, લજ્યા તેની નવ રાખી ચોથે નરસીંહ સરૂપ ભગત પ્રલ્હાદ કાજે સહી. સ્થંભમાંથી પ્રગટા તહી, તેના બાપને મારો સહી. ૧ પાચમ પરમેશ્વર રૂપ, વામન થઈ વીશ્વમાં વાપો, એ બાણાશુરનો બાપ બળી પાતાળે ચાંપ્યો; છઠે તે ફરશુ રામ. ફરશીતે કરમાં લીધી, સહસ્ત્રા અરજુનનો નાશ, પછે પૃથ્વી નક્ષત્રી કીધી. સાતમે રામચંદ્રજી થયા વાંદર ટોળી મેળવી સહી, સમુદ્રમાં પથર તારા, રાજા રાવણ મારો જઈ. ૨ આઠમે શ્રી કૃષ્ણ અવતાર, મનોહર મોહન જેવું; પુરણ શોળ અવતાર ભગતને દરશન દેવું, નવમે બુધ સ્વરૂપ, ધ્યાન એક ચીતે માંડી; મારૂ મારૂ નહી કાંગો લજા સફની તરછોડી; દશમે કલંકી અવતરી પ્રથ્વીનો પ્રલય કરયો, વળી ભગતને કારણે ભોમ મધે અવતરયો. ૩

ચોપાઈ—એમ નારી કરે રૂદન, કોણ સાહ કરેરે ભગવંત એમ ત્રણ દીવસને ત્રણ રાત, એકલી રૂદન કરેછે જાત. ૧ એમ ત્રણ દીવસ થયા જાહરે, કામ તેનું થયું તહરે; તાંહાંથી એક જોજન પર તહી, એક રૂષીનો આસરમ છે સહી. ૨ ચેર વીધારથી ભણેછે ઘણા, વીદ્યામાં કસી નહીં મણા; તેને ગુરૂએ સોંપ્યુ કામ, દરભ વીણી લાવો આ ઠામ. ૩ પાંચ સાત વીદ્યારથી

જેહ, દરભ વીણવાને આવ્યા તેહ; મુખે જપતા ગુરૂનું નામ, આવ્યા નારી બેઠી જેહ ઠામ. ૪ તે પાહાડ તળે આવ્યા જાહરે દરભ વીણવા આવ્યા તાહરે; ઝીણે શબ્દે રડે ત્યાં નાર, ત્યારે વીધારથીએ કરયો વીચાર. ૫ કાંઈ ભુત પરેત ડાકણ છે સહી, એ કોણ કારણ રડેછે અહી; પછે હીમત રાખી શરવે રહ્યા શબ્દ સાંભળી પાહાડ ઉપર ગયા; દીઠી નારી નઉતમ વેશ, તારે સઉને પડયો અંદેશ; પુછે સઊ મળી સમાચાર, કેમ રૂદન કરેછે નાર. ૭ તેણે તેનું કહું વરતાંત, ભાગી તેના મનની ભ્રાંત ત્યારે વીધારથીને આવી દયા, તેને ગુરૂ પાસે તેડી ગયા. ૮ ગુરૂ આગળ સરવે માંડી કહી વાત, આ નારી સકોમળ જાત; વળી ગરભવંતી નારી સહી, એના દુખનો પારજ નહી. ૯ ત્યારે ગુરૂજીએ દીધો ધીર. મુખ પખાળી પાયુ .નીર; ભાવતાં કરાવાં ભોજન, પછે રૂષિ બોલ્યારે વચન. ૧૦ તમે સુખે રહો અમારે ધામ, તમ હમ પુત્રી કેરે ઠામ; જાણે જણવા આવા જેમ, તમો મનમાં ચીતવજો તેમ. ૧૧ હવે દુખમાં ધરશો લગાર, સુખે રહો તમારૂં દવાર; પછે નારી રહી તે ગામ, પ્રભુની કીરપા થઈ તે ઠામ. ૧૨ સુખ પામીને પોચી આશ, એટલે પુરણ થયાં દશ માસ; શુભ નખેતર શુભ તીથી સોમવાર, પુત્ર પ્રસવ કીધો નાર. ૧૩ ધેરથી વિદ્યારથી આવા ત્યાંહે, ગુરૂને વધામણી કહી તાંહે; ગુરૂને હરખ થયો તણીવાર, જનમઅખેર કરાવ્યા સાર. ૧૪ પછે પુત્રનો કહયો સમાચાર, તારા પુત્રના પ્રાક્રમનો નહીપાર, સકલ વિદ્યાગુણ પુરણ થશે પ્રથ્વીપતી એ રાજા થશે.

છપ્પા—કામ સમાને રૂપ, ભુપ રામચંદરજી જેવો. કરણ સમાન દાતાર. મહીમા મહાદેવ જેવો; સ્થીરતા જાણે એમ, ગંભીર સાગર જાણું, દામે બળી રાજન બરાસ બેહેકથી જાણું કીરતી પુરણનીધી થશે, ગુણે ગણપત શરખો શહી; સામળ કહે શું વરણવુ, શેષ પાર પામે નહીં. ૧ સતે જેવો હરીચંદ્ર

લક્ષમી કુબેરના જેવી. માને માન ધાતા તહાં, બુધ તરતી બછે તેવી. વાણી વીદુર વાશ એમાએ પ્રથવી કાંપે, જેશાવરમાં જોધ બાણાવળીમાં બહુ ફાવે: શુર પુરૂપમાં સત વાદીઓ: ધીરવીર ધાતા સહી, સામળ કહે સહુ સાંભળો એના પ્રાક્રમનો પારજ નહી.

ચોપાઇ— એમ રૂપીએ કહયો પરકાર, તે નારીને હરખ અપાર. હવે દીન પર તે મોટો થાય, શુંદર વેશ સોહાવે કાય, ૧ બીજનો ચંદ્ર વાધે જેમ. કળા કુંવરની વાધે તેમ; શરીર શુધ બરાસને ઠામ; માટે બરાસ એવુ પાડયુ નામ. ૨ દિન દિન પ્રોઢો થયો તે બાલ, શુરૂ દેખી આણે બહુ વહાલ; વરસ પાંચ થયા જાહરે, શુરૂએ ભણાવવા માંડયો તાહરે. ૩ વણ શીખવી તે વીધા ભણે. ધુડ અખેર અણ સીખવ્યા ગણે; કાવ્ય કવીત ભાષાના ભેદ ભણે શકળ સાસ્ત્રના વેદ. ૪ અષ્ટાદશ જોયા પુરાણ, અમલ કુમલ પીગલ નીરવાણ, દુહા ગાથા વ્યાકરણ વીચાર સંસ્કૃત પ્રાકૃતનો નહીં પાર: વિધારથી સગ રમે ને જમે. તે માત પીતાને અદકુ ગમે; એમ કરતાં વરસ થયાછે સાત. પછે થઇ કઉતકની વાત. ૬ વન મધે કુંવર રમતો ફરે, હરનીશ એકલો જાય બાહરે, તે માતાને હરખ ન માય, પુત્ર દેખીને શુખીઆ થાય. ૭ પોતીકા કરનું કંકણ જેહ, બાળકને રમવા આપ્યું તેહ, તે કંકણ લેઇ રમવા જાય, રમે જમે આણુંદ નવમાય; ૮ એક દીન વનમાં રમતો બાળ, ત્યાંશુ કામ થયું તતકાળ; એક વાદી આવ્યો વનમોજાર, બાળક રમેછે તેણે ઠાર. ૯ તેણે આવી સુ કીધુ કામ મહુઅર વગાડયું તેણે ઠામ તહાં મહુઅર નાદ થયો જેટલે મણીધર નાગ નીકળ્યો તેટલે ૧૦ તે વરખ નાગ પુરાતન સહી મણી મુસ્તક ઉપર ચળકી રહી; ફેણ માંડી બેઠો તે ઠામ, તારે બાજીગરે શું કીધુ કામ. ૧૧ ઝટ પકડી તેને ઝાલીઓ પોતીકા કંડીઆ માંહે ઘાલીઓ, નાગ લઇ ચાલ્યો તે ઠામ, તારે બાળકે મન કરયો

વીચાર, ૧૨ સવળુ બાળકે દીઠુ દ્રષ્ટ, અદકુ મનમાં પામ્યો કષ્ટ સુરવિર ધીર રાજાનો તંન, તેને દયા આવી બહુ મન. ૧૩ બાજીગરને બોલાવ્યો વળી, તેની પોતે મનમાં કળી. અરે બાજીગર પુછુ અમો, આ નાગ લઈ સુ કરશો તમો ૧૪ ત્યારે બાજીગર બોલ્યો વાણ. એ અમારૂં જીવતર તુ જાણ; એ નાગ લેઈ જઈ વસ્તીમાં ફરૂં, ખેલ ખેલાવી ઉદર ભરૂ. ૧૫ અમારા કુળનો એ વહેવાર, માટે નાગ લીધો આ ઠાર; તારે બાળક કહે એ મોટું કામ, એમાં જીવ નથીશું રામ. ૧૬ એનાં સ્ત્રી બાળકને વીજોગ પડે, એથી તુજને કષ્ટ નડે; માટે મુકી દે આ ઠામ, કર ઉદ્યમ તું બીજું કામ. ૧૭ વાદી કહે તું છે અજ્ઞાન એને નવ મુકુ એ મહારો પ્રાણ; એ માહરી રોજી શહી, હાથ આવ્યો હવે મુકું નહીં. ૧૮ તારે બાળક બોલ્યો વચન, કેટલું એથી મલશે ધન; એટલું ધન મુજ પાસેથી લીયો, પણ એ નાગને મુકી દીયો. કહે વાદી તું આસે શરવથી, પણ એ નાગને મુકવાનો નથી; એમ કહી ચાલ્યો શરવથી ફરી બાળક બોલ્યો તે કથી.૨૦ કંકણ આપુ તુજને તેહ, લઈ વાદીને દેખાડયું તેહ, સાત પાછાઈનુંછે મુલ. નહીંતર બીજુ છે સમતુલ. ૨૧ હીરા રતન છે જડાવ; માણેક મોતીની નહીં મણા; અંધારે થાએ ઉજેશ તે કંકણ દીઠું ઘણું તેજ. લલચાયું વાદીનુ મન તારે વાદી બોલ્યો વચન; આ કંકણ જો આપો તમો, તો નાગને મુકી દઈએ અમો. ૨૩

દુહો—તારે બાળકે કંકણ આપીયું, છોડાવ્યો તે નાગ; તે કંકણ લેઈ વાદી ગયો, ભળીયુ તેનું ભાગ્ય. ૧ વાદી ત્યાંથી વળ્યો સહી, તારે નાગને થઈ વાચાય; ધન ધન ભાગ્ય તાહરૂં, તેં કીધી મારી સહાય. ૨ જીવતદાન દીધું સહી, ઉગર્યો મારો પ્રાણ; હું પ્રસન્ન થયો અતીઘણો, માગ માગ વરદાન. ૩ તારે બાળક જઈ ચરણે નમ્યો, તમને ગમતું જેહ; તે કૃપા કરીને આપીએ,

મુજને વહાલું તેહ. ૪ નાગે પછે મન વિચારીનું કહ્યું તે બાળકને વ-
ચન; એક વેણુ આપ્યું હાથમાં, સાંભળરે રાજન. ૫ આ વેણુ
જ્યારે વાગશે, મોહ પામશે નરને નાર; પશુ પંખીને માનવી, સહુ
મોહાશે સંસાર. ૬ વળી ઘાત ઉપઘાત થાએ નહીં, મુઠ નજર
કે વાત; વ્યાધી રોગ વ્યાપે નહીં, નહીં થાય કાંઈ ઉચાટ. ૭
વળી દરીઆમાં બુડે નહીં, અગની ન બાળે દેહ; વિખ વીપ-
રીત ચડે નહીં, જશ મોંઢે સહુ કેહ. ૮ ગુણ બુદ્ધીને ચાતુરી,
હોશે અપરમપાર; તમે સુર્ય સમરથ થશો, કોઈથી નવ પામે
હાર. ૯ વળી કષ્ટ પડે સંભારજો, ધરજો મારૂં ધ્યાન; હું આવી
સાહે કરીશ, એમ કહી થયો અંતર ધ્યાન. ૧૦ તે નાગ
તારે અલોપ થયો, તે બાળકે વિચારી પેર; પેલી વેણાં કરમાં
લેઈ કરી, આવ્યો પોતાને ઘેર, ૧૧ માતાને વાત માંડી કહી,
કહી તાતને વાત; સાંભળી સરવે પરસન થયા, હરખ પામ્યા
સહુ સાથ. ૧૨ તે વેણા લેઇ ગાન કરે, મધુરે શુર રસાલ;
શબ્દ સહુ ત્રણ ગ્રામશુ. જેથી ઉપજે સહુને વાહાલ. ૧૩ બા
ભણ તે ભણતા રહે, જોગી રહેવા દે ધ્યાન, વાછરૂ ગાયને
ધાવે નહી, જ્યારે કરેછે ગાન. ૧૪ ભગત ભક્તી ચુકે સહી,
ગુણીજન તજેછે ગાન. ૧૫ ડાહયો નર ડાહાપણ તજે, હુંકારી
તજે અભીમાન. ૧૫ વડવાડીયો વડવાડ તજે, જ્યારે કરેછે ગાન;
ચતુર નર ચાતુરી તજે, વીણા શબ્દ સુણી કાન. ૧૬ નારીઓ
જે સાંભળે; તરત તજે અભીમાન; શબ્દ જે કોઈ સાંભળે સ-
રવે ભુલે ભાન. ૧૭

ચોપાઇ—એ વાતતો અહીયાંથી રહી; પણ તે રાજાની
શી ગત થઇ; નારી ગઈ નીશચે જાણ, રાજાએ તજવા ધારયા
પ્રાણ. ૧ એમ કરતાં વરસ વિત્યાં સાત, રાજા કહે પ્રધાનને વા
ત; વરસ સાત થયાં શરવથી, હજી નારીની કાંઇ ભાળજ ન
થી. ૨ મારે મારે તજવો પ્રાણ તારે કહી પ્રધાને વાણ; કાલે

રાણી તમારી આવશે. દુઃખ જશેને સુખજ થશે. ૩ માટે ધીરજ રાખો મનમોઝાર; કરતા હરતા છે કીરતાર, એ। પ્રીછવી રાખ્યો રાય, એમ કરતા ઘણા દીન વીતાય. ૪ રાતે રાય સુતો જાહરે, સુભ સ્વપ્ન થયું તાહરે; જાણે પાસે બેઠીછે નાર, પુત્ર ખોળામાં છે નીરધાર. ૫ તે નારી એવું બોલી વચન સાંભળો મહારા સ્વામીન; મુને માઠી મત ઉપની જાહરે, હું દુઃખ પામી તાહરે. ૬ હવે તમે મલ્યા સ્વામીન, એમ કહી દીધું આલીંઘન; કંઠે ભરાવ્યા બેઉ હાથ, પરસ કર્યો સ્વામીની સાથ. ૭ ત્યારે રાજાએ બોલજ કહ્યા, તારા વિના બહુ દુખીયા થયા; એમ કહી દીએ આલીંઘન, એટલે ઉઘડી ગયાં લોચન. ૮ પ્રાતસકાળ થયો જાહરે, નીત કરમ કીધું તાહરે; કપડાં સુંદર પેહેર્યાં સાર, આવી બેઠો સભા મોઝાર. ૯ એટલે આવ્યો પુર પ્રધાન, રાજાએ દીધું બહુ માન; પે'લું સ્વપ્ન દીઠું તેહ, પ્રધાન આગળ સરવે કહ્યું તેહ. ૧૦ તારે પ્રધાન કહે સાંભળરે રાય, હવે થોડા દીવસમાં ચીંતા જાય; રાજા કહે ફરકે જમણું લોચન; એવું સાંભળી થયો પરસન. ૧૧ હવે એ વાત અહીંથી રહી, પેલો વાદી કંકણ લાવ્યો તહીં; ફરતો ફરતો આવ્યો વિદેશ, તે નગરમાં કીધો પ્રવેશ. ૧૨ તે બાજીગરે વીચાર્યું મન, એને વેચી લેઊં ધન; તે કંકણનું મુલ કોણજ કહે, રાજા વિના તે કોણજ લે. ૧૩ આ તો મોટા છે રાજન એ કંકણ લેઈ આપશે ધન; તે વાદી સભામાં ગયો, કરજોડીને બોલજ કહયો. ૧૪ તારે રાજા બોલ્યો તેની સાથ કહે ભાઇ તારી શી છે વાત; તારે તે કંકણ કહાડયું બહાર, આપ્યું રાજાના કરમોઝાર. ૧૫ આ કંકણ વેચવું છે માહરે, જો મુલ આપી લેવું હોય તાહરે; રાજાએ કંકણ લીધું હાથ, ઘણું હરખ્યો તે મનડા સાથ. ૧૬ આ કંકણ તે માહરું એહ, રાણી કર સાહાવ્યું તેહ; હવે તું કહે ભાઇ સાચી વાત, કંકણ ક્યાંથી આવ્યું

હાથ. ૧૭ કોઇએ આપ્યું વારે પડ્યું, એ કંકણ તમને ક્યાંથી જડ્યું; ત્યારે તેણે કહી સહુ વાત, અથ ઈતી માંડી કહી ખ્યાત. ૧૮ હું દુર પંથ ગયોતો જાણ, એક બાળક રમતોતો અજાણ; મહા મનોહર તેનું રૂપ, જાણે કોઇ પ્રથ્વીનો ભુપ. ૧૯ મારા કુળનો ઉધમ જેહ, મેં કરવા માંડયો તો તેહ; મહુઅર વગાડયું જ્યાહરે, એક મણીધર નાગ નીકળ્યો તાહરે. ૨૦ હું તેને લઇ વળ્યો જેટલે, તે બાળ બોલ્યો તેટલે; તેણે કહ્યું આ કંકણ લ્યો, નાગ પકડયો તે મુકી દો. ૨૧ મેં કંકણ લીધું હાથમાં, સરપ મુક્યો તેના સાથમાં; તે બાળક ત્યાં મુકાવીને ગયો, હું પણ મારે પંથે થયો. ૨૨ હું દેશ દેશાવર ફર્યો સહી, પણ કોઇએ કંકણ લીધું નહીં; ભારે મુલતે કેમ અપાય, એ કંકણ તે કેમ લેવાય. ૨૩ તમારૂં સાંભળ્યુ મોટું નામ, જાણ્યું અહીં થાશે કામ; એવું જાણીને આવ્યો અહીં, ખપ હોયતો રાખો સહી.

દુહો—વાત જ્યારે એવી કહી, ચમક્યો તે રાજન; પ્રધાન હવે તમે સાંભળો, એમ કહે રાજા વચન. ૧ ત્યાં સોધ કહાડો સહી, મળશે પુત્રનેં નાર; દ્રવ્ય અનંગળ લ્યો તમો, જાઓ તે વન મોઝાર. ૨ કહેતામાં શેવક સજ થયા, ને સજ થયો પ્રધાન; ને વાદીને સાથે લીધો સહી, ચાલ્યો કરી પ્રણામ. ૩ વાટધાટ વાસો રહે, દડ મજલ તે ચાલ્યો જાય; પછે ઘણા એક દીવસે આવીઓ, મહા વન મોઝાર. ૪ ત્યારે વાદી કહે પ્રધાનને, અહીં બાળક રમતો તેહ; નાગ મુકાવ્યો માહરો, કંકણ આપ્યું જેહ. ૫ પ્રધાન એવું સાંભળી, શેન ઉતાર્યું ત્યાંય; પછી પોતે ઘોડે ચડયો સહી, જુવે કુંવરની ભાળ. ૬ બધુ વન શોધી વળ્યો, નવ દીઠો તે બાળ; રાત પડી ગઈ જાહરે, પાછો આવ્યો દેશ મોઝાર. ૭

ચોપાઈ—બીજે દીવસ થયો જાહરે, તે બાળક વનમાં આવ્યો તાહરે; વીણા કરમાં ઝાલી જાણ, મધુરે શબ્દે કરેછે

ગાન. ૧ હાથી ઘોડા ફિટજ સહી, સઉ એકી દસ્ટે જુવે છે તહીં; હળ દળ પાળા પ્રધાન, સરવે માંડી રહ્યા છે કાન. ૨

દોહરો—બાજીગર કહે પ્રધાન સુણો, મુને કંકણ આપ્યું તન; તે બાળક તો એજ છે, એ સાચુ માંનો વચન. ૧ પ્રધાન બોલ્યો તે સમે, સાંભળરે તું બાળ; તારૂં ગાન પુરૂ શુણું સહી, તુંને દેખી ઉપજે છે વહાલ. ૨ કુંવર પાસે આવ્યો સહી, તે બોલ્યો મુખ વાણુ; કોણ દેશનો તું અધીપતી, કેમ આવ્યો તું રાન. ૩ કટક કોણ ઉપર ચડયું, તે કહોને સાચી વાણ; વગર મોતે માર્યા જશો, જો કરશો કોઇની ઘાત. ૪ ત્યારે પ્રધાન કહે કુંવર સુંણો, તમે કોના સંતાન; તમો રાજકુંવર છો સહી. સુંદર ચતુર સુજાણ. ૫ કોસંબા નગર સોહામણું, ત્યાંનો ચીત્રસેન રાજંન; પ્રભાવતી રાણી તેહની, તે તણા અમો પ્રધાન. ૬ વીજોગ પડયો તે રાણી તણો, તેને વરસ થયાં છે સાત; ગરભ સહીત તે રાણી ગઇ, તેની જાણતા કાંઈ વાત. ૭ એ કંકણ દીઠું રાણી તણું, ત્યારે રાજાએ કહી વાત; આ વાદીને લઇ કરી, તે વનમાં જાઓ પરભાત. ૮ કંકણ દીઠું રાણી તણું આવ્યું વાદીને હાથ; તેણે ભાળ કહી સહી, વેચવા આવ્યો તે માટ. ૯ તે સારૂ અમે આવીયા, રાજા ઘરે બહુ દુખ; તે રાણી રાય મળે સહી, તો તતક્ષણ થાએ સુખ. ૧૦ ત્યારે તે બાળક બોલીયો. સાંભળો કહું તે સાર; મારી માતા અહીંયાં રહે, રૂષીના આશ્રમ મોઝાર. ૧૧ તાત અમારે છે નહીં, પાળે રૂષી કરે જતન; હુંને મારી માવડી, રહીએ છીએ આ વંન. ૧૨ પરધાન હું પુછુ મારી માતને, તારે જાણીતો થાઉં; જાણ્યા વીના બોલું કશું તે સહુ ચીતમાં ચાહુ. ૧૩ બાકી કંકણ મેં આપ્યું સહી, આ વાદી કેરે હાથ; નાગ મુકાવ્યો મેં સહી, એતો સાચી વાત. ૧૪ એવું કહીને દોડીયો, દોડી આવ્યો માની પાસ; હરખ

ધરતો અતી ઘણો, અતી ધરતો મન ઉલ્લાસ. ૧૫ મા પાસે બેઠો સહી, બોલ્યો કરી પ્રણામ; સાચુ ના કહો મારી માવડી, તો તમને મારા સમ. ૧૬

ચોપાઈ—મારા તાતજીનું શુ છે નામ, ને આપણું ક્યાં હોશે ગામ; આ વનમાં એકલા કેમ અહીં, આ જંગલકે વસ્તી કેમ નહીં, એવી વાત કહી જાહરે, તેની માતા બોલી તાહરે; સાચુ કહુરે મારા તન, આજ તાહારૂ મનાવુ મન. ૨ કુશુંભા નગરી પરમ વીશાલ, ત્યાંહાંનો ચીત્રશેન ભુપાળ; તે રાયની હું રાણી સહી, વીજોગ પડયોને આવ્યા અહીં. ૩ વિત્યા વાત કરતાં વરશ સાત, હજી ખબર નથી શાક્ષાત; આવ્યો છે આપણો પરધાંન, લાવ લશ્કર લેઈને જાણ. ૪ કુંવરે એમ કહ્યું જેટલે, બારણે શેવક આવ્યો તેટલે; એટલે આવ્યો પોતે પરધાંન, રાણીએ દીધાં બહુ માન. ૫ પોતીકો પરધાંન દીઠો જાહરે નેતરે નીર વહ્યાં તાહરે; તે રૂશીને વાત સરવ કહી; ખરી નીશાં રૂશીની થઈ. ૬ પ્રધાન કહે વીદાય કીજીએ, જઈ વધામણી અમારી લીજીએ; તારે રૂશી કહે તતપર થાઓ, સુખે તમારે દેશ જાઓ. ૭ પ્રધાન કરગરી લાગ્યો પાય, તમે અમારી કીધી શાય. રાણી ચરણે લાગી તહી, આગ્ના આપી પીતાજીએ તહી; ૮ આશીશ વચન લેઇ મુસ્તક ધરયુ, તતક્ષણ સેના સજ કરયું; નોબત નગારા ગડગડે; ઢોલ દલમાં ત્યાં દદદડે. ૯ હાથી પર મેલ્યા ડમર સાર, તે પર બેઠો રાજકુમાર; પ્રધાન તેને ચમર કરે. નીશાન તે પર ફરફરે, ૧૦ રૂશી થોડે વળાવા ગયા, પછી વીદ્યારથી શહીત પાછા વળ્યા; પચરંગી શેન્યા શહુજાણ, જાણે સ્વરગ તણો રાજન. ૧૧ સમીપે નગરી આવી શહી, વધામણી આગળથી ગઈ; સાંભળજે ચીત્રસેન રાજંન, આવી રાણીને આવ્યો તંન. ૧૨ શાંભળતામાં તતપર થયો સેના લેઈ રાજા સામો ગયો; મોતીએ થાળ ભરાવી સહી, તે રાજાએ

કરમા એહી. ૧૩ પુતરે પીતા દીઠો જાહરે, તાંહાંથી હેઠો ઉતરયો તાહરે; મોતીડે વધાવ્યો તંન, ખોળે બેશાડી પુછે રાજંન. માથે હાથ ફેરવી કહે મારા તંન; હરખ ધરી કીધું ચુંબન, પરેમના આંશુ નેતરેથી વહી, એક એકની વીગત કહી, ૧૫ પાછી શેના તતખર થઈ, નગર મધે તેતો પરવરી; બેઘા ડંમર ઉપર બેઠો રાજન. ખોળામાં લીધો છે તંન. ૧૬ પ્રધાન પોતે ચમરજ કરે, એ રીતે નગરીમાં ફરે, નગર લોક જોવાને જાય, અતી આનંદ હરખ ન માય. ૧૭ રાજાનો નીરખ્યો છે તંન, હરખે સઊ લોકોના મંન; ભાટ બંધીજન કરે પોકાર, તે જશ ઘણો કરેછે વીશતાર. ૧૮ પોહોચ્યા રાજભુવન જાહરે, સભા મધે બેઠા તાહરે; રાજાદે જાચકને દાન, માગણને ત્યાં દેછે માન. ૧૯ વધામણી વેહેંચીછે ઘણી, શી શોભા કહુ તે તણી; વાદીને કીધો વદાય, ઘણું દ્રવ્ય દીધું તેને રાય. ૨૦ પાછી જાતી કરમ કુંવરના કરી, ઘણો હરખ તે મનમા ધરી; પુત્ર શોભે તે સુંદર કાય, જાણે આભ માંહે ચંદ્રમાય. ૨૧ વેણા લેઈ ત્યાં કરેછે ગાન; સહુ માંડી રહેછે ત્યા કાન.

છપો—ચઊદ વીદ્યા ગુણ જાણ, પ્રમાણુતો પંચે કોધો; બુદ્ધ બત્રીસે લક્ષણ પરેમરસ પ્રીતે પીધો. અતીશે કોમળ અંગ રંગ રૂડો શોભે અંગે; બેહેકે બેહેક બરાસ સુગંધી રૂડે સંગે. કળા બોહોતેરી બુધ ચતુર ચીત માંહે ઘણું, શામળભટ સાચુ કહે વરણવ કરશું તે તણું. શાસ્ત્ર પુરાણને વેદ કુંવર ભણે તે પાઠે; કવિત ભાષાને રંગ શુ કહુ તેનો ઠાઠે. દુહા ગાથાના ભેદ સંસ્કૃત પ્રાકૃત પરમાણે. કામણ મોહનને વશી કરણ, વિદયા બ્યાકરણની જાણે, સુરવીર ધીર ઘણું કામ સમાને રૂપછે, બરાસ નામછે તે તણું, તે પ્રથવી પતી ભુપ છે. ૨

દોહરા—તેમાં પ્રાક્રમ અતી ઘણુ, કહેતા ન આવે છેહ.

વજીર તણો એક કુવરછે તે સાથે બહુ સ્નેહ. ૧ ઘડી અળગા રેહેતા નથી, હરનીશ બનો જોડ; ગુણ લક્ષણ સમોવડ સહી, નહી ખાંપણકે ખોડ. ૨ ગુણસ્વભાવના છે એ ઘણા તે રાખે રૂડી રીત; બરાશ કુંવર જે રાયનો, તે સાથે બહુ પ્રીત, ૩ જમવુ ખાવુ એકઠું સુવુ એકઠા સેજ. સુખ દુખ એક એકને કહે, માંહોમાંહે બહુ હેત. ૪ મ્રગીઆ રમવા સંચરે, બેજણ થઈ અસવાર; તે વન મધે જઈ ફરે; લાવે રોજ શીકાર. ૫ તે વનમા કામ કેવું કરે, વેણા વગાડે હાથ, પછે શીકાર કરે શહી, પકડી લાવે પોતીકે સાથ. ૬ હાથી જુથ મળે ઘણા, સાંભળવાને ગાન; હાલ્યા ચાલ્યાની ગતી નહી, પડી રહે શઉ ધ્યાન. ૭ પછે પકડી લાવે નગરમાં, લાવે પલક મોજાર. અહરનીશ આણંદ કરે, લાવે રાજંન શીકાર. ૮ દેશે દેશ ચાલતી વારતા જે રૂડો બરાસ રાજંન, એના પ્રાક્રમને પોચે નહીં, એવો ચીત્રશેનનો તંન. ૯ માગા આવે દેશ દેશના, જેને ઘેર કંન્યા સાર; કુંવરનું મન નથી માનતુ, સહુને કહે નાકાર. ૧૦ ત્યારે તાત કહેછે તનને, પુત્ર પરણો કન્યા રૂડી પેર; તમ લાયક હોએ સહી ત્યાં કરીએ રૂડી પેર. ત્યારે પુત્ર કહે પીતા શુણો મારે પરણ્યા કેરી નાય; અમારૂ મન માને સહી, તારે કહીશુ હાય. ૧૨ ત્યારે રાજા બોલ્યા નહી, ત્યારે મીત્ર પ્રીછવે વાત; ભાઇ તમે પરણ્યાની ના કહો, એ રૂડો નહીં વેહેવાર. ૧૩ પરણો કન્યા રાયની, સુંદર ચતુર સુજાણ, તવ કુંવર મન એમ કહે, તે મીત્ર પ્રત્યે સાચી વાણ. ૧૪

ચોપાઇ—રાજકુંવર કહે સાંભળ મીત્ર, તારી બુધી પરમ પવીત્ર; ગુણ લક્ષણ ગુણનો ભંડાર, એવી જાહરે મળશે નાર. ૧ ત્યારે અમે પરણીશુ સહી, ત્યાર વગર પરણવાનો નહીં; વારૂં કહીને મીત્રજ રહયો, ફરી બોલ રાજાએ નવ કહયો. ૨ તે કુંવ-

રને વરશ થયાં છે બાર, પછી શો થયો પરકાર; નીત શીકારે જાએ સહી, શું કામ કરે છે ત્યાંતે રહી. ૩ ગોફણનો લાગ્યો છે ખ્યાલ, તેથી આણે પશુનો કાળ; એમ થોડા દીવસ ગયા જાહરે, પછી શુ કઉતક થયું તાહરે. ૪ વજીર કુંવર રાજાનો તંન; બે જણ અ્રગીયાને આવ્યા વન; ગોફણનો તો મારેમાર, કરે પશુ તણો સંહાર. ૫ તે કુંવર પંથે ગયો છે બહુ, હવે તે કથા વીસ્તારી કહુ; એક તપસવી બેઠો તપ કરે, ધ્યાન ઇશવર કેરૂ ધરે. ૬ તેને ગોફણ વાગી તે દીશ, નીકલ્યુ રૂધીરને ફાટયુ શીશ. અરે અરે કરે પોકાર, એ કોણ દુષ્ટ મનેમારનાર. ૭ વજીર રાય ત્યાં બેજણ ગયા, જઈ પેલાને ઓશીઆળા થયા. આશના વાશના કીધી ઘણી, સ્તુતી કીધી તે ફકીરજ તણી. ૮ ઘણો મારાથી થયો અન્યાય, તે તમારે કરવો ખેમાય. બેહુ જણ મળી સ્તવનજ કરે, કરગરેને ખોળા પાથરે. ૯ ત્યારે તપસ્વી બોલ્યા વચન, રાજકુંવર તું કેનો તન; કોસંબા નગરીનો ધણી, જેની કીરતીછે જગમાં ઘણી. ૧૦ જે ચીત્રસેન કહીએ રાય, તે અમારો પીતાજી થાય; તેનો કુંવર બરાસ મુજ નામ, રમુ વનમાં અ્રગીયાને કામ. એવી તપશીએ સાંભળીપેર, ઉતરી ગયું તપશીનું ઝેર; અરે રાજકુંવર તમને નવઘટે, એમાં તમારૂં માનજ ઘટે. ૧૨ જો બીજો હોત તો દેતજ શ્રાપ, રાજકુંવર જાણી કરૂછુ માફ; જો તું રાખે એવડુ જોર, આ વનમાં આવી કરેછે શોર. ૧૩ શેજમાં ઘાત તેં કીધી મુને, હું બળીઓ ક્યારે જાણુ તુને; કસ્તુર સમાવતી કહેવાય, દરીઆપાર નગરી તે ત્યાંહ. ૧૪ ત્યાનો કપુરશેન્ય રાજન, કપુરાવતી નગરીનુ નામ; તેને કસ્તુરાવતીછે તન, રૂપે જાણે છેરે રતન. ૧૫ સવાશેર કસ્તુરી ચોળીને નહાય, ઘણા રાજા તેને મન ચાહ; કોઇને લાવે નહી મન, અહંકાર ઘણોછે તેહને મન. ૧૬ એવી નહીં કોઈ સુંદર નાર, ત્રિલોકમાં પ્રથવી સંસાર; દેવતાને મન વરવાનું થાય, પણ તે નારી કોઈ-

ને તવ ચહાય. ૧૭ જોગી જંગમના મન ચળે, એવી નારી ભાગેજ મળે; તેનું મુખ જોઈ ચંદજ લજવાય, તે છુપે આભજ મોઝાર. ૧૮ એની વેણી વાશુકી નાગ, સમાન તેણે કીધો પાતાળે ઠામ; તેને કરજોઈ કમળ લજવાય, તે નારી રહે જળ મોઝાર; ૧૯ તેની ભ્રગુટી કમાન આકાર નેત્ર રસ ભરયાં રહેછે આકાર; તેની નાશીકા શુક ચાચ, પ્રમાણુ કપોળ જાણે ઉગ્યોછે ભાણુ. દંત જાણે દાડેમની કળી, વાણી મીઠી મધુરી ગળી; હસતાં ખાડા પડેછે ગાલ, મુખડુ જાણે લાલગુલાલ. ૨૧ પેટ પોયણુ વત પાતળુ, નાભી શેન સોભે અતી ઘણું; કટી સહીના સરખી રંભ, જંગા જાણે કેળના સ્થંભ. ૨૨ ચાલ ચાલે ગજગતી, એવી નારી પ્રથવીમાં નથી. તે કંન્યા પરણે જાહરે, તુને જોરાવર જાણું તાહરે. ૨૩ સાંભળી એવી તપશીની વાણુ, વીભળ થયો રાજાનો પ્રાણ; મોહબાણુવાગ્યાં તે ઠામ. બોલ્યો મીત્રજ સાથે વાણ. તમે તમારે ભોવન પરવરો, આશા રખે અમારી કરો; કન્યા પરણીશું જાહરે, પાછા મંદીર આવુ તાહરે. ૨૫ જો નારી એ મળશે નહી, તોતો પ્રાણુ તજીશું સહી; આ અવતાર ધરયો નારી માટ, એવો મનમાં ઘડીઓ ઘાટ. ૨૬

દોહરો—ત્યારે વજીર સુત વાણી વદે, સાંભળ રાજ કુમાર; તમને મુકી પાછો વળુ, તો ધીક ધીક મુજ અવતાર. ૧ આ તન મન ધન તાહરૂં, હું તાહરો ચાકર જાણુ; તમો પાછા મુને મોકલો સહી, તે ઘટે નહીં રાજન ૨

છપ્પો—મીત્રનો એ વેહેવાર, તે દુખીએ દુખીઓ; મીત્રનો એ વેહેવાર, તે સુખીએ સુખીઓ; મીત્રનો એ વેહેવાર, સાથે લેઇને ફરવું; મીત્રનો એ વેહેવાર, માન મુકીને મળવું; મીત્ર તેતો જાણીએ, જે વાટ ઘાટ સાથે સહી; સુખ દુખમાં આવી મળે; અધલક્ષણ અળગો નહીં. ૧ તે મીત્રને ધીકાર, મન વીના જે મળવું; તે મીત્રને ધીકાર, સુનમાં સંઘ કરવું. તે મીત્રને ધીકાર,

દુખ જોઇ પાછો ફરશે; તે મીત્રને ધીકાર, પાપ થકી જે વીર રળશે; તેવા મીત્ર સા કામના, જે ઊી ઉપર સ્નેહ નવ ધરે; સામળભટ સાચુ કહે, મન મળ્યું ત્યાં અંતર કરે.

ચોપાઇ—મારે માનો મ્હારી વાત, હું આવું તમારી સાથ; બેહુજણ ઘોડે થયા અસ્વાર, ચાલ્યા અરણ વનમોઝાર. ૧ અંઘોર વનમાં ચાલ્યા જાય, કોઇને નવ ગણે લેખા માંહે; પાહાડ પરવત ડુંગરપર ચડે, ટીંબા ટેકરા પરોઢા પરહરે. ૨ નદી નાળાં આવે ગુફાય, રસ્તો મારગ નવ જણાય; ખેર ખાખર ખરસાદડા તાડ, શીશોળીઆને ભેટે હાડ. ૩ બાવળીઆ બોરડીને કંથાર, ઝાડ ઝંખ ના સુજે પાર; તે મધ્યે હમણાં દેતાં ફાળ, બોલે જાંબુક શશલા શીઆળ. ૪ વાઘ વરૂ ચીતરા છે ઘણા, શુઅર રોઝ સીંહની નહિ મણા; હવે વન દીઠું છે વોમ, મહા ભયંકર વસ્તી ભોમ. ૫ ત્યાં બીવા લાગ્યાં બંનો સહી, જવા આવવાનો મારગ નહી; એમ વીશદીન ને વીશજ રાત, બંને અસ્વ ખેડયા છે જાત. ૬ એકવીશમોં દીન થયો જ્યાહરે, એક સુંદર વન દીઠું ત્યાહરે; ત્યાં કાયર નરના જાએ પ્રાણ, પણ સુરવીર ધીર રાજન. ૭ પણ સુંદર વન દીઠું જાહરે, મન રળીયાત થયા તાહરે; ફુળી રહીતાં ભાર અઢાર, સુંદર સુગંધી છે અપાર ૮ વારૂ વન ચારોળી તણા, અખોડ પસ્તાં બદામનાં છે ઘણાં; દ્રાક્ષ માંડવાછે ઠામો ઠામ, આંબા જાંબુ એલચીનાં વન. ૯ ડમરો મરવો કેતકીનાં વળી, ગુલાબ માલતી મુચકું દે ભળી; દાડમડી જમરૂખ ને શીતાફળી, લવંગ લતા રહી છે ઢળી. ૧૦ કેળ સ્થંભ છે ગોળા ઓળ, નાનાં વિધ પંખી કરે છે શોરઃ જાંવંની જાયફળના વક્ષ, નાળીએરી નારંગી વક્ષ. ૧૧ સુક સારીકા હંસ ચકોર, કોયલ મેના મધુર મોર; ભ્રમર ગુંજાર કરે અતી ઘણા, શોર કલોલ થાયછે ઘણા. ૧૨ તે ઠામે એ આવ્યા વીર, ત્યારે મનમાં આવી ધીર; દેખી વન બહુહરખે ભર્યાં, ત્યારે અસ્વથી હેઠા ઉતર્યાં.

દોહરો—વીશ દીન એમ વહીગયા, અશ્વ ઉપર અસ્વાર; એકવીશમે દહાડે હેઠા ઉતર્યા, અશ્વ બાંધ્યા તે ઠાર. ૧ મુખ પખાલણુ કીધું સહી, તેમાં કીધું અસનાન; નીત્ય કરમ પોતે કર્યું, આપ્યા શુરજને દાન. ૨ આશના વાસના અસ્વતી કરી, નીરયાં ચાર ને નીર; નાનાં વીધ ફળ ભક્ષણ કરયાં, સુખ થયાં શરીર. ૩ મધુરો વાયુ આવે સહી, લાવે સુગંધી અપાર; સુતાં સુખ પામ્યા ઘણું, નીંદ્રા આવી તે ઠાર ૪.

ચોપાઇ—બીજા દીનનો થયો પ્રભાત, સુતા ઉઠયા બેઉ-જણ સાથ; વળી ત્યાં કીધું અસનાન, શુરજને દીધા અરધ દાન. ૧ ફલ તણા કીધા આહાર, પાછા અસવે થયા અસવાર. ખેડ ખેડ કરતા તે જાય, કોઇને ગણે નહીં લેખામાંહ. ૨ એક દેશ મુકીને બીજે લે, નીશા પડે ત્યાં વાસો રહે; રાજકુંવર તવ બોલ્યો વાણ, શાંભળ ગુણસ્વભાવ ગુણવાન. ૩ ઘર મુકે થયા ત્રણ માસ, તોએ આપણીનવ પોતી આશ; હવે દેહ તજુ સરવથી, મુને કસ્તુરાવતી મળવાની નથી. ત્યારે બોલ્યા ગુણસ્વભાવ વજીર, રાખો આપ રૂદેમાં ધીર; આપણે કસ્તુરાવતીને મળશુ સહી, એ વાતમાં સંદેહ નહી. ૫

દોહરો—એમ વિચાર કરતાં સંચરે, આવી વસમી વાટ; ભયભીત વીવલ ઘણું, મનમાં ઘણો ઉચાટ. ૧ એમ કરતાં ત્રણ દીવસ થયાં, પછી શું થયું ત્યાં કામ; એક વડ મોટો ગંભીર સહી, ઉતરયા બંને તે ઠામ. ૨ વડ થડે ઘોડા બાંધીઆ, સુતા બંને વીર, ધીરતા ધીર રાખી ઘણું, ને સુખીઆ થયા શરીર. ૩ નિંદરા કીધી બેઉ જેણે, વેગે ગઈ છે મધરાત; તાર પછી તહાં નીપન્યુ, તે કહું વિસ્તારીને વાત. ૪ સ્વપ્નુ આવ્યું એક રાયને, દીઠા પુરૂષ ત્યાં ત્રણ; છત્રીસે આયુધ અંગે ધરયાં, તે બોલ્યા મુખ વચન. ૫ ચિંતા નહીકર તું અધીપતી, થાશે તાહારૂ કામ; તુને કસ્તુરાવતી મળશે સહી, જશો કપુર સભાવતી ગામ. ૬

આજથી ચોથે દહાડે આવશે, એક આશાવરી ગામ; ત્યાં તમો સુખ પામશો, એવું આશાવરી તેનું નામ. ૭ ત્યાં તમે સુખ પામશો, જડશે કપુરસભાવતી ગામની ભાળ; પછી કસ્તુરાવતી મળશે સહી, એમ કહ્યું તતકાળ. ૮ એમ કહી પુરૂષ ગયા, ઝબકીને જાગ્યો રાજન; પેલા પુરૂષ દીઠા નહી, પડયો વીચાર બહુ મન. ૯ એટલે વજીર સુત જાગીઓ, બોલ્યો મુખે વચન; તમે શું વિચારોછો રાયજી, કેમ પરવશ પડયા પ્રાણ ૧૦ રાજ કુંવર એમ બોલીઓ, મુને આવ્યું એક સ્વપન તે પ્રગટ વાત કહી ગયા, આવ્યાતા પુરૂષ ત્રણ. ૧૧ કહ્યું આજથી ચોથે દહાડલે, આવશે આશાવરી એક ગામ, તહાં તો કામ તમારૂ થશે, પહોંચશે મનની હામ. ૧૨ એમ કહીને તે ગયા, એટલે ઉઘડયાં મારાં લોચન; એવી વાત કોઇ કહી ગયું, પછી સાચુ જુઠુ કે સ્વપન. ૧૩ તારે વજીર સુત વાણી વદે, થયા અસ્વે અસ્વાર; જે હશે તે જણાશે સહી, કરતા હરતા કીરતાર. ૧૪ એમ કહી અસ્વ ખેડીયા ચાલ્યા ચતુરસુજાણ; ત્રણ વશ એમ વહી ગયા, ત્યાં ખુશી થયા રાજાન. ૧૫

ચોપાઇ—ચોથો દીવશ થયો જાહરે, આશાવરી ગામ આવ્યુ તાહરે, નગર સુંદર દીઠુંતહીં દરવાજે દરવાન બેઠો સહી. જઈ ઉભા બંને તે ઠામ, ત્યારે દરવાને કીધો પ્રણામ; ત્યારે બોલ્યો રાજાનો તન, કહો દરવાન સાચુ વચન. ૨ આ નગરીનું શું છે નામ, કોણ છે અહીંનો રાજન, પણ દરવાન બોલે નહીં મુખ, તારે રાજાને લાગ્યુ દુખ. ૩ ફરી વળી બોલ્યો વજીર, કાંરે બોલતો નથી અધીર; આ નગરીનું નામ શું કહેવાય, આ ગામનો કોણછે રાજાય. ૪ કોય તે બોલે નહીં વાણ, વિસ્મે પામ્યા વજીર ને રાજન; પછી ચાલ્યા નગરમાં જાય. તાં તેવો દીઠો પ્રકાર. ૫ સુંદર મેહેલ ચિત્રામણ સાર, જડીત કનકે હીરા

હાર, છજા ગોખલા વાડી સહી. મેડી મેહેલની સોભા કહી. ૬ વાડી કુપ તળાવને વાવ, તે નગર જાતાં ઉપજે ભાવ; નગરની શોભા અપરંમપાર, ભર્યો દ્રવ્ય લક્ષમી અપાર. પણ વસતી ઝાઝી નહીં તહી, કોઇ કોઈ માણસ ફરેછે સહી; ખાંચા ખુંચીને ગલીને પોળ, જોઇ મોહોલની ઓળા ઓળ. ૮ કોઇ ઠેકાણે પુરૂષ પળે, કોઇ ઠેકાણે નારી પાણી ભરે. તેને જઇ પુછે રાજન, કો મુખે નવ બોલે વચન. તે જોઇ અચરત મનમાં થાય, એને કારણ શું કહેવાય; કોઇ મોઢે બોલે નહી વાણ, ઘણો અંદેશો કરે રાજન ૧૦ બે જણ મનમાં કરે વીચાર, પછી આવ્યા જ્યાં રાજદ્વાર; બજાર મધે આવ્યા સહી, તેની સોભાનો પારજ નહી. ૧૧ નેસતી ઘાંચી તંબોળી સાર, કંદોઈ કણસારાની હાર, ઘાંચી મોચી પશ તાગીઆ જેહ, સરાણી લુહાર કાપડી તેહ. ૧ ડોશીની દુકાન હારો હાર, નાણવટીપણ અપરમપાર; માળી ઘોબી ઘાંચી સાર, રંધાડીઆ રંગારા અપાર. ૧૩ વેપારીઓ વેપારજ કરે, ગામમાં લોક ફરેને હરે; પણ મુખે કોઇ બોલે ન વાત, સમશાએ સઉ બતાવે હાથ. રાજા સરવેને પુછે જઇ, કોઈ મોઢેથી બોલે નહી; જેને લેવાની ઈછા થાય, તે તેની દુકાને જાય. ૧૫ જેને વસ્તુ જોઇતી હોય જેહ, સમશાએ બતાવે તેહ; હાથમાં નાણું આપે જાહરે, તે વસ્તુ તેને આપે તાહરે. ૧૬ પણ મોઢેથી બોલવાની ના, ત્યારે રાજા જોઈ વીશમે થાય; તે બજારની ચરચા જોઈ, ત્યા પણ બોલતુ દીઠુ નહીં ૧૭ ત્યાંથી આઘા ચાલ્યા જાય, રાજ મેહેલ આવ્યો ત્યાંય; ત્યાં છડીદાર ઉભા છે દ્વાર, જેષ્ટીકા ઝાલી કર મોઝાર. ૧૮ રાજ કુંવરે જવા માંડયું જેટલે, જેષ્ટીકા આડી ધરી તેટલે; બે જણ ઉભા ચોકીદાર, તેણે અટકાવ્યો રાજકુમાર. ૧૯ જેષ્ટીકા તેણે આડી કરી, પણ મુખે નવ બોલ્યો તે ફરી; એમાંથી એક ઉભો રહયો, બીજો મેહેલની માહે ગયો. ૨૦

પાછો તે આવ્યો જાહરે, પેલી લાકડી પાછી લીધી તાહરે; બે જણ સભામાં ગયા, જઇ કચેરીમાં ઊભા રહયા. ૨૧ ત્યાં બેઠાછે પંડીત પરધાન, તે કચેરી શોભામાન; ગુણકા નરત કરે તે ઠાર, પણ મુખે નવ બોલે લગાર. ૨૨ હાવ ભાવ કરે અતી ઘણા. હાથના ચાળામાં નહીં મણા, મુખે નવ બોલે કરે તે ગાન, સહુ જોયા કરેછે તાન. ૨૩ રાજા બેઠો સિહાસન, અરધાંગે સ્રી રૂપ રતન; પેલા બે જણ દીઠા જાહરે, તે રાજા ધસી ઉઠયો તાહરે. ૨૪ પ્રણામ કરી બેસાડયા પાસ, તેની ઘણી કરી આશવાશ; તમો રાજકુંવર આવ્યાછો અહીં, અમારા ભાગ્યનો પારજ નહી. પછે શેવકને કહયું ફરમાન, એની ચાકરી કરોને આજ; નારી અરધાંગે હુતી જેહ, તેને આગ્ના દીધી તેહ; ૨૬ તમે જાઓ ઘરમાં નાર, રસોઇ સામગ્રી કરો તૈયાર; તે રાજા વજીર બે જોઇ રહયા, પછે બોલ પોતે ત્યાં કહયા. ૨૭ પેલી નારી ઉઠી બેઠી થઇ, પણ મોઢેથી કાંઇ બોલી નહી, અંગે ધરેલા સોળે શણગાર, એ નારી રંભાનો અવતાર. ૨૮

દોહરો—રાજ કુંવર તવ બોલીઓ, સાંભળને રાજન; આ ગામ બધુ નીરખીયું, વિપરીત દીઠુ કારણ. ૧ મુખે કોઈ બોલતુ નથી, પશુ પંખી કે માનવ જન; સભા બધી જોઈ સહી, કોઇ નથી બોલતુ વચન, ૨ એક દીઠા તમોને બોલતા, સાંભળો એ સંદેહ; આ મોહોડે કોઠે બોલતુ નથી, શું કારણછે તેહ; ત્યારે રાજા કહે તમે સાંભળો, પછે મનાવશુ મન; સઘે મનનો ભાગીશુ પછી, તમે પ્રથમ કરો ભોજન. ૪ વાલણ બોલાવ્યો તે સમે, વપન કરાવ્યું રાજન; તેલ મોઘરેલ સુગંધી અતી ઘણી, કરાવ્યુ મરજન. ૫ ઉશણોદક અશનાન કરી, કરવા બેઠા ભોજન; ત્રણું જણ સાથે રહી, પીરશે પેલી

નાર. ૬ તે અણુશારે પુછે સહી, જે જોઈએ તે સાર; મન ગમતુ માગી લીએ, પણ મુખે બોલે નહી નાર. ૭ તે ભોજન કીધાં ભાવતાં, તે દીઠુ તેણે સાથ; મુખવાસ લવીંગને એલચી બીડાં આપ્યાં હાથ. ૮ પછી ગોષ્ટવાત માંડી સહી, બોલે ત્યાં રાજાય; પ્રથમ તમારી કહો શહી, અથ ઇતી વારતાએ. ૯ તમે ક્યાંથી આવ્યા ને ક્યાં જશો, ક્યાં તણા રેહેનાર; નામ ઠામ અમને કોહો તમો, કોણ તણા કુમાર, ૧૦ ત્યારે રાજ કુવર ત્યાં બોલીઓ, સાંભળરે નરેશ; અમો ચીત્રસેન રાજાના તન, કશુંબા નગરી દેશ; આ વજીર સુત કહેવાય શહી, માહારેછે મીત્રાચાર; અમે જણ અસ્વે બેશી કરી, રમાવા ચાલ્યા શિકાર. ૧૨ ગોફણ મારા હાથમાં, મારતો પશુને કરી રીશ; તહાં તપશી એક તપ કરે. જઈ વાગી તે શીશ. ૧૩ રૂધીર ધાર તેતે વહી, કરવા માડ્યું રૂદન; અમો સમીપે જઈ પુછીઉ, કરગરી પુછ્યુ અમો વચન. ૧૪ તે કહે જોર એવડું, કરોતો જાઓ કપુર સભાવતી ગામ; તેની પુત્રી પરણો જઈ, જેનુ કસતુરાવતી છે નામ. ૧૫ વચન તેનું સાંભળી, અમને લાગી હોડ; ત્યાંથી અમો બે ચાલીઆ, ખુંદતા આવ્યા પાહાડ, ૧૬ અમે દુખ ઘણું વેઠ્યુ શહી, આવી સુતા અઘોર વન; નિંદ્રા કીધી બેઉ જણે, ત્યાં થયું અમોને સ્વપન. ૧૭ ત્રણ પુરૂષ કોઈ આવીઆ, શુરવીર તે ઠામ; આજથી ચોથે દહાડલે, આવશો આશાવરી ગામ ૧૮ ત્યાં કામ તમારૂ થશે, જડશે તમને ભાળ; એમ કહી પાછા વળ્યા, એટલે થયો પ્રાતુસ કાળ. ૧૯ તાંથી અમે ચાલ્યા સહી તેને દહાડા થયાછે ચાર; તાંથી અમો આવ્યા સહી, તમ નગરીને દ્વાર. ૨૦ પણ સંદેહ મનનો મટાડીએ, કો બોલતુ નથી કેમ; વેપાર વણજ કરે શહુ, કોઈ મુખે બોલે નહી વચન. ૨૧ હાસે ચાલે લીએ દીએ, કોપ મુખે નવ બોલે વચન; એક તમો મુખ બોલો સહી, એ ભ્રાંત પડેછે મન. ૨૨ ત્યારે તે નર બોલીઓ, કહુ અમાર

વરતાંત; સુખ દુખને હાણુ વરખ, તેભાગુ તમારી ભરાંત. ૨૩

ચોપાઈ—હમે સોરઠ દેશ તણા રહેનાર, હમે જાત તણા સુતાર હમો બે ભાઈની જોડી સહી, એના પ્રાકરમનો પારજ નહી ૧ દેવધર છે મારૂ નામ, બીજા પ્રાણધર અભીધાંન તે મોટો હું નાહનો સહી. મારે દુખનો પારજ નહી. ૨ અમે ગામને સુરસેન રાજન, અમે જાતે હતા નીરધન; હમે બે ભાઇએ વીચારી પેર, દ્રવ્ય કેમ આવે આપણે ઘેર; હમમાં કીસબછે અપરંમપાર, બે ભાઇએ કરયો વીચાર; કાષ્ટ તણો એક હંસજ કરસો, માંહે દોરી સંચારો ભરયો. ૪ તેમાં કળા શી કીધી પ્રકાશ, તે ઉડે હંસ ચઢી આકાશ; રાજ કુમાર તો ઉતરે તહાં, ભંડાર ખજાનો ભરયા છે જહાં. ૫ તાળાં કુલફ બહુ ત્યાં રહે, વળી ચોકીદાર કોઇ ચોકી કરે; પેરેગીર ત્યાં પેરા ભરે, ત્યાં રાતે હંસ જાય જાહરે. ૬ તાળા કુલફ નજરમાં રહે, તરત ઉઘડી જાય તાહરે; હંસ પેશે ઓરડામોઝાર, પાંખ પોતાની પોહોળી રાય. ૭ હંસ પોહોળો થઈને ચાંચજ ભરે, પેટી દોરી ભારે થાય જાહરે; મારો ભાઇજાણે તે ઠામ, પાછો આવે પોતીકે ગામ ૮ તરત દોરી ખેંચે ઉલાસ, હંશ ત્યાંથી ઉડે આકાશ, દ્રવ્ય હરયું તેણે અપરંપાર. એમ કરતાં વરસ થયાં છે ચાર. ૯ તે ભંડાર સરવે ખાલી કરયો, દ્રવ્ય લેઈને ઘરમાં ભરયો; એક દીવસ શું કૌતક થયુ તમ આગળ તે સાચુ કહું. ૧૦ તે ભંડારીએ કરયો પોકાર, દ્રવ્ય ખજાનો નથી લગાર; ત્યારે રાજાને ચિંતા થઇ, ચોકી વાળા તેડાવ્યા તહીં. તમારી ચોકીમાંથી દ્રવ્યજ જાય, તે ચોરીને કરો પેદાય, નહીંતો તમને માર સહી, મારયા વીના મુકુ નહી. ૧૨ તે જાગતા રહયાં રાત, તે ન જાણે મારો ભ્રાત; ત્યારે હંસ મોકલ્યો તે ઠામ, ત્યારે ચોકીવાળે શું કીધું કામ. ૧૩ હંસ આવતો પેઠો જાહરે, ચોકી વાળે જાણ્યું તાહરે, હંસ પેઠો જયારે ભંડાર, દ્રવ્યભરયુ તેણે અપરમપાર.

૧૪ પાછો નીકળયો જ્યારે બાહાર, ઉડવાને કરયો વીચાર; એવે તેણે ઝાલ્યા સહી, એટલે દોરી તુટી ગઇ. ૧૫ ખાધી દોરી આવી હાથ, ત્યારે ચમકીને ઉઠયો ભ્રાત; તેણે વીચારી એવી પેર, જે હંસ રહયો રાજાને ઘેર. ૧૬ એ રાજા મુને ઓળખશે સહી, એ વાતમાં સંદેહ નહીં.

દોહરા—કાષ્ટ તણો એ હંસછે, એનો પ્રાણધર ઘડનાર; નીસ્ચે મોત આવ્યું સહી, એમ કીધો મન વીચાર. ૧ એ મારયા વીના મુકે નહીં, લુંટી લે ઘરબાર; હવે મુકે નહિ જીવતો, શુળીએ દે નીરધાર. ૨ એવું મન વીચારીયું, તે માંડી કહી વાત; આપણે અહાંથી નાશીએ, નહીતર કરશે ઘાત. ચોરી ઝલાઇ આપણી, માટે ચેતો તરત; નાશો હવે અહીંઆં થકી, નહીતર માથે આવ્યું મરત. ૪ વીમાન બે ગડયાં ત્યાં હતા, કાષ્ટ તણાં નીરધાર; તેમાં દોરી સંચરો અતી ઘણો, તે ઉડતાં ચાલે આકાશ; ૫ એક સાતસેં જોજન જાએ શહી, બીજું ચારસેં જોજનસાર; ધન માલ તેમાં લેઇ કરી, બે ભાઈ થયા અસવાર. ૬ સાતસો ઉપર પ્રાણધર ચડયો, ચારસો ઉપર હું અસવાર; તે રાતો રાત ચાલીયા, અમે અંત્રીક્ષ ગગન મોઝાર. ૭ મારો પ્રાણધર ચાલીઓ, હું રહ્યો પાછળ છેક; પછી ખબર તેની નથી, હું રહ્યો તે એકાએક. ૮ ચારસેં જોજન હું આવીયો, હું સુતો વડ એક ઠામ; રાતે નિંદરા કીધી ઘણી, પછી શું થયું ત્યાં કામ. ૯ સ્વપનું આવ્યું તહીં મુને દીઠા પુરૂષ જણ ત્રણ; તમને જેમ કહ્યું હતું, એમ મુને કહ્યું વચન. ૧૦ કહયું આજથી ચોથે દહાડલે, આવશે શુંદર ઠામ; તે નગર બધું દેહવટ થયું, એક દઇતે કર્યું તે કામ, ૧૧ માણસ સરવેં ખાઇ ગયો, પણ માણસ ન મળે કોઈ; ઠામ મુકી નાશી ગયા, જોવા રહયું નહીં કોઇ. ૧૨ ભર્યું ભાદર્યું શેહેરછે, પણ માણસ ન મળે કોય; ત્યાં રાજ મેહેલ આવી રહ્યો; કરતુત દઇતના હોય. ૧૩

ચોપાઈ—એમ કહીને પુરૂષ ગયા, એટલે અમો જાગતા થયા; પ્રાતશકાળ થયો જાહરે, અમો ત્યાંથી ચાલ્યા તાહરે. ૧ ત્રણ દહાડા ચાલ્યા જાહરે; આ નગર અમે દીઠું ત્યાહરે; નગરના ઉઘાડા દ્વાર, નહી મળે કોઇ ચોકીદાર. ૨ ગામમાં પેઠા જાહરે, કોઈ લોક ન મળે તાહરે; બધી દુકાનો ઉઘાડી સહી, માલ ભરયો તેની સંખ્યા નહી. ૩ પણ ન મળે ત્યાં ચોકી કોય, એવું દેખી મન અચરત હોય; નાણાવટીની દુકાનો જોઈ, ઉઘાડી પડીછે તહી. ૪ બારણે રૂપીઆના ઢગલા ઘણા, ઝવેરી જડીઆ ચોકશી તણા; બધાનો માલ પડયોછે બાહાર, ન મળે કોઈ રખવાળ. ૫ એમ સઘળું જોયુંછે ગામ, પછે આવ્યો હું આણે ઠામ; રાજ મેહેલ મેં જોયો સહી, પણ કોઇ માણસ દીઠું નહીં. ૬ ખજાનો ઉઘાડયો સાર, તેમાં દ્રવ્ય ભર્યું અપરંમ પાર; હું આપે એકલો જાત, તાર પછે કહુ એક વાત. ૭ સુનું શેહેર એવું દેખાય, જાણે કોઇ આવેને હમણાં ખાય; થર થર કાંપે મારૂં શરીર, પણ મેં મનમાં ઘણી રાખી ધીર. ૮ પછી મનમાં કરયો વીચાર, હું એકલો શું કરૂં આહાર; પણ મારી પાસેછે વીધા ઘણી, વીશ્વકરમાના પ્રાકરમ તણી. ૯ તે વીચાર મનમાં કરયો સહી, પછી મેં શું કીધું અહીં; પછી કાષ્ટ તણાં પુતળાં કર્યાં માંહે દોરી સંચારા ભરયાં; કુતરા બલાડાં ઊંદર સહી તે પણ કાષ્ટ ઘડેલા અહીં; કાગડા કાબર ચલ્લી સાર, તે પણ કાષ્ટના ઘડ્યા આ વાર, ૧૧ માખી કીડી સરપ મંજાર, તે પણ કાષ્ટના ઘડનાર; હંસ મોર ચકોરછે સહી, જડછે તેમાં કાંઇ ચેતન. નહીં ૧૨ અશ્વ ગજ રથ બળદીઆ જોડ, તેમાં નહી ખાપણ કે ખોડ; આ સભા માહરી બેઠી સહી, કાષ્ટતણાં ઘડેલાં અહીં. ૧૩ ગુણકા નરત કરેછે નાચ, તે પણ કાષ્ટ તણી છે સાચ; અરધાંગે મુજ રાણી શહી, રસોઈ કરી જમાડ્યા અહીં. ૧૪ તે પણ કાષ્ટ પુતળી સાર, તે પણ નહીં લગાર; સા

ચામાં એહીં જીએ અમો, એટલે બે જણ આવ્યા તમો. ૧૫
મુને એકલું નવ ગમે આ ઠામ, માટે અમોએ કર્યું એ કામ;
આ સઘળા કામ ફરમાવ્યું કરે, ગામ મધે ફરેને હરે. ૧૬ પણ
મુખે બોલે નહી વાણ, જીવ નથી પણ જડછે જાણ; મન રમાડો
કરીને રહુ, સુખ દુખ કોની આગળ કહુ. ૧૭ આજ અમારો
આત્મા ઠરયો, સફલ જનમ અમારો થયો; તમો બે જણને
દીઠા જાહરે, ઘણાં ખુશી થયા તાહરે. ૧૮ આજ ચારે વરશે ભાંગી
ભુખ, જાહરે દીઠું તમારૂ મુખ; તમ ઉપર ઉપજે બહુ વાહાલ,
આજ મુખે બોલાનો લાગ. ૧૯ ખાઓ પીઓને સુખે રહો, કામ
કાજ હોય તો મુજને કહો; હવે જવાનું જો કરશો તમો, માહાદુખ
પામીશુ અમો. ૨૦ તમો બેસો રાજ આસન, અમો ચાકરી કરીશું
રાજન; આ સરવે તમારો માલ, અમો તો છીએ રખવાળ. ૨૧
પણ એક દુખ માહારા મનમાં ઘણું, વિજોગ ભોગવું બાંધવ
તણું; આગળ ચાલી ગયોછે એહ, ફરી મુને મળ્યો નહી તેહ. ૨૨

દોહરો—આ નગરમાં હું એકલો, નથી બીજું આહીંયાં કો-
ય; તમો બેજણ આવી મળ્યા, હવે માહા સુખ મુંજને હોય.
૧ રાજકુંવર રળતુ વદે, અમથી કેમ રહેવાય; કસતુરાવતી
જેવી સહી, તે વીના દેહ ન ધરાય. ૨ મને ખાવું પીવું ગમે
નહી, ન ગમે કરવી વાત; જો કસતુરાવતી મળે નહીં. તો
દેહની કરવી ઘાત. ૩ પણ ધન્ય ધન્ય તારી બુદ્ધીને, ધન્યધન્ય
તારો અવતાર; કાષ્ટ પુતળાં ઘડ્યાં સહી, ફરતુત કીધું કીરતાર. ૪
આ પરાક્રમ થોડું કરયું, કેહેતાં ન આવે પાર; સાં નરી શ્ર-
ષ્ટી કીધી શહી, ધન્ય ધન્ય તુજ અવતાર. ૫ હાલે ચાલે કા-
મજ કરે, પેહેરે ઓઢે સહુ સાથ; ખાય નહીં બોલે નહી, એતો
દોરી પરભુને હાથ. ૬ તારી વિદ્યામાં બાકી નહીં. અમે જોઇ
થયા પરસંન; સુ ધીરજ રાખીને રહયો, તારી બુદ્ધી ધન્ય ધન્ય. ૭

છપ્પો.—મરતુ લોકના જન, ધન્ય ધન્ય તાહરી બુદ્ધી; મ-

રતુલોકના જન, સમજે તાહારી સુધી. મરતુ લોકના જન, પરાક્રમ બ્રહ્માના જેવું; તું ઘડે ઘાટ અપાર, જ્યાં જોઇએ ત્યાં તેવું તુજ ચતુરાઇમાં ખામી નહીં, એ હાલે ચાલે ઘણું અહો; ધન્ય ધન્ય તારો અવતાર, એક ચઇતન્ય તેમાં છે નહી. ૧ કાળા માથાના જન, વાઘને વસજ કરતાં; કાળા માથાના જન, સમુદ્રમાં તે તરતા. કાળા માથાના જન, જલમાં દીવા બાળે. કાળા માથાના જન, સવર્ગમાં પાતાળે; કાળા માથાના જન જે, પર કાયા પર જઇ ઠરે. કામણુ મોહનને વશી કરણ, તેતો વળતી નીચ કરે. ૨

ચોપાઈ—રાજા કહે સાંભળ સુતાર, તારૂં પ્રાકરમ અપરંપાર; માટે હવે આજ્ઞા દીજીએ, અમે અમારો પંથ લીજીએ. ૧ કસતુરાવતી જો મળશે નાર, તો આવીશુ પાછા આ ઠાર; નહીં જડે અમને એ જાણ, તો હમેહવે કાહાડીશુ પ્રાણ. ૨ એમ કહીને છાના રહ્યા, તારે બોલ દેવધરે કહ્યા: ચીંતા શાને કરોછો તમે, એની ભાળ કહાડીશુ અમો. ૩ કપુરા સેહેર નગરી કહેવાય, તે ચારશો જોજન અહીંથી થાય; પણ વચે દરીઓ મોટો સહી, કોથી જઇ શકાએ નહી. ૪ તે નગરી છે દરીઆ પાર, તમે કેમ જઇ શકો તે ઠાર; તમે ઘોડો રહેવા દો આ ઠામ, માટે એક કરોની કામ. ૫ જે વિમાન અમ પાસેછે સાર, ચારશે જોજનનું જનાર; એના ઉપર સ્વારજ થાઓ, સુખે દરીઆની પારજ જાઓ. ૬ ત્યારે હરખ્યો તે રાજન, આરત પુરી પડી અમારે મન; તમ પરતાપે મળશે નાર, પાછા આવશું આણે ઠાર. ૭ અશ્વ મુકયા તેણે ઠામ, બે જણ જઈ બેઠા વીમાન; દોરી સંચા જોયા સાર, ઉડયુ વીમાન તે દરીઆ પાર. ૮ ચારસેં જોજન આવ્યા જેટલે, વિમાન હેઠું ઉતર્યું તેટલે, ત્યાં વસ્તી દીઠી છે ઘણી, શોભા રૂડી નગરજ તણી. ૯ કનક કોટ ચળકારા કરે, હીરા રત્ન જડ્યા કાંગરે. દરવાજા સુંદર છે સાર, ભાનું ભય શોભે ઝળકાર. ૧૦

દરવાન દીવાન ઉભા બારણે, ને ચોકી તેણે કારણે; તેણે પુછ્યું જઈને ઠામ, આ નગરનું શું છે નામ. ૧૧ ચોકીદાર બોલ્યો કરી પ્રણામ, કપુરસભાવતી નગરનું નામ, કપુરશેન આંહે રાજન, દરદ કોઈને નહીં મન. ૧૨ એવું સાંભળી બને જણ રહ્યા પછે નગર મધે તે ગયા; બને જણે વીચારી પેર, ઉતર્યા જઈ માલણને ઘેર. ૧૪

દોહરો—એ માલણ ઘેર રહ્યા સહી, એ બંનેનું બાવન-વીર; નગર ચરચા જુવે સહી, મનમાં રાખી ધીર. ૧ દીવસ આઠ સેહેજે ગયા, માલણને પુછી પેર; સુખ દુખ કેવું શેહેરમાં, રાખે મેહેર કે કેર. ૨ શું નામછે રાજા તણું, પ્રધાન કેવો કહેવાય; શી પેર પ્રજા પાળે સહી, કેવો ચુકાવે ન્યાય. ૩ માલણ કહે તમે સાંભળો, હમારા દેશની વાત; સુખ સ્વરગના જેટલું; ખોટી નવ કહું જાત. ૪ એ કપુરસેન રાજા સહી, ત્રીલોચન પ્રધાન; પુર પ્રજા પાળે શહી, દેઈને ઝાઝા માન. ૫ ચોર લંપટ ચાડી નહી, અદેખાઈ નહીં દેહ; પરમારથ ઊપર પ્રીતી ઘણી, સહુને મન સ્નેહ. ૬ વળી એક પુત્રી પરીવારમાં, સુંદર ચતુર સુજાણ; આ જીભે વખાણ શું કરૂં, જેનું પેટજ પોઈઅણપાન. ૭ તે સમોવડ નહિ કો સુંદરી, અવની તલમોઝાર; તે બ્રહ્માએ નીરખી નથી, સહસ્તે કીધી કીરતાર. ૮ સુખ જોતાં દુખ રહે નહી, ચંચળ ચીત નવ રહે ઠામ; જેના નેત્રબાણ ચઢી રહે, જેનું કસતુરાવતી છે નામ. ૯ ભરજોબન વરસ તેરની, સ્વહસ્તે ઘડી કીરતાર; અથ ઇતી તમને કહ્યું, આ નગરીનો સાર.

ચોપાઈ—એવી વાત કહી જાહરે, રાજકુંવર બોલ્યો તાહરે; પરણી કે કુંવારી શહી, તેનું કારણ કહોને અહીં. ૧ ત્યારે માલણ બોલીવાણ, હજી કુંવારી છે તે જાણ; એ કન્યાને મોટી ખોડ, એવી ક્યાંથી મળશે જોડ. ૨ એના પીતાએ પરણાવવા કહી, ત્યારે એણે ના કહ્યું ફરી; કહ્યું મારે મન છે અદકું ગાન, મુજને છે પુરવનું ભાન. ૩ પુરવ જનમનો કંથ મળશે જાહરે,

અમો તેને પરણીશુ તાહરે; જો પરાણે પરણાવશો રાજન, તો તતક્ષણ છાંડુ મારૂ તંન. ૪ તે માટે કુંવારી એહ, સહુને પરણવાની ના કહે; માગાં આવેછે અપરંમપાર, સહુને રાજા કરેછે નાકાર. ૫ એવી વાત કહી જાહરે, રાજકુંવર બોલ્યો તાહરે; એનો કોઇ જાણેછે પાર, કે પુરવે કોણ હતી એ નાર. ૬ ત્યારે માલણ બોલીવાણ, સાંભળ રાજા ચતુર સુજાણ. કસ્તુરાવતી નામની વાત, તે જાણું એક મારી જાત. ૭ તેને માહરે અદકો સ્નેહ, જીવ એકને જુજવી દેહ; સુંદર મેહેલ દાશીનો શાર, દહાડે શહસ્ત્ર દાશી રખવાળ. ૮ મારે રોજ જવું પડેછે તહીં, ફુલની ચોળી ગુંથીને લેઇ, એક દીવસ શો થયો બનાવ, વાત કરવાને આવ્યો દાવ. ૯ ફુલ આપવા ગઇ જાહરે, મુને હુકમ કરયો તાહરે; મુને કહે કાંઇ વાતજ કરો, ફુલ મારા માથામાં ભરો. ૧૦ સખી દાશી પાશે હતી નહી, ત્યારે મેં એવી વાણી કહી; તમારી જુવાની વહીને જાય, કેમ પરણ્યાની કહોછો નાય. ૧૧ ત્યારે તેણે મને કહ્યું એમ, તું પરણ્યાનું નામ દેછે કેમ, પુર્વ જન્મનો સ્વામી મળશે જાહરે, હમો પરણીશુ તાહરે. ૧૨ મે કહ્યું બેન તમે સાચુ કહો, પુરવે તે તમે ક્યાં રહો; તમને એવું ક્યાંથી ગ્નાન; તે વાત કહો નિધાન. ૧૩ ત્યારે કસતુરાવતી બોલી વચન, આજ તારૂ મનાવું મન; હું આગળ ન કહુ વાત, તે આજ બોલુ તારી સાથ. ૧૪ રખે કોઇને કહેતી જઇ, તે વાત માંડીને કહી; માનસરોવર જ્યાંછે રહી, હંસણી અવતાર હુંતો તહીં. ૧૫ હંસ હતો મારો ભરથાર, માંહો માંહે પ્રીત અપાર; જલમીનને જેમ પ્રીતજ જડી, જુદા રહે નહીં એકે ઘડી. ૧૬ એમ કરતાં મને થયો એક તંન, હરખ્યા નર નારીના મન; એમ કરતાં પુત્ર મોટો થયો, અમારો હરખ નવ જાએ કહ્યો; હું લાડ લડાવુ અપરંમપાર, તન મન જાણું સરવે કુમાર; શીવ દેવળ હતુ જ્યાં. અમે નર નારી રહેતાં ત્યાંય.

૧૮ આવ્યો વાયુ વસમો સહી, ક્ષ્ટ્રી કેરો પારજ નહીં; જળ પુરણ ભરાણુ ત્યાંય, તેમાં મારા જેવા દુખીયા થાય. ૧૯

દોહરા—પુત્ર મુજ પડયો સહી, હંસ ગયો તો બાહાર; પુત્ર પડયો તે જળ વીખે, ગયો ત્યાં તો નીરધાર. ૧ પુત્ર જતો દીઠો જાહરે, મેં માંડયું કલપાંત; તે ફરી પુત્ર દીઠો નહી. આવી ગયો ત્યાં અંત. ૨ મેં રૂદન કીધું ત્યારે ફરી, પુત્ર પુત્ર કરી પોકાર; એટલે હંશ તહાં આવીઓ, કેમ રૂદન કરે તું આજ. ૩ મેં વરતાંત માંડી કહ્યું, જે ગયો લાડકવાયો તન; એવું શુણી હંસ કળકળ્યો જે ગયો લાડકવાયો તંન. ૪ હાય હાય કરે ઘણુ, કુટે માથુ તે વાર; પછે ધીરજ રાખીને રહયો, મને ધીરજ લગાર. ૫ હું લટ તોડુ માથાતણી, કુટુ હઇડુને શીશ, ત્યાંયે હંશ મને બહુ પ્રીછવી, કરી મારા ઉપર રીસ. ૬ હવે દુખધરે કેમ ગોરડી, એ મુવો જીવે નહિ કોય; દઈવ ગત છે અટપટી, હોનાર હોયતો હોય. ૭ માટે છાની રહે તું કામની, રૂદન કરે શુ થાય. જે જાયું તે સરવે જશે, વેહેલુ મોડુ નીરધાર. ૮ વળી તુને હું જીવતાં સહી, પુત્ર થાશે ઉતપન; માટે છાની રહે તુ કામની, શાને કરે રૂદન. ૯ પછે રડતી રહી હું તે સમે, પણ મનમાં ધરયો વઈરાગ. સંસાર સુખ છોડયુ સહી, જાણે ણે લાગી આગ. ૧૦ એમ થોડા દીવસ ગયા જાહરે, ત્યારે હંસ બોલ્યો વચન: સાંભળ નારી સલક્ષણી, આજ મુજને એવુ મન. ૧૧ સંભોગ કરીએ આપણે તું નારી ચતુર સુજાણ; જો પરમેશ્વર કીરપા કરે તો પ્રગટ થાય સંતાન. ૧૨ ત્યારે કળ કળી ઘણું. કામની, હંસને કરયો ધીકાર; પુત્ર શોક તું નવ ધરે, કઠણ પુરૂષ અવતાર. ૧૩ ધીકાર ધીકાર હંસ તુજને, તું એ શી બોલ્યો વાણ; મહારે સંગ કરવો નહીં, નથી જોઇતુ સંતાન.

ચોપાઈ—ક્રોધ ચડો મુજને અપાર, હંસ મેં તુને કીધો તીરસ્કાર; મારે સંસારશુ સબંધ નહીં, તારે ભોગની ઈચ્છા થઈ. ૧

કેમ સાંભળે નહી તુજને તન, એવું કઠણ થયું કેમ મન; પુરૂષ જાત કહ્યુ નીરવાણુ, હવે તજુ હું માહરા પ્રાણ. ૨ સાંભળ હંસ તુ માહારી વાત, હવે હું કરૂ દેહની ઘાત; હું મરૂ જઇ આપો આપ, તેનું હંસ તારે શીર પાપ. ૩ દવ બળતોતો તેણે ઠાર, ત્યાં ઝંપલાવું અગની મોઝાર; એ વાત માહારી કહી ખરી, આ રાજકન્યા થઇને અવતરી. ૪ તે હંસ પાછો મળશે જાહરે, તેને અમો પુછશું તાહરે; તેની માહારી જો મળશે વાત, ત્યારે પરણશું તેની સાથ. ૫ એવી વાત મુજને ત્યાં કહી, શીખામણ મુજને દીધી તહીં; એ વાત રખે કો આગળ કરો, સુખે તમારે મંદીર પરવરો. ૬ એ છાની વાત તમ આગળ કહી, રખે તમે કોઇને કહેતા સહી; તે માટે હજી કુંવારી કન્યાય, તે પરણ્યાની કહેછે નાય. ૭ કંઇ આવી ગયા રાજાના તન, તે જુઠું બોલતા વચન; અમો પુરવની જાણું વાત, પરણાવો અમારી સાથ. ૮ વાત કરેને જુઠા પડે, તેનો ઘાટ તે રાજા ઘડે; માનભંગ થઇ પાછા જાય. એમ કંઈક આવી ગયા રાજાય. ૯ એમ કહીને છાની રહી, ખરી નિશા રાજાની થઇ; એમ કહી ઠેકાણે થયાં, રાજા વજીર બે રમવા ગયાં. ૧૦ કહો વજીર હવે સાચી વાત, એ નારી કેમ આવે હાથ; તેનો કાંઈ કરીએ પરપંચ, જેમ ન આવે કોની આંચ. ૧૧ ગુણસ્વભાવ ગુણનો ભંડાર, લક્ષણ પુરણ વીસને બાર; રાજા પણ છે ચતુરસુજાણ, બન્ને પુરણ છે ગુણવાન. ૧૨ બેઉએ વિચાર કીધો સહી, પ્રપંચ વીના કાંઈ મળશે નહીં; એક રાજાને બીજો વજીર, તે બેઉજણ થયા ફકીર. ૧૩ હંસા એમ પોકારજ કરે, તે ગામ મધ્યે બે જણ ફરે; ભગવાં ઝુગડાં અંગે ધર્યાં, સેલી સીંગી માંહે ભર્યાં. ૧૪ રાજા શેરી રાખે દ્રષ્ટ, ઘણું એક તે પામે કષ્ટ; હાથ પસારી કરે પોકાર, હંસા હંસા કરે પોકાર. ૧૫ તે વજીર સુત સાથે ફરે, રાજા તેતો કારજ કરે; ગલી કુંચી સઘળે ફરે, હંસા હંસા વાણી ઓચરે. ૧૬

દોહરો—ગલી કુચી સઘળે ફરે, ચવટાં શેરી બજાર; મહેલ મેહેલ ઉભો રહે, તે મુખે કરે પોકાર. ૧ લોક તેને જોવા મળે, નાનું મોટું સરવ; રૂપ જોઇ ફકીર તણું, સરવે મુકે ગરવ. ૨ કેસ છુટા મુક્યા સહી, વિભુતી લગાડી સરવ અંગ; ભગવાં કછોટા વાળીઆ, તેથી શોભે સુંદર અંગ. ૩ નેત્રે જળ ભરી કરી, કહે એમ વારંવાર; ઓ હંસા એમ કહે સહી બીજો નહીં વિચાર. ૪ લોક કહે ફકીરને, જે જોઇએ તે લો; માગો મો સામુ જોઈ, કારણ મનનું કહો. ૫ ત્યારે હંસા એમ કહે, બીજું નવ કહે કાંય; કોઈ બોલાવે ત્યારે એમ કહે, પણ ઓડે નહી કાંઇ હાથ. ૬ એમ રોજ દીન કરતાં સહી, સાંજે આવે માલણને ત્યાંય; એમ ઘણા એક દીન વહી ગયા, ત્યારે જાણુતી માલણ થાય. ૭ એમ ફરતા ફરતા પરવર્યા, જ્યાંછે રાજદવાર; ઓ હંસા એમ કહે સહી, તેને લોક જુવે અપાર. ૮ એમ ફરતા ફરતા આવીયા, જ્યાંછે પુત્રીનો મેહેલ; મેહેલ તળે ઉભા રહી, નાખે એમજ ટેલ. ૯ હંસા એમજ કહ્યું, નેત્ર ભરીને નીર; તે ઊંચી દ્રષ્ટ કરી, એમ કહેતો ફકીર. ૧૦ તે કુંવરી બેઠીછે બારીએ, ચક નાખી તે વાર; દીઠો પેલા ફકીરને, કહેવા લાગી નાર. ૧૧ સખી બોલાવી તે સમે, કહેવા લાગી વચન; આ ફકીર એ કોઈ કારમા, શું કહેતા હશે મન. ૧૨ પુછો જઇ ફકીરને, શુંછે તમ કારણ; આપણે જે જોઇએ તે આપીએ, મનાવી તેનું મન. ૧૩ ત્યારે દાશી આવી બારણે, બોલી મુખથી વાત; તે ફકીરને બોલાવીઆ, પુછે જોડી બે હાથ. ૧૪ તમારે જે જોઇએ તે કહો, શું છે તમારે કષ્ટ. સાચુ કહો સલક્ષણા એમ દાશી બોલી સ્પષ્ટ. ૧૫ રાજ કુંવર તવ બોલીઆ, ઓ હંસારે વચન; બીજું કાંઈ બોલે નહીં, દાશી વીશમે પામી મન. ૧૬ નારી આવી મળીએ, કહે કુંવરીને પેર; એ બીજું વચન

બોલે નહીં, ઓ હંસા એમ કહે. ૧૭ પાછો ઉત્તર આપે નહી, તો શું સમજીએ મરમ; જોઈતું કાંઇ માગતો નથી, એ ધારી બેઠો ધરમ. ૧૮

ચોપાઇ—ત્યારે રાજ કુંવરી બોલી વાણ, સાંભળ દાશી ચતુર સુજાણ; તે ફકીરને બોલાવો તમો, ભેદ તેનો પુછીશું અમો. ૧ દાશી હશીમશી હેઠી ગઈ, જઈ ફકીરને વાણી કહી; તમને તેડે રાજ કન્યાય, કૃપા કરીને આવો ત્યાંય. ૨ તે ફકીર એવું સાંભળી, મન તણી પોતીછે રળી; ફકીર ત્યાંથી ઘરમાં ગયા, તે દાશીની સાથે થયા. ૩ બેસાડયા કનક આસન, દીઠા બેહુ તે રૂપ રતન; મનમાં પોતે સમજી નાર, અંદેશો પછે કરે વીચાર. ૪ ન હોય એ ફકીર સ્વરૂપ, નીશચે કોઇ પ્રથવીનો ભુપ; ચક નાખીને બેઠી નાર, દાશી સાથે પુછાવ્યો વિચાર. ૬ કહો ફકીર સું માગો તમો, જે જોઇએ આપીએ અમો; ખાન પાનને ધન ને ધાન, જે જોઈએ તે કહો સાચી વાણ. ત્યારે હંસા કરી કરયો પોકાર, બીજો નથી વીચાર; નારી મનમાં અચરત થઇ એ પુરણ દુખ ભરેલા સહી. ૭ સાથે બીજો ફકીરછે જેહ, જોયા કરેછે દ્રસ્ટે તેહ; તેને નથી બીજો વિકાર, તેને જઇને પુછે નાર. ૮ કહો આશું બોલેછે વચન, તેનું શું છે કહો કારણ; શું મુખે એ કહે છે તેહ, અમો સમજતાં નથી કાંઇ એહ. ૯ અમે એવું પુછયું જાહરે, ઓ હંસા એમ કહે તાહરે. શું જોઇએ છે એને સહી, કહ્યાવીના કોઈ જાણે નહી. ૧૦ અમેતો સમજીએ નહીં નામ, માટે કહો શાચુ આ ઠામ; ત્યારે વજીર બોલ્યો બોલ, તેનુંતો ભારે છે તોલ. એની પુરવ જનમની સ્ત્રી છે જેહ, હંસા કરી સંભળાવે તેહ; ત્યારે દાસી કહે કાંઇ એક મરમ; અથ ઇતી સંભળાવો કરણ. ૧૨

દોહરા—ત્યારે વજીર એમ બોલીઓ, સાંભળ નારી વચન;

કોસંબા નગરી સહી, ત્યાંનો ચીત્રસેન રાજન. ૧ તેનો તંન એ છે સહી, તેનું બરાસ રાય છેનામ; અમો વજીરના પણ કુંવર સહી, ગુણ સ્વભાવ અભીરામ. ૨ સ્નેહ મારે નાનપણ થકી, એક એકના એકઠાં મન; ખાવુ પીવુ એકઠું, કરવું એકઠા સેન. ૩ ગુણી પુરૂષ એછે સહી, એમાં છે બતરીસ લક્ષણ; કહોતો વીવા કીજીએ, એના બાપે કહ્યું વચન. ૪ માગાં આવેછે સહુ દેશનાં જ્યાં મન માને ત્યાં સાર; મોઢે કુંવર જોઈ કરી, પરણાવું કન્યાય. ૫ ત્યારે રાજકુંવરે એમ કહ્યું, મુજને છે અદકું જ્ઞાન; પુરવ જનમની મળશે સહી, તો દઈશું કન્યાદાન. ૬ ત્યાર વિના પરણું નહીં, મારે એવી બાધા જાણ; હવે નામ લેશો પરણ્યા તણું, તો તતક્ષણ તજશું પ્રાણ. ૭ એમ કહી બેઉ નીસર્યાં, ધરી મન વઇરાગ; ફકીર થઈ વનમાં ભમ્યા, સંસાર કીધો ત્યાગ. ૮ દેશ દેશને ગામ ગામ, જોયા ખડ વડ વાટ; તે ધ્યાન એને લાગ્યું સહી. ને લાગ્યું એને હાડ. ૯ એની નારી મળશે જાહરે, તેશું કરશે વાત; નહીતર એ બોલશે નહિ, દેહની કરશે ઘાત. ૧૦

ચોપાઈ—ત્યારે રાજ પુત્રી બોલી વચન, કહો એના પુરવ જનમનું કારણ; ત્યારે વજીર બોલે છે વચન, કેમ સહેલ ભાગ્યુ એ મન. ૧ ત્યાં નારી કોણ હતી બરે, કોણ પુરવ જનમાંતરે; તમો રાજકુંવરી છો સહી, માટે તમ આગળ કહેવાએ નહી. ૨ તમ આગળ સાચુ કહીએ જાહરે, કહાશને તમો એમ કહો તાહરે; નિસ્ચે હું પુરવ જનમની નાર, નિસ્ચે મારો એ ભરથાર. ૩ તારે એનું ભાગે વરત, તે વેળાએ પામે મરત; માટે તમ આગળ કેમ કહેવાય, એમ કહીને રહ્યા છાનાય. ૪ ત્યારે રાજકુંવરીએ ખાધા સમ, જુઠું અમે કેમ બોલુ વચન; ત્યારે વજીર કહે શું સમજો તમો, એવાં પારખાં દીઠાં અમો. ૫ એમ કહી રાણી પરણવા કાજ, જુઠું બોલતા નવ આણે લાજ; માટે

તમને કહુંછું અમો, એ વાતની રીસ માં કરસો તમો. ૬ ત્યારે નારી બોલી ફરી, મુને વાત કહો વીસતારી કરી; એમાં રીસ મુજને ના ચડે, સાચુ કહેતાં કોણુજ વડે. ૭ તારે વજીર બોલ્યો વચન, કહું પુરવ જનમનું કારણ; માન સરોવર પાસે વન સાર, ત્યાં હતો હંસનો અવતાર. ૮ એની નારી હંસણી સહી, જીવ એકને જુદો નહિ; ઘણી પ્રીત તેહને અપરંપાર, એટલે એક થયો કુમાર. ૯ લાડકવાયો ઘણો તે બાળ, બાપને ઉપજે છે બહુ વાહાલ; એક દીવસ શું થયું વીઘન, જળ મધે પડયો તે તંન. ૧૦ ત્યાં વૃષ્ટી થઇછે અપરમપાર, વાયુ ત્યાં ઘણો થયો સાર; તળે પાણી છે અપરમપાર, કુંવર તેમાં તણાયો જાય. ૧૧ નારીએ ઘણું કર્યુ રૂદન, દુખીઆ થયા બેઉ જણના મન; પછે હંસે વારી નાર, મુવા પુત્રનો શો વિચાર. ૧૧ થોડા એકદીવસ ગયા જાહરે, એમ હંસ બોલ્યો તાહરે; આવો નારી પાસે સહી, આપણે સંભોગ કરીએ અહીં. ૧૩ આપણ બંને જીવતા છીએ નાર, તો વળી ઘણા થશે કુમાર; એવી વાત કહી જાહરે, હંસણીએ કરોધ કર્યો તાહરે. ૧૪ ધીક ધીક પુરૂષનો અવતાર, હંસનો કીધો તીરસ્કાર; મુવા પુત્રનો શોક ન ધરો, કેમ સંભોગની વાતજ કરો. ૧૫ હંસણીએ વિચાર્યુ ત્યાંય, પડી દવ બળતો તે માંહ; હંસની વારી તે નવ રહી; અગનીમાં હંસણી બળી ગઈ. ૧૬ ત્યારે હંસે કર્યો વીચાર, ફર્યો દવ પછવાડે ફેરા ચાર; પેલે ભવ એ નારી થજો, મને જ્ઞાન આ ભવનું હજો. ૧૭ એમ કહી પડ્યો અગની માંહ, તરત બળી ગયો છે તાંહ; તહાંથી થયો ચીત્રશેનનો તન, તે નારી ખોળે વનો વન. ૧૮ એ નારી એની મળશે જાહરે, તેની સાથે બોલશે તાહરે; જે થઇ છે તે કહી છે વાત; જુઠું ના બોલુ તમ સાથ. ૧૯

દોહરો—એ વાત નારીએ સાંભળી, તતક્ષણ થઈ અ-

એન; આસો શ્વાસ કાંઇ છે નહી, નેત્ર થયા દો શ્વત. ૧ હઇએ દીવો જામીઓ, વહી પરેસ આંસુની ધાર; બે ઘડીએ મુરછા વળી, ત્યારે બોલી તે નાર; ધન ધન ઈષ્ટદેવ તુજને, ધન તું કો-રતાર; નારી હરખી અતી ઘણું, મળ્યો પુરવ જનમનો ભ-રથાર.૪ ચક છોડી નાખ્યો તહીં, જળહળ નીકળ્યું તેજ; આભ માંહે જેમ વીજળી, તેવું દીઠું તારૂણીનું તેજ. ૪

છપ્પો—જળહળ ઝળક્યું તેજ, એજ તારૂણી જોઇ; ધરણું ઢળ્યો રાજન, શુધબુધ સરવે ખોઇ; તે વજીરે જોઈ નાર, ચમકીત ચીતમાં લાગ્યો; પડયો ધરણુમોઝાર, પડયો તેવો તે જાગ્યો; રાજાને આણાવી સુધ, બુધ ઠેકાણે લાવી; વજીરે ઉડાડયો તરત, સાન માંહે સમજાવી; મોતી થાળ નારી ભરી, વધાવીઓ રાજા તહીં; પાએ લાગી પદમણી, પછે કરજોડી ઉભી રહી. ૧

ચોપાઈ—મોતીએ વધાવી લીનો રાએ, કરજોડીને લાગી પાએ; આજ મારી ભાગીછે બ્રાંત, મલ્યું પુરવ જનમનું વર-તાંત. ૧ રોજ દીન વાટ જોતીહું, દુખ થકી દહાડા ખોતીહું; એ મારો પુર્વનો ભરથાર, નીસચે હંસ તણો અવતાર. ૨ તમો એમ જાણો ભરથાર, જે જુઠું બોલતી હોસે નાર; પણ જુઠું બોલું તો ઇશ્વરની આણ, મુને પુરવ જનમનું ગ્નાન. ૩ મા-હારા બાપે મુને પરણાવવા કરી; તારે અમો ના કહી ફરી ફરી; મારા પુરવ જનમનો મળશે સ્યામ, તેની સાથે મારેછે કામ. ૪ તે સહુ જાણે નગરના લોક, મીથ્યા નથી હું બોલતી ફોક; આ પુછો દાશી સાહેલી જન, હું મીથ્યા નથી બોલતી વચન. ૫ એમ કહીને છાનીરહી, કરજોડીને ઉભી થઇ; પછી બોલ્યો રાજાનો તન, સાંભળ નારી મારૂ વચન. ૬ તું જાણે તારા મનનો વિચાર, સાચું બોલુંછું હું નાર; તે નારી માટે તજયોછું ભોગ,રાજતજીને લીધો જોગ. ૭ માહારૂ મન પ્રસનજ થયું, જ્યારે વચન

તમે સાચુ કહ્યું; હવે ચેતાવ તારા માતને તાત, વીસતારીને કહો તે વાત. ૮ તારે નારી કહે સાંભળ રાજન, એક પુછુ રે તમને વચન; આજ પુરી પડી અમ આશ, આ નગરમાં રહો કોણ વાસ. ૯ હવે મન બહુ મળવા થાય, ધીરજ રાખી હવે નહિ જાય; તારે બરાસ બોલ્યો રાય. અમે રહીએ માળી મંદીર માંહ.૧૦ હવે અમને આગ્ના દીજીએ, હવે પંથ અમારો લીજીએ; અમો માળી ઘેર રેહેશું રાત, તું તારા બાપને કરજે વાત. ૧૧

દોહરો—વારૂ કહીને તે ગયા, તે આવ્યા માલણને ઘેર; તે પ્રેમદા હરખે અતી ઘણી, પછી શું કીધી પેર. ૧ માત તેડાવી મેહેલમાં, કહી માંડીને વાત; આ ફકીર એ નગરમાં ફરે, તેમાં એક છે મારો નાથ. ૨ આ હંસા જે કરે સહી, ઉંચી રાખી દ્રષ્ટ; એમ કહી મુજને શોધે શહી, ઘણુંએક પામે કષ્ટ ૩ હંસ સાથે હંસણી હું હતી, પુરવે માહરો એ ભરથાર; એ હંસ તહાં હતો સહી, ધરયો બે જણે અવતાર. ૪ હું અવતરી આ દેશમાં, તમો માતને તાત; કસ્તુરાવતી નામ તમે ધર્યુ, હું બોલતી તે નાથ. ૫ એક કુસુંબા નામે નગર છે, ત્યાંનો ચીત્રસેન રાજન; તેને પેટે જે હંસ આવીઓ, થઇને તેનો તંન ૬ બરાસ નામછે તે તણું, તેને પણ પુરવેનું ગ્નાન; માત તાત પરણાવવા કરે, તારે ના કહી સંતાન. ૭ મારી પુરવેની નારી મળશે જાહરે, તારે ના કહી તાત; હાલ નામ લેશો પરણ્યા તણું, તો કરશું દેહની ઘાત. ૮ તારે માત તાત બોલ્યા નહિ, ધર્યું પોતાને મન; એ વજીર સુત તેનો મીત્રછે, તે બન્યો નીકળ્યા વન ૯ તે નગર દેશ જોતાં સહી, આ હંસા કરે પોકાર; ફકીર વેશે બંને જણા, ભાળે બહુ સંસાર. ૧૦ ફરતો ફરતો આવીયો, આપણા નગર મોઝાર; તેણે અથ ઈતી સરવે

કહ્યું, પુરવેનું વરતાંત; નીસ્ચે થયો મારા મન વિષે, હવે ભાગ્યું મનની ભ્રાંત. ૧૨ માટે અમને પરણાવો માવડી, ઝાઝું કહે શું થાય; તે ઉતરયો માળી મંદીરે, જઈ ચેતાવો રાય. ૧૩ વાત સાંભળી કુંવરી તણી, હઈડે હરખ નવમાય; હવે પરણાવું દીકરી, એમ કહી મેહેલમાં જાય. ૧૪ જ્યારે રાજા ઉઠયો સભા થકી, આવ્યો મેહેલમોજાર; ત્યારે રાણી ઉઠી ચરણે નમી, વીનતી કીધી ત્યાંય. ૧૫ આજ મન માન્યુ કુંવરી તણું, ભાગી મનની ભ્રાંત; મને મેહેલમાં તેડાવી કરી, કહ્યું સરવે વરતાંત. ૧૬ મારી પણ નીશા થઇ, એ જુઠી નહી વાત; પેલા ફકીર એ શેહેરમાં ફરે, કહે હંસા પસારી હાથ. ૧૭ એ કોસંબા નગરી તણો, ચીત્ર શેન રાજંન; તે શોધવા નીસરયો હંસા નારને, એ છે તેનો તંન. ૧૮

ચોપાઇ—રાજાનું તો હરખ્યું મન, સાંભળી નારી તણું વચન; કાલે પંડીતને તેડી દઉમાન, શુભ દીવસ જોઈને દઉં કન્યાદાન. ૧ પ્રધાન મોકલીશું માળી અવાસ, તેડાવીશું સભા મોઝાર; પછે શુભ મહુરત જોઇ કરી, પરણાવી આપાશું દીકરી. ૨ એમ કહીને સુતા તે રાત, દીવસ ઉગ્યોને થયો પ્રભાત. સભામાં આવી બેઠો રાજન, એટલે ત્યાં આવ્યો પ્રધાન. ૩ માન દઈ બેસાડ્યા કને, પાસે બેસાડી વાણી ભણે; આજ પુત્રીનું માન્યું છે મન, પેલા ભવનો મળ્યો સ્વામીન. ૪ માટે તમો શેના લેઈ સજ થાઓ, માળી તણે મંદીરે જાઓ; પેલા ફકીર ગામમાં જેહ, એએ જણ ત્યાં ઉતર્યા છે તેહ. ૫ મેઘાડંબર પર બેસાડો સહી, વાજા વાજતે તેડી લાવો અહી; કહે પ્રધાન એ સાચી વાત, હું મનમાં થઓ રળીઆત. ૬ લેઈ શેનાને તતપર થયો, તે માળી તણે અવાસે ગયો; ત્યાં જઇને કીધો પરણામ, ચાલો

તમને તેડે રાજન. ૭ આ ફકીર વેશ મુકી દીજીયે, રાજવાઘો આપણુ લીજીયે; સુંદર અંગે ધરો શણગાર, પધારોજી રાજ દ્વાર. ૮ તારે રાજા હરખ્યા મન મોઝાર, બે જણ મળી કરયો વિચાર; અસ્નાન કરી સુંદર થયા શરીર, બેજણ જાણે બાવન વીર. ૯ વસતર મોકલ્યાં છે તેહ, આપ અંગે ધર્યાછે જેહ; મેઘાડંમરપર બેઠા રાય, જેમ તારા મધ્યે ચંદ્રમાય. ૧૦ વજીર અશ્વે થયો અસવાર, વાજીત્ર વાગે અપરમપાર; તેનું સાંરધર એવું નામ, રાજા તણો છે પ્રધાન. ૧૧ નોબત નગારાં ગડગડે, ઢોલ તાંસા તડતડે; નાહાનું મોટું નગરમાં રહેછે જેહ, જોવાં મળ્યુંછે સરવે તેહ. ૧૨ તે બેઠા ત્યાં ચમર કરે, નીશાન નેજા ફર ફરે; કસ્તુરાવતી ભાગ્યજ ભળ્યું, પેલા જનમનું ધન્યજ મળ્યું. ૧૩ આ પેલા ભવતણો ભરથાર, ધન ધન એ એનો અવતાર; જેવું કસ્તુરાવતીનું રૂપ, તેવો સુંદર સરસ્વતી ભુપ. ૧૪ એમ નગર નારી કરે વખાણ, બનો છે ચતુર સુજાણ; એમ કરતાં આવ્યા રાજદુરબાર, રાજા ઉઠયો તેણીવાર. ૧૫ હાથ પકડયો ધરી ઉલ્લાસ, બેસાડયો પોતીકે પાસ; વજીર પાસે બેઠો જઇ, અન્યો અન વાત પોતાની કહી. ૧૬ તમો આવેથી હરખ્યા અમો, જીવતદાન દીધું છે તમો; અમ પુત્રીનું માન્યુંછે મન, અમો જાણુંછું તનમન ધન, ૧૭ તમો મોટા રાજાના કુમાર, અમારાં ભાગ્ય તણો નહીં પાર; હવે સુભ લગ્ન જોઇ કરી, પરણાવી આપું દીકરી. ૧૮ ઘણું સંતોકી દીધાં માન, આપ્યાં બીડાં ફોફલ પાન; પછે જોશી તેડાવ્યો રાજન, કરજોડીને પુછે વચન. ૧૯ તમો રૂડો દીવસ શોધી કાહાડીએ, અમે વીવા જગન માંડીએ; આ બરાસ રાય ચીત્રશેનનો તન, કસ્તુરાવતી રૂપે રતન. ૨૦ તે એને પરણાવશુ અમો, રૂડો દીવસ ખોળી આપો

તમો; ત્યારે જોશીએ નીરધાર્યુ લગ્ન; રાજા આગળ કહ્યું વચન. ૨૧ આજ થકી રૂડા માસજ ત્રણ, ત્યાર પછે રૂડો છે દંન; વઇશાખ શુદ ત્રતીયાને સોમવાર, રૂડો દીવસ છે નીરધાર. ૨૨ તે દીવશે લાવો લીજીએ, કન્યાદાન રાએ દીજીએ; સાંભળતાંમાં હરખ્યુ મન, જોશીને આપ્યું બહુ ધન. ૨૩

દોહરો—લગન નિસચેકરયુ રાયજી, વળાવો દઇને માન; ગોળ ધાણાં વેહેચાવીઆ, વેહેચ્યા ફોફલ પાન. ૧ નગ્ર મધે જણાવીયુ, વાહવા ફેરી તાન; કસતુરાવતીને પરણાવશે, આ બરાસ રાયની સાથ. ૨ હરખ્યા લોક તે મનવીખે, રૂડુ કીધું કામ; કસતુરાવતી આહા ચતુરછે, તેવો છે એ રાજંન, ૩ પછે ગાન દઇને વળાવીઆ, બ્રાહ્મણ તણે આવાસ; તાજતે ગાજતે આવીઆં, પોતી મનની આશ. ૪ ત્યારે રાજા હરખ્યો મન વીખે, કહયાં પ્રધાને વચંન; હવે લગન સામાન તતબર કરો, ખરચો અદકુ ધન. ૫ રંગ મંડપ તતબર કરો, ચીતરાવો ચોપાસ; મંડપરચના અદકી કરી, જે પોંહોચે મનની આશ. ૬ એમ દીવસ બહુ વહી ગયા, આવ્યો લગનનો દીવસ સાર; મંડપ રચાવ્યો મોકળો, થઈ રહ્યો જેજેકાર. પીઠી ચોળાવી પ્રીતશુ, માતુની મંગળ ગાય; ઢોલ દમકારા વાજતે, રાજા પરણવા જાય. ૮ સાબેલા ભલી-ભાતના, બરાસ રાય અસવે અસવાર; નાહાનું મોટું નગરનું, જોવા ચાલ્યાં નરનાર. ૯ કોઇ મેહેલ કોઈ માળીએ, કોઈ જરૂખે જાય; કોઇ ઓટલે કોઇ બારીએ, કોઈઘરમાં કોઈ બાહાર ૧૦ મુખ જોઈ હરખે સહિ, બનો સરખી જોડ; ગુણ લક્ષણ પુરણ સહી. કશીવાતમાં નહી ખોડ. ૧૧ મંડપે વર આવીઓ, સાસુજી પોંખે આંક; કુમ કુમ તીલક ભાલે કરૂ પોંખીતાણ્યુ નાક. ૧૨ માહેરામાં પધરાવીઆ, વીપ્ર ભણે સાવધાન; કપુરસેન રાજા

સહી, આપે કસતુરાવતીનું દાન. ૧૪ હરખ ભણ્યો આપે ઘરે, નરનારી રળીઆત; પરણી ઉઠયાં બંને પ્રીતશુ, વધાવા સરવે સાથ. ૧૫ ગોતરજની પુજા કરી, વીપ્રને લાગ્યાં પાય; દાન દીધાં બહુ અતીઘણાં, માનુંની મંગળ ગાય. ૧૬ ખાનપાન અદકાં કરયાં; ભોજન કરાવ્યુ ગામ; વાજતે ગાજતે લાવીઆ, વહુ વરને તે ઠામ. ૧૭ એક મેહેલ આપ્યો રાયજી, પુતરીને રહેવા કાજ; શેવક શેવાને આપ્યા ઘણા, તેમાં રહ્યા પોતે રાય. ૧૮ ત્યાં ખાનપાન કરે ખાંતથી, કરે મન ગમતો ભોગ; બંનો તે સુખ ભોગવે, રૂડો કરો સંજોગ. ૧૯ રાજ સભામાં આવે સહી, ત્યારે રાજાહે બહુ માન; આદરમાન સરવેકો કરે રાજા રઈયત પ્રધાન. ૨૦

ચોપાઈ—એમ રોજ સભામાં આવેને જાય, રાજાને મન હરખ ન માય; એમ કરતાં વરસ થયાંછે તરણ, ત્યારે રાજા એ વીચારયુ મન. ૧ એક દીવસ બેઠાં નરનાર, હાસ્ય વીનોદ કરે અપાર; ત્યારે રાજાને સાંભરયાં માબાપ, ઘણું દુખ પામ્યો તે આપ. ૨ નેતરે વહી આંસુની ધાર, નીસાસા મુકે અપરમપાર; તારે નારી બોલી વચન, શું દુખ પડયુ સ્વામીન. ૩ આવડુ દુખ થયુ શા માટ, શો મનમાં થયો ઉચાટ; તારે રાજા કહે શાભળરે નાર, મારા દુખનો નહી આવે પાર. ૪ માબાપ અમારા દુર રહ્યા કંઈ, સુંદરી અરથે આવ્યા અહી; તે માહારા વીજોગે જસે પ્રાણ, વાત કરતાંમાં થાશે હાણ. ૫ માહારી પરભાવતી માત, તે અમ વગર જીવે નહીં જાત; તે મુને સાંભરયાં માને બાપ, તેથી દુખ ધરયું આપ. ૬

દોહરો—નારી કહે દુખ કાં ધરો, કહું મારા બાપને વાત; ચેતાવું મારી માતને, હું આવું તમારી સાથ. ૧ કસ્તુરાવતી ત્યાંથી પરવરી, જ્યાં પોતાનો તાત; વાત કીધી જવા તણી, જ્યાં પોતીકી

માત. ૨ તારે માત તાત હરખ્યાં ઘણું, પુત્રી તતપર થાઓ; સાતશે જોજનનું વીમાન છે, તેમાં બેશીને જાઓ. ૩ પ્રાણધર આપણા ઘરવીએ, રાખ્યો કરી જતન; તેની પાસે વીમાન છે, તે જાય સાતસે જોજન. ૪ પુત્રી પધારો સાસરે, એમ કહીને માતા રોય; ખોળે બેસાડી ચુંબન કરે, ફરી ફરી સામુ જોય. ૫ નમણા જમણી તુ થજે, રાખજે કુળ વહેવાર; ગરમ થતી નહી દીકરી, નરમ થઈ રાખજે ભાર. ૬ દીકરી તે ધન પારકું, વસાવે પરકું ધામ; અમો પાળી પોશી મોટી કરી, તે બરાસરાયને કામ. ૭ પછે જવાની સજાઈ કરી, રાજા બોલ્યો તેવાર; પ્રાણધરને બોલાવીઓ, કહ્યું તમે થાઓ તઈયાર. ૮ વીમાન તમારૂ સજ કરો, પુત્રી જમાઈને કાજ; એના માબાપને સોંપો જઈ, જ્યાં ચીત્રસેન માહારાજ. ૯ ત્યાં પ્રણામ કહેજો માહરા, જ્યાં રામશેન ભુપાળ, અમ ભાગ્ય શું વખાણીએ, કુંવરી પરણી તમ બાળ. ૧૦

ચોપાઈ— કસ્તુરાવતી બોલી વચન, સાંભળીએ માહરા સ્વામીન, એક પ્રાણધર નામે સુતાર, હમારા બાપે કર્યો વીચાર. ૧ તેની પાસે છે વીમાન, શું કરૂં તેનું બખાણ; તે ઉડી જાય સાતસેં જોજન, તે ગુણ જોઈ હરખ્યો રાજન. ૨ ત્યારે રાજા સમજ્યો મન, પોતીકા વજીરને કહ્યા વચન; આ પ્રાણધરની કહે છે વાત, રખે હોય દેવધરનો ભરાત. ૩ એક વીમાન છે આપણી પાસ, ચારસેં જોજનનું અવાસ; પછે પ્રાણધારને બોલાવ્યો પાસ, વાત પોતાની કરી પ્રકાશ. ૪ સાતશે જોજનનું વીમાન છે એહ, તમે ક્યાંથી લાવ્યા તેહ; ત્યારે તેણે કહ્યું સઉ વરતાંત, ભાગી બેઉ જણની ભ્રાંત. ૫ પ્રાણધર કહે સાંભળ વાત, એ વીમાન ઘડ્યું મે હાથ; એક દેવધર નામે બીજો ભાઈ, તેની કહુ તે શી વડાઈ. ૭ ચારસેં જોજનનું છે જેહ, દેવધર પાસે છે વળી તેહ; સાતસેં જોજનનું મારી પાસ, અમો આવીયા રાજાને અવાસ. ભાઈ અમારો દેવધર છે જેહ, તે વીના દુખીઆ છઈએ દેહ;

વિજોગ પડયો છે તેની સાથ, એવી પ્રાણધરને કીધી વાત. ૯

દોહરો—રાજા કહે પ્રાણધર સુણો, શીદ વેઠો છો આવડું દુખ; અમો મેળવું તમારા ભાઈને, શીવજી કરશે સુખ. ૧ અમને ભાઈ મળ્યો હતો તમ તણો, તે વાત કહુ પ્રકાશ. ચારસેં જોજનનું વિમાન છે, તે છે અમારી પાસ. ૨ સાંભળતામાં હરખ્યો ઘણું, ધન ધન રે રાજન; આજ બાંધવનો મેળો થયો, પછે સાચુ કે સપન. ૩ તતપર થયો વળી તે સમે, રાજા કરે વિદાય; રાજાએ ધન બહુ આપીયુ, વળી પુત્રી વળાવી ત્યાંય. ૪ સાતસેં વાળા પર બેઠા જઈ, નરનારી બે સાથ; વિમાન બે તઈયાર કર્યાં, તે કહુ વિસતારીને વાત. ૫ પ્રાણધરને વજીર સહી તે ચારસેં ઉપર અસવાર; આગ્ના માગી રાયની, જવા થયા તઈયાર. ૬ મા કહે દીકરી સાંભળો, કહાવજો કુશળ ખેમ; જેમ જળ વિનાની માછલી, હું તુજ વિનાની તેમ. ૭ એમ કલપાંત કીધું ઘણું, મુખે નવ બોલાય; શીતા પણ એમ પ્રીછવે, ગળ ગળીત થઇ જાય. ૮ વળાવીને પાછા વળ્યા, પ્રધાનને સહુ લોક; રાજા સભામાં પાછા આવીઆ, પરહર્યો પાછો શોક. ૯

ચોપાઇ—હવે એ વાત એટલેથી રહી, પેલા વિમાન પર બેઠા જઈ; સાતસેંવાળુ જે વિમાન, તે ઉપર બેઠો રાજાન. ૧ સાથે બેઠી કસ્તુરાવતી, એ એની શોભાનો પાર જ નથી; ચારસેં વાળુ છે જેહ, તે ઉપર પ્રાણધર બેઠોછે તેહ. ૨ સાથે બેઠો વજીરનો તન, એ રીતે ચાલ્યા ચારે જણ; ભરદરીએ ચાલ્યું જેટલે, શું કૌતક થયું તેટલે. ૩ સો જોજન જ્યારે તે ગયા, ભર સમુદરે તેતો આવીઆ; ત્યારે રાજાએ વિચાર્યું ખરૂં, માહારૂ વિમાન તે આગળ કરૂં. ૪ એમ વિચારી ખેંચી દોર, કીધું રાયે અદકું જોર; વિમાન સડસડાટ ચાલ્યું જેટલે, પ્રાણધરે તે દીઠું તેટલે. ૫ એ મહારાથી આગળ જાય, માહારા કીસબથી આગળ થાય; એને આગળ જવા કેમ દેઉં, પલક એકમાં પરડી

લેઊ. ૬ તે પણ કઆ શી મરડી સહી, ચાલ્યું તેની ખબર ના રહી; બરાબર ચાલ્યા જેટલે, માંહોમાંહે અથડાયા તેટલે. ૭ રાજાનું વિમાન તે ભાગી ગયું, એટલામાં શું કઊતક થયું, હાંહાં એમ કરયો પોકાર. વિમાન પડયું દરીયા મોઝાર. ૮ હાંહાં એમ કહ્યાં વચન, વિમાન ગયુંછે દશ જોજન; રાજા રાણી બે જળમાં ગયાં, પેલા બે જણે મારગ વહ્યાં. ૯ નારી જળમાં પડી જેટલે, એક મછે ગળી તેટલે; ને મછ ભર જળમાં વહ્યો, હવે રાજાનો ઉપાય શો થયો. ૧૦ અથાગ જળમાં પડયો છે સહી, વિમાનતો પડયું છે તહી; ભાગ્યું પણ લાકડું કહેવાય, તેને વળગી પડો તે રાય. ૧૧ જીવ્યાની આશા મનમાં નથી, પણ ધીરજ રાખી સરવથી; રૂદેમાં સમરયા શ્રી ભગવાન, તુહી તુહી એમ ધરેછે ધ્યાન. ૧૨ તુ મને ઉગારે શ્યામ, સમુદ્રમાં પથર તારયા રામ; તું જળને સ્થાનક સ્થળ કરે, ને સ્થળને સ્થાનક જળ ધરે. ૧૩ એમ સાત દીનને સાતે રાત, દુખ વેઠયું રાજાની જાત; આઠમો દીવસ થયો જેટલે, બેટ એક આવ્યો તેટલે. ૧૪ લાકડુ તણાઇને આવ્યું તહાં, જયાં બેટ એક છે તહાં; બેટ ઉપર નહીં કો જન, એકલો જઈ ઉભો રાજન. ૧૫ ચારે પાસે જળ દેખાય, ઉપરતો વાદળ જણાય; હાં કસ્તુરાવતી માહારી આ શી ગત થઇ. ૧૬ કયાં ગયો માહારો પ્રધાન, જે ગુણસ્વભાવ ગુણવાન; હવે હું કયાં જઉને કયાં રહુ, આ બેટ ઉપર તે શું ખઉ. ૧૭ જવાળનું પાણી આવશે જેટલે, બેટ ઉપર ફરી વળશે તેટલે; કોણ હવે મને રાખણ હાર, એમ ચીંતા કરે રાજકુમાર. ૧૮ એમ બાપડો થઇને સઘળે ફરે, કસ્તુરાવતીનું ધ્યાનજ ધરે; માહારી રાણી તે કયાં ગઇ, એ રતન હાથે છાજ્યું નહી. ૧૯ હાય મેં જુઠો કરયો વીચાર, પરપંચે પરણ્યો હું નાર; મેં જાણ્યું મારી થઇ નાર, હવે એ નારી કયાં જનાર. ૨૦ મેં પેલા ભવની વાતજ કહી, ત્યારે મુને પરણી સહી; પેલા

તપશીએ મેણું દીધું જેમ, કસ્તુરાવતીને પરણ્યો તેમ. ૨૧ તે હું પરણ્યો પરપંચે કરી, ગઇ જોતામાં સુંદરી; મેં જાણ્યુ તપશીને લાગુ પાય, દેખાડુ કસ્તુરાવતીનું કન્યાય. ૨૨ મારૂ ધારૂ તે ક્યાં ગયું ઇશ્વરનું ધારૂ આગળ થયું; એમ કરીને કરે રૂદન, કોણુ સાંભળે તેનું વચન. ૨૩.

છપ્પો—કરમ વશ સંસાર, કરમ કીરતારજ ચાલે; કરમ ડાહપણુ ચાતુરી, કરમથી મહીમા માહાલે; કરમથી મળે સુભ નાર, રાજ પણુ કરમથી પામે. કરમથી ગુણુ લક્ષણુ, દુખ સઉ કરમથી વામે. કરમથી માન મળે ઘણું, કરમથી સઉ કરજોડી રહે. સુખ દુખ એ કરમ, સામળભટ સાચુ કહે. ૧ કરમથી પૃથ્વીપર રાજ, કરમથી ભીખજ માગે; કરમથી વાહન બેસનાર, કરમથી દોડે ઘોડાની આગે, કરમે ડાહ્યા જન, કરમે સઉ ઘેલો કહેછે; કરમે સઉનો પાલણુ, કરમે સઉ આધીન રહે છે; કરમ કરે તે કોઇ નવ કરે, સુખ દુખ હાણુ વરધ સહી; કરમે કસતુરાવતી મળી સહી, કરમે કરી આવ્યા અહી. ૨

દોહરા—એમ કલ્પાંત કુંવરજ કરે, પછે વિચારૂં મનશું ગાન; નાગે મને કહ્યું હતુ, તેનું ધરીયુ ધ્યાન. ૧ ઇષ્ટ દેવ તું માહરો, હું તારો છું બાળ; કષ્ટ પડયુ મુને અતી ઘણું, આવી કરો સંભાળ. ૨ તમે મુજને કહ્યું હતુ સંભારો એ વાત; કષ્ટ પડે મુજને સંભાળજે, તે આવી કરો શાહાય. ૩ એમ અસ્તુતી કીધી ઘણી, પરસન થયો તે નાગ; એક દોરો મંતરી નાંખ્યો સહી, ફળીયું કુંવરનું ભાગ્ય. ૪ આ દોરો ક્યાંથી આવીઓ, હલા નથી આનવની જાત; દોરો લીધો તે કુંવરે, મનમાં વિચારી વાત. ૫ તે દોરો લીધો હાથમાં, એહા એઠા કીધી રમત; પગ અંગુઠે બાંધ્યો સહી, તે થઇ ગયો પોપટ. ૬ તેનો ઉડયો ગગનમાં, ચીત ધરી હુલાસ; હવે મોત થકી તો

ઉગરયો, એમ કહી ચાલ્યો આકાસ. ૭ હવે એ વાત રહી એટલે, કહુ નારીનો ભેદ; તે સમુદ્ર માંહે પડી, તે ગઈછે મછને પેટ. ૮ તે મછ ત્યાંથી ચાલીઓ, જોરાવતી નગરી માહ; ત્યાં ઢીમરે જાળ નાખી સહી, આવી તે ફાંદા માંહ. ૯ તે નગર પોતીકે લાવીઓ, તેનું વધ કર્યુ છે તાંહ: માંહેથી સ્ત્રી નીકળી, તે અધમસતી છે જાણ. ૧૦ શ્વાસોશ્વાસ કાંઈ છે નહીં, ઘડી એ ઘડીએ જશે પ્રાણ; એવી અવસ્થા જોઈ નારીની, ઢીમર લાવ્યો રાજ ભોવન; શેવક મોકલ્યો પોતા તણો, મોકલી ત્યાં સુખપાલ: તેડાવી પોતા કને, જોયા તેના હાલ. ૧૨ રમા બારી શેક કરાવીઓ, ત્રણ દીવસ એમ સાર; જીવ સાંતી પામ્યો સહી, ત્યારે કાંઈ ચેતના થઈ નાર. ૧૩ ઉઠવા બેસવા માંડીયું, ત્યારે રાજા હરખ્યો મન, એમ કરતાં પ્રભુ કીરપા કરે તો, સારી થાય સ્ત્રી જન. ૧૪ ઓસડ વેસડ કરે અતી ઘણા, હવે માસ થયા છે ચાર: ત્યારે બોલે ચાલે સહી, શાજી થઈ તે નાર. ૧૫ માત તાત કોણ તમ તણા; કોણ તમારો છે ભરથાર; કોણ દેશમાં રહો તમો. તે સાચી કહોને વાત. ૧૬ જો જુઠી વાત બોલો તમો, તો ઈસરવરની આંણ; તારે નારી કહે નરપત સુણો, માહારા કરમની કહાંણ. ૧૭ કપુરસભાવતી દેશ માહરો, ત્યાંનો કપુરશેન રાજન, કપુરાવતી રાણી સહી, તેહ તણી હું તંન. ૧૮ કસતુરાવતી નામ છે માહરૂ, લાડકવાઈ અપાર: માત તાતને વાહાલી ઘણી; મુને બહુ લડાવે લાડ ૧૯ સવાશેર કસતુરી ચોળી કરી, નીને હું તો નાહુ; મારા બાપ પરણાવવા કહે; પણ મનમાં હું ના ચાહુ. ૨૦ પુરવનું જ્ઞાન મુજને હતુ, તેહ મળ્યો ભરથાર; તે ચિત્રસેન રાજા તણો, બરાસ નામે કુમાર. ૨૧ તે પરણ્યો મુજને પ્રીતથી, સાસરે જતા હતા સાર: વિમાન હતુ તે ભાંગી પડયું ભર દરીઆ મોઝાર. ૨૨ તે કંથને હું કામની, પડીયાં અરણવ નીર; સ્વામી મારો દુખી

આ થયો. જે હુતો બાવનવીર. ૨૩ મુને ભાન મહારૂં નથી, જે ક્યાંથી આવી આ ઠામ; કોણ દેશી કોણ રાજા તમો, શું છે તમારૂં નામ. ૨૪

ચોપાઇ—અરે રાજા વિસ્મે થયો, વળતો બોલ કુંવરીનો કહ્યો; અરે બેન તું લાડકવાઈ, કપુરસેન હતો મારો ભાઈ. ૧ તેતો મારા કાકાનો છોકરો સાર, મિત્રાઈ છે પણ મિત્રચાર, તેની પુત્રી કસતુરાવતી, અરે બેન તારી આ શી ગતી. ૨ અમ ઉપર બહુ રાખે હેત, સોંપે તનમન ધન સમેત; તારૂં મુખ જોવા પામે નહીં લોક, તેની ગતી કેમ આવી હોય. ૩ રાણી બાઈ આવી તે ઠામ, દુલોચના છે તેનું નામ; તેણે સાંભળ્યું એ વરતાંત, અતીશે માંડયું કલપાંત. ૪ રાજા પણ કરે રૂદન, તે મન ધરે જુગજીવન; ત્યાં નહી રાણીને બાલ, તેના શા થયા હવાલ. ૫ કસતુરાવતી કરે રૂદન, ક્યાં ગયો માહારો સ્વામીન; અમારા હઈડાનો હાર, પ્રીત અતીશે અપરંમપાર. ૬ મારે તેની સાથેછે કામ, ક્યાં ગયો એ મારો સ્યામ; તોડે કેસને હઇડું હણે, બરાસ બરાસ મુખેથી ભણે. ૭ સહુ મળીને પ્રીછવે નાર, ક્યાં ગયો એ માહારો ભરથાર; પરમેશ્વરે બચાવી તુને, આવી મળી કુટુંબ સહુને. ૮ તે પરમેશ્વરે કરી હશે સાહાય, કાલ આવી મળશે આંહ; એમ વિનવે નગરના લોક, પણ શોચે નવ ટળે સોક. ૯ પછે વિચાર્યું કસ્તુરાવતી, ધીરજ માહારી રહેતી નથી; હવે સંભારૂં શીતાપતી રામ, તે મેળવશે માહારો સ્યામ. ૧૦ પછે નારીએ એવું કીધું તહીં, રૂદન તજીને છાની રહી; રાજા પ્રત્યે કહ્યું તે ઠામ, માહારૂં એક કરોની કામ. ૧૧

છપ્પા—પુત્રી કહે સુણુ તાત, વાત એક માનો મારી; સ્વામીને જોએ જોગ, ભોગ શા કામનો ભારી; શણગાર સજુ નહી અંગ, સંગ નહીં સાહેલી; આ મેડી મેહેલ અવાસ સહુ જાએ તે મેલી, ખાનપાન પંનપાન, તે ઉપર નવ ધાવું; સવા

પાશેર જવનો લોટ, ત્રીજે દહાડે ખાવુ, કાથો રંગને રાગ, અ-જન મંજન નહી કરવું. માહારો સ્વામી મળશે જાહરે, તહાં લગી ટરવુ સહી. ૧ એક સફેત વસ્ત્ર ધરવુ અંગ, સંગ રાખુ જપમાળા; ધરૂ સમુદ્રનું ધ્યાન, મુખ કોણુ આપે ટાળા હુ ત-જું મુખ તંબોળ, બોલ માનો આ સાચો; મને સ્વામીનો પ-ડયો વીજોગ; કરમ અક્ષરનો કાચો; શ્રીરામજી કરૂણા કરે, હું કહુ નેમ કરવું સહી; જ્યાં સુધી સ્વામી મળે, ત્યાં સુધી પાણ ઓહી. ૨ એક નવું કરી આપો વાહાણ, સત સાહેલી દો સાથે; રહુ દરીઆની માંહ, અવધ સ્વામીજીને હાથે; તાંહાં ધરૂ સમુદ્રનું ધ્યાન, ગ્નાનમાં રાખુ એવું; તુંહી તુંહી કરે સહાય, મુખે વાણી એવી ભાખું; એવુ કહીને નાર, રહી ગઈછે છાની; સાંભળી રાજા-એ વાણ, વાત કુંરીવની માની; એક વાહાણ નવુ કરાવી આ-પીયુ, સત સાહેલી સાથ; સમુદ્ર વચે સુંદરી, કસ્તુરાવતીને માટ.

ચોપાઈ—હવે એ વાત એટલેથી રહી, પ્રાણધર સ્વભાવની શી ગત થઈ; તેનું વીમાન આગળ ચાલ્યુ જેટલે, વિચાર મનમાં કરયો તેટલે. હવે રાયજી પછવાડે રહ્યા, આપણ બેઉ જાણ આગળ થયા; વીમાન પડયુ તે દરીઆ માંય, પણ બે જણ નવ જાણે કાંય. એમ ચારસેં જોજન ગયા જેટલે, વીમાન અટકયું તેટલે; તે મનમાં પામ્યા હુલાશ, આવ્યા આશાવરી નગરીને વાશ ૩ બેજણુ આવ્યા નગર મોઝાર, જ્યાં દેવધર રાજ કરેછે સુતાર; રાજ મહેલમાં ગયા જેટલે, દેવધર ભાઇ દીઠા તેટલે. ૪ પ્રાણધરે ઓળખ્યા ભાઇ, તતક્ષણ આંસુ આવ્યા ભરાઇ; ધસીને બે ભાઇ ભેટયા સહી, પરેમ આસીવન છુટયા નહી. ૫ મળી ભેટીને દીધી આશ, પુછે ભાઇ બે બેઠા પાશ; ગુણ સવભાવ પણ બેઠો સહી, એક એકની વીગત કહી. ૬ દેવધરે પછી કરી પ્રણામ, કહોજી ક્યાં ગયાછે રાજન; તેણે નેત્રે ભરીઆં નીર, વજ્જર શુતને વાત

રહી ધીર. ૭ ત્યારે પ્રાણધર બોલ્યો વચન, પછવાડે રહ્યા રાજન; સાતસે જોજનનું વિમાન છે જેહ, તે ઉપર બેઠાછે તેહ. ૮ રાજા પરણ્યા કસ્તુરાવતી, તેની જોડ પૃથ્વીમાં નથી; તે પછવાડે આવે રાજન, અમો આગળ આવ્યા બેઉ જણ. ૯

દોહરા—એમ વાત કહી શહી, થયો બહુ રળીઆત; રાય સમુદ્ર માંહે પડયો, તે જાણતું નથી કોઇ વાત. ૧ દેવધરે તૈયારી કરી, શાકપાન શાવધાન; ભોજન કરીએ આપણે, જો આવી ચડે રાજન. ૨ વાટ જુવે બહુરાયની, થયો બહુ ઉચાટ; આ આવ્યા એ આવશે, એમ જુવે ચો દેશ વાટ. ૩ પછે વજીર શુતને ધીરજ નવ રહી, થયો અસવે અસવાર; દેવધર પ્રાણધર તે સાથે થયા, આવ્યા નગરની બાહાર. ૪ તે સમુદ્ર કાંઠે આવીઆ, જુવે ઊચી કરીને દ્રષ્ટ; નીહાળી નીહાળી જુવે ઘણું, મનમાં પામે બહુ કષ્ટ. ૫ એમ સાંજ પડી ગઈ જાહરે, ત્યારે થયા નીરાસ; દેવધરને વજીર સહી, પાછા આવ્યા અવાસ. ૬ ભોજન કીધું મન ભંગથી, કેમ આવ્યા નહી રાય; એમ ત્રણ જણ વાતો કરે, આકુળ વ્યાકુળ થાય. ૭ દુખે રાત એમ વહી ગઈ, ને થયો ઉદે પરભાત; ચિંતાતુર બેઠા સઉ, નવ આવ્યા રાજ કુમાર. ૮ રાજકુંવરને મુકી કરી, હવે શું જાઉ ઘેર; ચંતાતુરછે અતી ઘણા, સુજે નહિ કંઈ પેર. ૯ એમ વિચાર્યું વજીર સુતે; તજ્યો સકળ સંભોગ; ફકીર થઇને નીકળ્યો, આપે લીધો જોગ. ૧૦ દેવધર પ્રાણધર વારે સહી, પણ માને નહી તેનું મન; રાજકુંવરને કારણે, ફકીર થઈ નીકળ્યો વન. ૧૧ દેશ દેશ તેને શોધતો, ફરતો ફરતો વન; ખાતું પીતું નીદ્રા તજી, જો જડે રાજાનો તન. ૧૨

ચોપાઈ—એ વાત એટલેથી રહી, રાજકુંવરની શીગત થઇ; તે પોપટ ઉડયો આકાશ, મનમાં પામ્યો છે ઉલાસ. ૧ દીવસ ઘણા ગયા છે વહી, ઉડતો ઉડતો આવ્યો અહીં; મધ દરીઆ વચે વા-

હાણ, ત્યાં પોપટ આવ્યો નીરવાણ. ૨ દીવસ ઘણા ગયાછે વહી, ઉડતો ઉડતો આવ્યો અહીં; તે મુખે જપે શ્રી રામ. વળી લે કસતુરાવતીનું નામ. ૩ ધજા બાંધી કુંવરીએ સહી, તે ઉપર બેઠો છે જઈ; મધુરે સ્વરને બોલે તે વાણ, વીંધ્યા તે નારીના પ્રાણ. ૪ મુકી સમુદ્રનું ધરતી ધ્યાન, શામાએતો માંડ્યા કાન; વળી ક્ષણમાં છાનો રહે, વળી ક્ષણમાં શ્રી રામજ કહે. ૫ વળી કહે કસ્તુરાવતી, મને તે વના રહેવાતુ નથી; કસતુરાવતી બોલી વચન, આશુ બોલે છે પંખીજન. ૬ સખી પ્રતે બોલી વચન, આ પંખીછે ચતુર સુજન; તમે ધીમે ધીમે ઉપર ચડો, પાસે જઈને તેને અડો. ૭ રખે પંખી એ ઉડી જાય, જો આવશે એના જાણવા માંય; લઘુ લાઘવી કરવી સહી, જેમ તેમ પંખીને લાવો અહીં. ૮ દાશી કહેરે સાંભળ બાઈ, એ વાતની ચીંતા કરવી નહી; એમ કહીને ઉપર ચડી, જઈ પોપટની પાસે એડી. ૮ ચતુરાઈ ચલાવી ઘડી, ઝટ પોપટને લીધો પકડી; લઘુ લાવવી કીધી તાંય, પાસે જઈને ઝાલ્યો પાય. ૧૦ પંખી કે શા માટે લે, દુખીઆને કાં દુખજ દે; હેઠી ઉતરી તતક્ષણ તહી, આવી રાણી પાસે ઉભી રહી. ૧૧ પોપટ તેણે મુક્યો પાસ, કસતુરાવતીની પોતી આશ; કસુતરાવતી કહે પોપટજી સુણો, સાચીવાત એમ આગળ ભણો. ૧૨ પોપટ ઓળખી તે નાર, તારે નેતરેથી વહી આંસુ ધાર; ટગમગ જોયાં કરેછે તહીં, તારે નારીએ વાણી કહી. ૧૩ પોપટ ભણોજી કોનું નામ, ક્ષણમાં લોછો શ્રીરામનું નામ; નીસાસા મુકો શા માટ, તમારે આવો શો ઉચાટ. ૧૩

દોહરા—પોપટ કહે પંખી અમો, પણ અમારી એવી રીત; કસતુરાવતી જે રાયની, તે સાથે બહુપ્રીત. ૧ એમ કહી ચરણ આગળ ધરયો, અરે પરેમદા દોરડો છોડ; વાત કહુ મનડા તણી, તો પોહોંચે મનના કોડ. ૨ ત્યારે દોરડો છોડ્યો નારીએ,

તતક્ષણ પોહોંચી આશ; એ શુરવીર થઇને રહ્યો, જુવેતો બ-
રાસ રાય. ૩ જઇ ખવાઈ ગઇ તે તારૂણી, લાગી તેને પાય; આ
સાચુ કે સપનું સહી, એમ થોડી થોડી થાય. ૪ તમ વીના હું
વળવળુ, છેક થઇ નીરાસ; ભલે આવ્યા મારા નાથજી, આજ
પોહોંચી મનની આશ. જળ વિના જેમ માછલી, તલપ તલપ
જીવ જાય; તેમ હું તમ વિજોગથી, મારી કાયા અકળાય. ૬
આજ સમુદ્ર દેવે સાહતા કરી, મળ્યા આવીને કંથ; તમ વિ-
જોગથી વાહાણમાં આવી કરી, જોયા કરૂ નીજ પંથ. ૭ કંથ કહે
છે કામની, મારા એહ હવાલ; પંખી રૂપે વનમાં ભમુ, આવુત
મારો કાળ. ૮ જો તુ મળત નહી માનુની, તો નીશ્ચે તજતે દેહ;
પરમેશ્વરે મેળવ્યા, ભાગો મન સદેહ. ૯ નારી કહે કોહો કેમ થયું,
કેમ પામ્યા સમુદ્ર પાર; પંખી રૂપ તમે કેમ થયા, કેમ આવી
પોતા આકાર. ૧૦ ત્યારે બરાસરાય એમ બોલીઓ, સાં-
ભળ નારી વાત; વિમાન ભાંગ્યુ જળમાં પડયા, ત્યારે બેજણ સાથ
તુતો બુડી જળ વીષે, હું જઇ પોંહોતો તે ઠાર; વીમાનનું લાકડુ
હાથમાં રહ્યું, તેથી ઉતરયો જઇ બેટ. ૧૨ મેં સ્તુતી કીધી ના-
ગની, તે મુજ ઇષ્ટ કહેવાય; હવે અંતરીક્ષથી આ દોરડો, આવી
પડ્યો જળ માંહ. ૧૩ મેં જઇ લીધો હાથમાં, કીધી સહજ
રમત; મેં પગ અંગુઠે બાંધીઓ, તે થઇ ગયો પોપટ. ૧૪
ત્યાંથી ઉડયો આકાશમાં, ફર્યો ઘણા એક ગામ; ત્યાંથી ઉ-
ડતો ઉડતો આવીઓ, આ વહાણજ કેરે ઠામ. મન માન્યુ આજ
માનુની, મળી નાર તું તરત; નહી મળત જો તુ મુજને, તો હું
પામતો મરત. ૧૬ એ હકીકત માહરી, હવે તારી કહે વાત; સ-
મુદ્ર મધે તું પડી, ત્યાં કેમ બની તુ ઘાટ. ૧૭ ત્યારે નારી કહે
સુણ નાવલા, મારા મનની વાત; જળ મધે હું પડી સહી, એટલે
ગળી ગયો એક મચ્છ. ૧૮ મચ્છજ ત્યાંથી આવીઓ, આ જોરા-

વળી છે ગામ; મારો પિતાઈ કાકો રાજ કરે; જેનું ચીત્રવરમાંહે નામ. ૧૯ મછ આવ્યો આ ગામમાં, ઢીમરે નાંખી જાળ; મછમાંથી નીકળી જીવતી, લાવ્યો સભામાં તતકાળ. ૨૦ શોક કીધો મને અતી ઘણો, શુધ્ધ થઈ શરીર; ત્યારે વરતાંત તેણે પુછીયું, પછે નયણે ભરીઆં નીર. ૨૧ પુત્રી કરી રાખી મુને, ઢીમરને કીધો ન્યાલ; તમ વીજોગે હું આહીં રહી, એ કહયો મારો હેવાલ. ૨૨ એમ કહી ચરણે નમી, દીધું આલીંગન; મન માન્યું આજ માનુની, દીવસ છે ધન ધન. ૨૩ આજ વિજોગ ભાગ્યો સહી, મળ્યા મુજ ભરથાર; આશા પુરણ માહરી થઇ, ધન ધન તું કીરતાર. હવે ચાલો સ્વામી પધારીએ, આપણા નગર મોઝાર; હવે મેહેલમાં માહાલીએ, હવે કાંઈ લાગડો વાર. ૨૫ વાત સાંભળી હરખીઓ, ભેટયો ભામની સાથ; હરખે આલિંધન છુટે નહી, ભીડી એ હાથે બાથ. ૨૬

ચોપાઇ—ભામનીને તે ભેટયો જઇ, કામની કહે હવે મુકુ નહી; કહે બરાસ સાંભળરે નાર, આપણુ જઈએ શેહેર મોઝાર. ૧ સમુદ્ર મધે રહીએ સહી, જાર વહેવાર કરવો ઘટે નહી, એવું કહીને મુકાવી બાથ, દાશીને બોલાવી કહી વાત. ૨ તમે જાઓ રાજાની પાસ, આ વાત સરવે કરો પ્રકાશ; કહીએ સમુદ્ર દેવે કરી છે સાહાય, આવી પોહોંચ્યોછે બરાસરાય; એમ કહેતાં દાશી તતપર થઇ, જઇ રાજાને વાતજ કહી; સાંભળો ચીત્રવરમાં માહારાજ, સમુદ્ર દેવે કીધું આપણું કાજ. ૪ પોપટ રૂપે પખી સાર, આવી બેઠો વાહાણ મોઝાર; કસતુરાવતીનું માન્યું મન, એતો નિકળે ચિત્રસેનનો તન. ૫ સાંભળતા રાય વિસ્મે થયો, પ્રધાન પ્રતે બોલજ કહયો; શેના સકળ તઇયારજ કરો, રાજા કહે વળી હરખે ભરયો. ૬ પુત્રીનો આવ્યો ભરથાર, તેડી લાવો નગર મોઝાર; એમ કહીને તઈયારી થાય,

તેડવા આવ્યા ચિત્રવરરાય. ૭ વાજતે ગાજતે આવ્યા તહીં, મોતીડે વધાવ્યા લઇ; સભામાં બેઠાં રાજન, પાસે બેઠો ચીત્રસેનનો તન. ૮ એક એકનાં કહ્યાં વરતાંત. ભાગી સઉના મનની ભ્રાંત; રાજ સભામાં આવે રાય, સાંજે ઉઠી મેહેલમાં જાય. ૯ નવો મેહેલ આપ્યો રાજન, મેહેલમાં રહ્યા નરનારી જન; ખાય પીએ ખુબી કરે, એક એકને દેખી દીલ ઠરે. ૧૦ પ્રીત જેવી ચંદ્ર ચકોર, પ્રીત જેવી બપઇયા મોર; પ્રીત જેવી જલ મોછલી સાથ, પ્રીત જેવી ચંદ્રમાને રાત. ૧૧ એક ઘડી અળગાં નહી કોય, બેઉની પ્રીતી સમોવડ હોય; કામની કંથ કરે કલોલ, એક એકના પડતા ઝીલે બોલ. ૧૨ એક એકને કાંઇએ નહી દાવ, ઘણી પ્રીતને અદકો ભાવ; રાજાનું મુખ જોઈ દાતણ કરે, રાજા ઉપર હેત અદકુ કરે. ૧૩ ખાય પીએને રંગે રમે, એક એકનું મુખડુ ગમે; એક દીવસ પછે રાજાય, પોશાક પેહેરીને તતપર થાય. ૧૪

દોહરા—ત્યારે કસતુરાવતી કહે કથજી. સાંભળો માહારી વાત; આજ જાર વેહેવાર કરવો સહી, છેડો ઝાલ્યો હાથ. ૧ આજ સભામાં જશો નહીં, આપણ કરીએ રંગ વિલાસ; ખાનપાથ કરીએ ઘણા, પુરણ કરો મુજ આશ. ૨ ત્યારે કંથ કહેરે કામની, દીવશે ન કરીએ ભોગ; અમો સભામાંથી આવ્યા પછી, મેળવશુ સંભોગ. ૩ નારી કહે નહીં માનીએ, આજ જવા નહીં દઉ; વળી વીઘંન કાંઇ ઉપજે, માટે લાવો લઉં. ૪ એમ કહી વળગી પડી, તારે વિચારયુ રાજન; હું કહ્યું કરૂં કામની તણું, હાસે પુરૂ મન. ૫ લુગડા ઉતાર્યા રાયજી. કીધો સુભ સંભોગ; મન મનાવ્યું માનુની તણુ, ભાવતો કીધો ભોગ. ૬ રંગ રાગ કીધા ઘણા, હેવે પડીછે રાત; ત્યારે નારી કહે સાંભળો. સેજ સભાગમ વાત. ૭ તમો રીશ ન કરશો રાય-

જી, તો કહુ એક વાત વિચાર; હુંતો શેજ ભાવે કહુ, પણ રીસ ન કરશો લગાર. ૮ ત્યારે બરાસરાય એમ બોલીઆ, એશુ બોલી વાત; તુજ આધીન હું થઈ રહયો, સોંપું તનમન જાત. ૯ માટે કહેવું હોયતે કહે સુને, શાને ચીંતા કરોછો મન; કોટી ગુનો બખશું તુને, મનાવું તારૂં મન. ૧૦ ત્યારે કસ્તુરાવતી કહે સાંભળો, મારા મનનો વીચાર; નારી માંહે મોહ ઘણો, ચતુરા ચતુર સુજાણ.૧૧ અંતે બુધ તેની પાતીએ, શું ઉપનું ત્યાં અજ્ઞાન.

ચોપાઈ—માટે નારીનું મુરખ નામ, જોજો હવે શું કીધું કામ; એ શું બોલી સ્વામીની સાથ, તે તમને સંભળાવું વાત. ૧ નારી કહે સાંભળ ભરથાર, સેહેજ વાત કહુ આહાર; નારી તે મોટી સરવથી, પુરૂષમાં કાંઇ પ્રાક્રમ નથી. ૨ નારી મન ચાહેતે કરે, પુરૂષથી એક અરથ નવ સરે; મેં આજ કીધું મન નીરધાર, જવા ન દીધાં સભા મોઝાર. ૩ જો નારી જવા મન કરે, તે સો તાળામાંથી પરવરે. માટે નારીછે ચતુર સુજાણ, પુરૂપ જાણુંછું અજ્ઞાન. ૪ તમોછો રાજાના તંન, તમો જેવું નથી કો અન્ય; તમો ફકીર થયા માહારાજ, તે પણ નારી કેરે કાજ. ૫ માબાપને મુકયા પરહરી, હંસા હંસા મુખે કરી; બહુ દુખ વેઠયું જાહરે, અમો તમને મળ્યાં તાહરે. ૬ નારી આગળ નર કોણ માત્ર, તમો સાચી માનજો વાત; હંસ આગળ કાગડો જેમ, ઘોડા આગળ ગરધવ તેમ. ૭ ગંગા આગળ જેમ ખાડીઓ, અશોક આગળ જેમ વાડીઓ; કંચન આગળ કથીર જેમ, નારી આગળ પુરૂપ તેમ. ૮ એ સાચી કે જુઠી વાત, સાચું કહેને મારા નાથ; કસતુરાવતીના સુણી વચન, દીગમુઢ થયો પોતે રાજન. ૯ તુને એશુ બોલી નાર, તુંશુ મનમાં નથી કરતી વીચાર; નર વીના તે નારી કશી, કેમ બુધી આજ એવી વશી. ૧૦ કાંઈ એમાં થશે વીઘંન, ફરી ન બોલીશ એવું વચન; નર થકી નારી મુકે માન, નારી હળવી પીપળપાન. ૧૧ તારે

નારી બોલી ફરી, એ વાતતો તમે ખોટી કરી; નારીના વડે નર હોય, બાકી નરને માને નહી કોય. ૧૨ નારી આગળ નરનું શું જોર, જાણે કેદમાં રાખ્યો ચોર; નારીથી નર નીપચે હોય, પણ નરથી નારી નહીં કોય. ૧૩

છપ્પો—કરણ બળી રાજન, કઉરવ પાંડવ જે શુર; માનધાતા જે મહીપતી તે પરતાપે પુર; ઇંદ્ર ચંદ્ર હરીચંદ્ર જે સતવાદી રાજા; ધુંરવ અમરીખ પ્રહ્લાદ, જે જગતના જાજા; સુરાવીર ડાહ્યા ઘણા, પણ નારી આગળ તે શી મણા; સુરા થઈ ધરે શમશેર, રણમાં ગુધ્ધજ કરતાં. ચુકવે ન્યાય અન્યાય, પૃથ્વીનો ભાર શીર લેતા; વળી ચઉદ ગુણ જાણ, બહુ ડાહાપણ ચતુરાઈ; કામણ દુમણને વશી કરણ. વીખવાને રહે વડાઇ; વિશ્વ વખાણ તેના કરે, સાત સમુદ્ર તરે સહી; તે પીશાબ વાટે નીસર્યા, માટે નારી મોટી સરવે કહી.

ચોપાઈ—એવી વાત કરી જાહરે, રાજાને દુખ લાગ્યુ તાહરે; હમણા હાંશીમાં થાશે હાણ, એમ રાએ જાણ્યું નીરવાણ. ૧ નર નારીની ઉતપત જેહ, નર થકી થાયછે તેહ; નર વીના નારી શું કરે, નારી તે નરને આશરે. ૨ એ ઈશ્વરની સરવે ગતી, એમાં તું ને હું જાણતા નથી; એમાં ખાલી શુ તાણે ભાર, એ કરતા હરતા સઉ કીરતાર. ૩ નર કરે તે નારીથી નહી થાય, નર આગળ નારી કોણ કહેવાય; ત્યારે બોલી કસતુરાવતી, નારી આગળ નરનું ચાલતું નથી. ૪ તે ઉપર કહું એક દ્રષ્ટાંત, ભાગુ તમારા મનની ભરાંત; નારીના પણ પ્રાક્રમ છે જેહ, તમ આગળ સંભળાવું તેહ. ૫

દોહરા—કારકોન એ નગરનો, તેનો દીલીપતી રાજન; સતવાદી રૂડો ઘણો, વસે અઢાર વરણ. ૧ ત્યાં વીસોશ્રીમાળી વાણીઓ, તેજ નગરનો શેઠ; લક્ષ્મી અલખ છે તેહને, પાંચ

પુત્ર છે નેટ. ૨ દાને માને ડાહાપણે, સહુ વાતે સમરથ; આગ્ના માને સરવકો, એ આગળ સહુ વ્યર્થ. ૩ વીરચંદ નામ તે તણું, આનબા તેની નાર; શોમદત વીરદત્ત રીખવને, સોંપ્યો સઘળો ભાર. ૪ કનકાવતી નામે કામની, તે સોમદતની નાર; રૂડી શોભા તેહની, ઘરનો રાખે ભાર ૫ તે શુ પ્રીત રાખે ઘણી, સોમદતને વાહાલી પ્રાણ; નરને નારી તે માને નહી, ખોટી બતાવે વાણ. ૬ જુઠી વાત બહુ દાખવે, કરે હાવને ભાવ; તમથી વહાલું કોઇ નહિ, એવો એનો બનાવ. ૭ ગમનમાં અણે નહિ કંથને. મોહોડે કરે વખાણ; તમ પાસે ચાલે નહિ, તું મારો જીવન પ્રાણ. ૮ શોમદત સાચું લહે, જાણે સતી મુજ નાર; હેત બહુ મુજ ઉપર ધરે, પ્રીતછે અપરમપાર. ૯ પાણી કેમ પીવાએ તમ વિના, આરોગો એકે મન; નીંદ્રા કેમ આવે નાવલી, તુજપર એવું મન. ૧૦ નારી મોહોડે જે કરે, કાલાવાલા કરોડ; તેને લેજો ઓળખી, નારી કરી જોડ. કંથને સ્નેહ દેખડાવે ઘણું, કરે જારનું કામ; જાર સાથે જારી કરે, જાણતો નથી તે સ્યામ. ૧૨ ઘણા એક દીવસ વહી ગયા, નારી વીચારે આપ; જારને મળાતું નથી, ઘરમાં કંથનું પાપ. ૧૩ ઉપાય કરૂ અકલથકી, કંથને કાહાડુ બાહાર; પછે કંઇ ચિંતા નથી, સુખે તેડુ મુજ જાર. ૧૪ એક કલ્પના પોતે કરી, રાતે આવ્યો સ્યામ; ખાનપાન ખુબી કરી. નારી બોલી એક પ્રણામ. ૧૫ કુઅી ચરીત્ર કીધું ઘણું, નેતરે ભરીયાં નીર; ધરૂશકા ભરી કહે કંથને, સાંભળો હહના ધીર. ૧૬ કાલે માંહો માંહે વાતો કરી, આ પાડોશણની સાથ; મોહોટો કુંવર મુરખછે, કાંઈ સમજતો નથી વાત. ૧૭ એના બાપે ધન કર્યુ ઘણું, તે બેઠો બેઠો ખાય; બીજો કુંવર છે નાઘડો, તેને કેમ કહેવાએ. ૧૮ એના બાપ એવડા હતા, જતા સફર ભરી વા-

લાગ્યું; તેથી ધન મેળવ્યું ઘણું. આતો પેરે પડીઓ પાહાંણ. ૧૯ એવા તો વાંઝીઆ ભલા, એવા ન જોઇએ તંન; મુરખ પડ્યો મુજ પેટમાં, ખાય રળ્યું બાપનું ધન. ૨૦ મેં છાનામાના સાંભળ્યુ. રેહેવાયુ નહીં ભરથાર; તે તમને કહ્યું સહી, એવા તમ માત તાતનો વીચાર. ૨૧ ત્યારે સોમદત્ત કહે નારી સુણો, સાચી કહીએ વાત; હવે હું પરદેશે પરવરૂ. ધંન લાવું અસંખ્યાત. ૨૨ મેહેણું ટાળુ માબાપનું, સફરે જાવું સવાર; સફરે જઇ આવ્યા પછે, સુખ ભોગવશું નાર. ૨૩ ત્યારે નારી કહે નાવલા, મેં ખોટું કીધું કામ; મારા પરપંચ મુજને નડ્યા, તમે જવા કરોછો ગામ, ૨૪ મે એવાત શાને કરી, તમ આગળ ભરથાર; ન કહ્યુ હોતતો જાત નહીં, સાને નીકળત ઘરથી બાહાર. ૨૫ હવે તમ વીના કેમ ચાલશે, ઘડી એક વરસ સો થાય; તમ વીજોગે ફાટી પડુ, એકલા કેમ રહેવાય. એમ કહીને કલ કલે, રૂદન કરે બહુ નાર; થનાર હશે તે થાશે સહી, જવા નહી દઉ ભરથાર. ૨૭ કંથ કહેરે કામની, શાને દુખ પામે મન; હું થોડા દીવસમાં આવીશ, રળીને ઝાઝું ધંન એકવાર જાવા દો મુને, ફરી કહુ નહિ બીજીવાર; મારા સમજો કામની, નેત્ર ભરો જળધાર. ૨૯ નારી કહે સુણો કંથજી, તમ વિના ઓશીયારી થાઉ;તમ વીજોગે સઉ તજુ, પાન ફળ નહી ખાઉ. ૩૦ હાજર રહેતું સાસરે, પલંગ તજુ ભરથાર; ખટરશ ભોજન નહી કરૂ, શણગાર સજુ નહી લગાર. ૩૧ વેહેલા આવજો નાવલા, જોઇશું તમારી વાટ; જ્યારે તમને દેખશું, ત્યારે ટળશેઉચાટ.

ચોપાઇ—મનમાં નારી ચીતવે આપ, ક્યારે ઘરમાંથી જાએ પાપ; પણ મોહોડે કાલાવાલા કરે, તેતો સ્વામી સાચુ ધરે. ૧ એમ કહીને સુતા નર નાર, અટલે થયું ત્યાં સ્વાર; સોમદત્ત ત્યાંથી ઊઠયો સહી, અસનાન દાતણુ કીધું તહી. ૨

ભોજન કરવા બેઠા માતને તાત, સાથે બેઠા પાંચે ભરાત; ત્યારે સોમદત કહે પીતા સુણો, એકવચન કહુ તેની હા ભણો. ૩ વહાણુમાં માલ ભરૂં અપાર, પરદેશ જઇ કરૂ વેપાર; માટે અમને આગ્ના દીજીએ, શુભ મહુરત જોઇ પંથ લીજીએ. ૪ ત્યારે બોલ્યા માતને તાત, અરે પુત્ર તું સાંભળ વાત; શા માટે પરદેશે જાઓ, એવડુ દુખ શાને ચાહો. ૫ આપણે દ્રવ્ય છે અપરમપાર, આંખ આગળથી જાઓ બાહાર; મારી વરધ ગ્યવસ્થા થઈ, આંખ આગળથી જાતું ઘટે નહી. ૬ બીજા તો છે નાના કુમાર, તમારે માથેછે સઉ ભાર; એને સમજણુ થાય જાહરે, તમો વીદેશ જાજો તાહરે. ૭ તારે પુત્ર કહે જઇશુ અમો, શાને ના કહોછો તમો; થોડા દીવસમાં આવશુ, જશ અતી લાખેણો લાવશું. ૮ માથે માબાપ બેઠા છે સાર, ત્યાં સુધી જવાશે બહાર; પછે ચિંતા અદકી થાય, ત્યારે અમથી ક્યાંથી જવાય. ૯ માટે અમને આગ્ના દીજીએ, હવે અમે પંથ લીજીએ; તારે માબાપે વિચાર્યુ મન, હવે કહ્યુ માનવાનો નહીં તન. ૧૦ માત તાત કહે વેહલા આવજો, કુશળ વાત પેહેલી કહાવજો; પછે પંડીતે મહુરત જોયુ સાર, આજથી ચોથે દહાડે નીરધાર. ૧૧ વહાણુની સજાઈ કરી, જણુસમાલ તેમાં બહુ ભરી; ઘેર ગુમાસતા થયા તઇયાર, ચાકર નફર અપરંમપાર ૧૨ હવે સવારે નીસરવું સહી, પિતા પ્રત્યે વાણી કહી, ત્યારે સોમદતે વાણી કહી. રાતે કુટુંબ મળવું તહી. ૧૩ ભાઈ ભોજાઇ પણ બેઠાં પાસ, સોમદત કહે આણી હુલાસ; જેને જે જોઈતું હોય સાર, તમો તે લખાવો નીરધાર. ૧૪ શું જોઈએ તે કહોની તમો, નીસ્ચે કરીને લાવુ તમો; તારે બોલી તેની માત, સાંભળ પુત્ર માહારી વાત. ૧૫ એક નઉતમ સારૂ લાવજો ચીર, જેમાં હોય શાત રંગનું હીર; તારે બેહેન કહે સાં-

મળજો ભાઈ, જે કાંઈ હોય લાવજો નવાઈ. ૧૬ બાત કહે તમને ગમતું જેહ, નવલ વસ્તુ કાંઈ લાવજો તેહ, જેને જેવું ગમતું મન, તેણે તેવું કહ્યું વચન. ૧૭ સરવનાં લખી રાખ્યા નામ; જેને જેવું હતું કામ; તે કાગળ રાખ્યા પોતા કને, પછે ગુમાસ્તા પ્રતે વાણી ભણે. ૧૮ જાહરે આપણે આવવાનું થાય, તે વખતે સંભાળજો તાંહ; એટલે રાત પડી જાહરે, પોતે મેહેલ આવ્યો તાહરે. ૧૮ પછે બોલ્યો નારીની સાથ, સાંભળ અસ્ત્રી મારી વાત; તાહારે જોઇતું હોય જેહ, મારી પાસે મંગાવો તેહ. ૧૯ તારે નારી બોલી વાણ, એ જુઠી વાત શાને કરો જાણ; સાંભળો સ્વામી ચતુરચજાણ, અમને લેખામાં નહીં આણ. ૨૦ સરવને આણી આપશો સહી, મંગાવું તે લાવો નહી; ત્યારે શોમદત્ત કહે સાંભળો વાણ, તુજને મેં સોંપ્યોછે પ્રાણ ૨૧ સરવનું પછી લાવશું સહી, તમારૂ પ્રથમ લાવશું અહી; ત્યારે નારી કહે સાંભળો ભરથાર, એ મારા મનનો વિચાર ૨૨ માહારા મનમાં છે બહુ ભાવ, મારે એક જણસનો છે અટકાવ; ગુમાસ્તા પાસ મંગાવસો નહિ, તમો જાતે લઇ આવજો સહી. ૨૩ કોઇ ના જાણે તેનું નામ. માહારે છાનું છે તે કામ; તારે કંથ કહે સુણો તમો, છાનું માનું લાવી આપીશું અમો. ૨૪ તારે અસ્ત્રી કહે ભરથાર, મારે અસ્ત્રીચરીત્ર જોઇએ આ ઠાર; જો લાવોતો લાવજો એહ, તારે હું જાણીસ પુરો સ્નેહ ૨૫ પણ હું એટલું જાણુંછું સ્યામ, પણ મારૂ થવાનુ નથી કામ; બીજાનું લેઈ આવશે સહી, મારી વસ્તુ લાવવાના નહિ. ૨૬ ઘેલી નારી તે ઘેલું કહ્યું, તારી વસ્તુ લાવ્યા વિના કેમ રહું, કાગળમાં લખી લીધું તેહ, નારીએ મંગાવ્યુ જેહ. ૨૭

દોહરા—વાત કરતાં રાત એમ વહી ગઇ, થયુ છે સવાર; શોમદત્તે ઉઠી કરી, અશનાન કીધું તે ઠાર. ૧ ભોજન કીધાં ભાવતાં, જવા થયા તઇવાર; માબાપની આગ્ના લેઇ કરી, સ-

ઉને કરયો જુહાર. ૨ શુભ શકુન વદી કરી; ચડયા પોતે તહાં વાહાણ; સહુ વળાવી પાછા વળ્યા, ઘર ભણી નીરવાણ. ૩ સ્ત્રી કહે બલા ગઇ, પરદેશ ગયો ભરથાર; કલોલ કરીશુ કરારમાં, હુને મારો જાર. ૪ હવે વાહણ ચાલ્યા જોરથી, ભર દરીઆ મોઝાર, સાત માસ એમ વહીગયા, એક નગ્ર આવ્યું તે ઠાર. ૫ વાહાણ જઈ તાં નાગરયા, હરખ પામ્યા મનમાંય; માલ ઉતારયો તે શેહેમાં, વેચવાની બહુ હામ ૬ તે ગામનો એક વાણીઓ, જુલાશા પારેખ નામ; તે ભારે માણસ અતી ઘણો, સહુ આગ્ના પાળે તે ઠામ ૭ તે ગામમાં ડાહ્યો ઘણો, સહુ પુછી કરેછે વાત; શોગદત્તે મિતરાઇ કરી, તે વાણીઆ કેરી સાથ. ૮ ત્યાં ખાવું પીવું એકઠું, સુવુ તેને ઘેર; પછે વાત રાતે કરે, ભેળી થઈ ત્યાં પેર. ૯ ત્યાં માશ ચાર એમ વહી ગયા, ત્યારે વેચાયો માલ; નવો ભરયો તે વહાણમાં, પછી વિચારયું તતકાળ. ૧૦ દાણ મેશુલ ચુકાવી આપીયું. કીધા સહુના હીશાબ; જવાને તતપર થયા, ત્યારે વિચારયુ મન આપ. ૧૧ પેલો કાગળ પેટી માંહથી, તે વેળા કહાડયો બહાર; તે ગુમાસ્તાને આપીઓ, તમો જાઓ બજાર, ૧૨ વાંચી વસ્તુ સઘળી લીઓ, આપે મુલ મોં માગ્યા દામ: સઘળી વસ્તુ લાવો અહીં, એટલું કરીઆવો કામ. ૧૩ કહીતી પેલી સ્ત્રીએ. તે કોઇને નવ કહી વાત; તે કાગળ આપ્યો નહિ. વસ્તુ લાવશુ આપણા હાથ. ૧૪ ગુમાસ્તો ગયો બજારમાં, લાવ્યો સઘળી વસ્ત; સહુ તે આવ્યા વાહાણમાં, સોંપી સોમદત્તને હસ્ત. ૧૫ પછે હરખ પામ્યો મન વિખે, પોતે ચાલ્યા બજાર; અસ્ત્રી ચરીતર પુછયો જઈ, પણ કાંઇ ન મળુ લગાર. ૧૬ જે સાંભળે તે વીસ્મે પડે, સહુ મનમાં જાણે એમ; આ મુરખ કોઇ દીસે ખરે, મોટાને કહીએ કેમ. ૧૭ ગામ મધે ફરી વળયો, પણ કોઈએ કહી નહી હાય; અરે દઇવ હવે શું કરૂ, અસ્ત્રી ચરીત્ર મળશે ક્યાંય. ૧૮ એમ ચાર દીવસ

ફરયો સહી, મુકી મનની આશ; પછે મન વીચારી આવીઓ, ભુલા પારેખની પાસ. ૧૪ શેઠે માન દીધું ઘણું. જાણી મોટાનો તંન; હાવ ભાવ કીધો ઘણો. સંતોષ્યા બઉના મંન.

ચોપાઇ—શેઠ કહે ભલે આવીયા, આજ અમારે મન ભાવીયા; કાંઈ એક કાજ અમ સરખુ કહો. સુખે ઘર તમારૂ રહો. ૧ સોમદત્ત બોલ્યો વાણ, કાલે ઉપાડવાના વાહાણ; માટે બોલ્યુ કરજો માફ, તમ ઘેર સુખ પામ્યા બહુ આપ. ૨ શેઠ કહે માયા તમારી ઘણી, કેમ આતા આવુ જાવા તણી; થોડા દહાડાતો રહો શહી, જવાની ઉતાવળ કેમ થઇ. ત્યારે કુંવર બોલ્યો વાણ, માલ ભરયાછે બહુ વાહાણ; બીજા બંદર ફરવુ સહી, જોઇતી વસ્તુ મળે નહીં; ત્યારે શેઠ કહે શું તેનું નામ, જે જોઇએ તે મલશે આ ગામ; બીજા મુલકમાં જે નનીકળે, તે વસ્તુ અહીંયાથી મળે. ૫ તમારે જે જોઈતે કહો, તે અમારી પાસે માગી લો; તે પેદા કરી આપુ સહી, એવી વાણી શેઠે કહી. ત્યારે બોલ્યો વીરચંદનો તંન, સાંભળો શેઠ માહારૂ વચન; અસ્રીચરીત્ર જોઈએ છે સાર, તે ગામમાં મળતુ નથી લગાર; અમો ફરીને થાકયા સહી, કોઈએ હા કેહેવાઈ નહિ. તે શેઠ સાંભળી વિસમે થયો, પછે બોલ કુંવરને કહ્યો. ૮ પ્રથમ મન કર્યો વીચાર, રખે મશ્કરી હોય લગાર, વળતી શેઠ એમ બોલ્યા વાણ, સાંભળ શોમદત્ત ચતુર સુજાણ; તે વસ્તુનો સો અટકાવ અસ્રી ચરીત્ર ઉપર કોનો ભાવ; ત્યારે શોમદત્ત બોલ્યો વાણ, અસ્રી મારી ચતુર સુજાણ. સતી સાધવી પુરણ પ્રીત, તે રામાની એવી રીત; મે કહ્યું તારે જે જોઇએ તે મંગાવ, જે સઉ તારો હોય ભાવ; હમે વીદેશ નીકળ્યા જાહરે, કામનીએ કહ્યું તાહરે, કહ્યુ સ્વામીને વેહેલા આવજો, મારે કાજે અસ્રીચરીત્ર લાવજો, આ ગામમાં ફરી ફરી થાકયો સહી, આ

ગામમાં મલ્યું નહી; હવે અમે જાશું બીજે ગામ, સોધી લાવું અસ્ત્રીચરીત્ર નામ. જો જડશે તો જવાશે ઘેર, નહિ તો ખાઈને રહીશું ઝેર; ત્યારે શેઠ સમજ્યા મન મોઝાર, પુરૂષ મુરખ છે ગુમાર. હું મોટો જાણુતોતો સરવથી, એથી મુરખ કોઇ નથી; પછે શેઠ ત્યાં બોલ્યા વાણ, સાંભળો શોમદતજી ચતુર સુજાણ, એ વસ્તુ અમારી પાસ, અમો તમારી પુરૂં આશ; એ પૃથ્વીમાં સોધી નહી જડે, તે અમારે ઘેરથી નીકળે. ૧૬ હમો બીજાને કહીએ નાય, પણ તમને ના કેમ કેહેવાય; પણ એ વસ્તુ ભારે સહી, ઉતાવળે હાથ આવે નહી. ૧૭ માટે કહુતે કશેની પેર, વાહાણ ગુમાસતા મોકલો ઘેર; તમો હમારે રહો ધામ, થોડા દીવસમાં કરીસુ કામ. ૧૮ ત્યારે વિચારી તેણે વાણ આવ્યા પાછા જ્યાં છે વાહાણ; ગુમાસતા પ્રતે બોલ્યા એમ, કહો હવે કરીશુ કેમ. ૧૯ તમો વાહાણ હંકારી જાઓ, હવે તમો શીદ ખોટી થાઓ; હમે ગુપત જાતરા માની છે સહી, હમે અહીંઆથી જઇશુ સહી. સઉ હીસાબ સોંપજો બાપને હાથ, માંડીને કહેજો સઉ વાત, આજ કાલમાં પોતે આવશે, તેથી તેને ચીંતા નહી થશે, એમ કહી વાહાણ વળાંવ્યા સાર, પોતે આવ્યા શેઠને દવાર, શેઠ કહે સુખે રહો આ કાગ, અસ્ત્રી ચરીત્ર લેઇને જાજો ગામ; એમ કહીને ઠેકાણે થયા, શોમદત શેઠને ઘેર ગયા; વહાણ ત્યાંથી પોહોત્યા ઘેર, તેને માંડી કહી સરવે પેર. ૨૩.

દોહરા—આઠ માસ એમ વહી ગયા, સુઝ્યા પારેખને ધામ; ત્યારે શોમદત્ત વાણી વદે, શેઠને કરયો પ્રણામ. ૧ શેઠ તમે આપ્યુ નહી, પેદા કરી સ્ત્રી ચરીત્ર; ઘેર નારી વાટ જોશે ઘણી, ત્યાં થઇ જશે વીપ્રીત. ૨ ત્યારે શેઠ કહે રહો સાંસવા, કરૂં તમારૂ કાજ; એક ગુણકા ગુણની આગળી, જેનું ગુણવશ છે ના-

મ; બોલાવી તેને તે સમે, જેમાં બહુ ચતુરાઈ કામ; તે પ્રપંચ ભેદ જાણે ઘણું. આવી કર્યો પ્રણામ. ૪ શો હુકમછે શેઠજી, તમ વચનની બાંધી રહુ; અજર કરૂં તમ વાતથી, કહોતો સુસતક દઉં. ૫ ત્યારે શેઠ કહે ગુણકા સુણો, તમોછો ચતુર સુજાણ; કામ તમારૂંછે સહી, તે કહુ તમને વાણ. શેઠ આવ્યાછે આમ તણા, જાણો આમારો સરદાર; સ્ત્રીચરીત્ર એને આપવુ, માટે તેડીજાઓ એને દવાર. ત્યારે સલામ કરી ગુણકા કહે, એ અમારૂં કામ; સમજી મન ગુણકા સહી, એનું તે મુરખ નામ. પછે સાથે લીધો શેઠને, આવી પોતીકે ધામ; કોણ દેશમાં રહો તમો, શું છે તમારૂ નામ. ત્યારે શોમદત્ત કહે સાંભળો, અરે ગુણકા ગુણવાન; અમો વાણવટીના પુત્ર છઉં; સોમદતછે માહારૂં નામ, સ્ત્રી મારી ઘેર છે, તેણે મંગાવ્યુ એહ; સ્ત્રી ચરીત્ર લેઈને આવજો, તમને કહુંછું તેહ. સમજી તેનું સાનપણુ, ટાળ્યું ઉઠી વાટ. અરે ચીંતા શેઠ કરશો નહીં, ટાળું તારો ઉચાટ. સ્ત્રીચરીત્ર મુજ કને છે સહી, તે તમને આપીશ સાર. ધીરજ થકી મળશે સહી, ઉતાવલ નહીથાય લગાર. તે શેઠ ગુણકાને ઘેર રહ્યા, વપુએ વીચારી વાત; શેઠ ચરચા જુવે ઘર તણી, એમ વહી ગયા માસ સાત; ત્યારે શોમદત કહે ગુણકા શુણો. આપો અસ્ત્રીચરીત્ર; માસ સાત તો વહી ગયા, એને ક્યાંની રીત; ત્યારે ગુણકા કહે કહુ તે કરો, ધાઓ નારીને રૂપ; તો અસ્ત્રીચરીત્ર દાખવું, થાજો ભારેખમ ભુપ. ૧૬ શોળશણુગાર અંગે ધરો. પેહેરો નવરંગ ચીર; તેને રૂપકો ઓળખે નહીં, જાણેસુધ નારીનું શરીર. વરસ શોળનાં સુંદરી, ભરજોબન બાળે વેશ, કરટે દેખતાં ધીરજ રહે નહીં, ત્યાં થાય કામ પ્રવેશ; તે ગુણકાએ કર ઝાલીઓ, લઇ ગઈ પોતીકે સાથ, તેને ગુણકાએ શિખવી, સમજાવી સહુ વાત. જે કહુ તે હા કહેવી સહી, ચરચા જોવા રાત દન; તમને સ્ત્રીચરીત્રમળશે સહી, માનજો સત્યવચન.

ચોપાઇ—એમ સમજાવી ગુણકાએ વાત, તેડી ગઈ પોતીકી સાથ; શીવદત્ત શેઠ છે વેહેવારીઓ, નગર બાધામાં જુગ જાણીઓ; વળી લક્ષ્મી ઘણાં ઘર સુત, પ્રતાપચંદ તેનો એક પુત્ર, તે લાડકવાયો એકનો એક, વપુએ સુંદર વધુ વિવેક. ૨

તે વાહાણ ભરી વિદેશે ગયા. તેને બાર વરસ જોતા થયા. તે તણી ઘરમાં છે નાર, સુંદર રૂપને ગુણ ભંડાર. ૩ માનુની તે સરવેમાં ડાહી, લક્ષણવંતીને લાડકવાઇ; સસરો પુછીકરે સઉવાત, કારભાર સહુ વહુને હાથ. ૪ રતનમાલ છે તેનું નામ, ગુણ જાણે છે બાધું ગામ; તે શ્રીમંત છે મોટો સાહેબ, ગામ બધાનો ચુકવે ન્યાય. ૫ ગુણકાએ વીચારી પેર, તેડી ગઇ તે શાહાને ઘેર; ગુણકાએ ઝાલ્યો તેનો હાથ, તેડી લાવી જ્યાંછે સહુ સાથ. ૬ ગુણકાએ જઈ કરયો પ્રણામ, જ્યાં બેઠો શીવદત તે ઠામ; માહારાજ એક છે મારૂં નામ, આવી જાણી શાહુકારનું નામ. ૭ આ સાહુકારની કોછે નાર, સસરો તેડી લાવ્યો આ ઠાર; અનેકહું આને રાખો તમો. એના વરને તેડી લાવું અમો. ૮ મારો પુત્ર ગયો પરગામ, તેને તેડી લાવુ આ ઠામ. તે પુતરની વહુ આ થાય; અમો ગયાતા આણું કરવાય. ૯ સાથે એને તેડીને જાશું. માટે તમ ઘેર મુકી જાશું, અમો પુતરને તેડી લાવુ જાહરે, એ વહુને તેડી જસુ તાહરે. તેનો સસરો મુકી ગયો, માહારા મનમાં અંદેશો થયો; એનો રાખ્યું અન કહેવાય, મારાથી તે કેમ રખાય. ૧૧ હમો છીએ ગુણકાની જાત, આળ શેહેજનાં આવે નાથ; ન હોય તો લોક અમને કહે, ગુણકાના ઘરમાં કેમ રહે. ૧૪ તમો શાહુકાર સરવથી; તમારી આબરૂમાં બાકી નથી; માટે અહીં રાખો તમારે ઠામ; એટલું અમારૂં કરવું કામ. એનો ધણી સસરો આવશે જાહરે, તમ પાસેથી લેશું તાહરે, શાહુકારથી ના કેમ કહેવાય, સુખેથી મુકી જાઓ આંહ; એ વાતના લખ્યા કીધ, પંચમળી પરમાણજ લીધ; અમારા પુતરની વહુ છે જેહ, તેની પાસે રહેશે એહ. ૧૫ એવું કહીને રાખી પાસ, ગુણકા આવી પોતીકે અવાસ, સસરાએ બોલાવી વહુ, વાત માંડીને કહી છે સહુ. ૧૬ ત્યારે વહુએ ઝાલ્યો તેનો હાથ, તેડી લાવી પોતાની સાથ આવો બેસો સુખે રહો, કામ હોય તો અમ સરખુ કહો, હવે રતનમાલ છે જેનામ, ચતુર છે તે અપરમપાર; નખશીખ તેને જોઇ સહી, પછે મન વિચાર્યુ નહી. ૧૮ લક્ષણ જોતા અપરમપાર, એ પુરૂષછે નથી

એ નાર; પરીક્ષા પુરી કીધી શહી, નીશ્ચે પુરૂષ એ નારી નહી.

દોહરો—રતનમાલ વળતુ વદે, સાંભળ નારી વાણ, સાચુ બોલશો તો જીવશો. જુઠે ખોશો પ્રાણ. ૧ નારી નથી તું નર છે, મેં નીશ્ચે જોયા એંધાણ. કપટ કરી કેમ આવવું પડયું, સાચી કહોને વાણ. ૨ કટાર કાઢયો એક ચળકતો, ક્રોધ કરીને રીસ; સાચુ બોલ તું કોણછે, નહીતર છેદું શીશ. ૩ તે બીન્યો બાપડો વાણીયો, થરથર ધ્રુજે દેહ; આંખ ઊંચી ચડી ગઈ, પછી બીતો બીતો કહે. ૪ જો ગમેતો માર તું દયા આવેતો ઉગાર; હું કપટથી આવ્યો નથી, તે સાચુ કહું વિસતાર. ૫ હું વાણુવટીનો પુત્ર છું, આવ્યો ભરીને વાહાણ; તું સરખી નાર માહરે, તેણે કહીતી વાણ. ૬ મારે કાજે શું લાવશો, પરદેશ જાઓછો ભરથાર; મેં કહ્યું જે ગમે તે કહો, લાવતાં ન લગાડું વાર. ૭ કહ્યું સ્ત્રીચરીત્ર લઇ આવજો, વચન આપ્યું હાથ; ત્યાંથી આવ્યા આ દેશમાં, તે સાચી માન તું વાત. ૮ મેં માલ બધો વેચ્યો સહી, પછી નવો ભરયો મેં માલ; અસ્ત્રીચરીત્ર ખોળ્યુ ઘણું, પણ કોઈએ ન કરી ભાળ. ૯ પછી જુલા પારેખ આ ગામમાં, તેનો વડો વેહેવાર; તેણે કહ્યું તમે રહો સહી, અસ્ત્રીચરીત્ર આપુ નિરધાર. ૧૦ એમ સાંભળી હું હરખીઓ, વળાવી દીધાં મેં વાહાણ; આઠ માસ એમ વહી ગયા, ત્યારે જુલા પારેખને કહી વાણ. ૧૧ શેઠજી દહાડા ઘણા થયા, ક્યારે કરશો અમારૂ કામ; ત્યારે ગુણકા બોલાવી તે સમે, જેનું ગુણવરાહછે નામ. ૧૨ તેને સેઠે વાત સરવે કહી, ત્યારે ગુણકાએ વિચારી પેર; કહ્યું અસ્ત્રીચરીત્ર આપુ અમો, તમે આવો મારે ઘેર. ૧૩ ગુણકા સાથે અમો ગયા, ત્યાં પણ રહ્યા માસજ સાત; કહ્યું અસ્ત્રીચરીત્ર આપો હવે ત્યારે ગુણકાએ કહી વાત. ૧૪ મને કહે નારી થાઓ તમો, આવો મારી સાથ; સમજાવ્યો સહુ સાથને, સોંપી તુજ સસરાને હાથ. ૧૫ એ હકીકત માહરી, જુઠી વાતે ઇશ્વર ની આણ; હવે તુજ શરણ આવ્યો સહી, ઉગારોકે લ્યો પ્રાણ. ૧૬

ચોપાઇ—વાત સાંભળી તે હરખી નાર, રતનમાલે કરો વિચાર; મુરખ બીચારો એછે રાંક, નથી વાણીઆનો વાંક. ૧ શા

માટે હવે એને હણું, મનમાં તે વીચાર્યુ ઘણું; એની પુરી પાડું હું આશ, પ્રીત કરી રાખું મુજ પાસ. ૨ હવે તનમનધન એને આપીએ, જોબનનો લાવો લીજીએ; વળી અચરીજ દેખાડું સહી, તે ખબરદાર કરૂ એને ચાહી. ૩ નારી પછી ત્યાં બોલી વાણ, સોમચંદજી તમો ચતુર સુજાણ; અચરીજ આપું હુલાસ, તેતો છે અમારી પાસ. ૪ માને બોળાશો બધું ગામ, થાશે અમારાથી એ કામ; હવ ખાઓ પીઓ રંગે રમો, ભોજન ભુજમાં બેશી જમો. એમ કરી સંતોખ્યુ મન, ધરીને લીધું આલીંગન; રાતે ભોગ ભોગવે અપાર, દીવસે થઈને રેહેછે નાર. ૬ એમ ઘણા દીવસ ગયાછે વહી, એ વાત તો કોઈ જાણે નહિ; વરસ એક થયું જાહરે, શું કઉતક થયું તાહરે. ૭ વીદેશ ગયો હતો તેનો ભરથાર, તે સફર કરી આવ્યો તે ઠાર, લાવ્યો અલેખે અઢક ધન, પ્રતાપચંદ શીતલની તન. ૮ વધામણી આવી જેટલે, શીવસત શેઠ હરખ્યો તેટલે; હરખીને આવી તેની માત, મોતી થાળ ભરી લીધી હાથ. ૯ તેર વરસે ગયો આવ્યો તન, મા બાપનું ઘણું હરખ્યુ મન; વધાવી લીધો કુમાર, તેડીને લાવ્યા ઘર મોઝાર. ૧૦ સજન કુટુંબ સરવે શહી, મળવાને આવ્યાછે તહીં; માહાજન નગરના લોક, મળ્યા બેટયા સહુ ટોળી થોક; ૧૧ કરણે કુંડળ ઝળકે જોત, કરી શશીના જેવો ઉદ્યોત; વહાણ સાત ગયોતો લઈ, ચાળીશ વાહાણ કમાયો તહી. ૧૨ તે વાહાણ હજુ કાંઠે નાંગર્યાં, તેમાં માલ અમરીત ભર્યા; પીતા પુત્ર બેઠાંછે પાસ, કરવા બેઠા વાત પ્રકાશ. ૧૩ કહો પુત્ર તારૂ વરતાંત, આજ તેર વરસની ભાગો ભ્રાંત; તે સાંભળવાનું છે અમો, શો અરથ કમાયા તમો. ૧૪ કોણ કોણ સાથે આડત કરી, ચાળીસ વાહાણકેમ લાવ્યા ભરી; શોશો માલ તેમાં ભર્યો આજ, તેર વરસની વાતો કરી. ૧૫ પુત્ર કહે સાંભળીએ તાત, હમણાતો નહિ કરીએ વાત; આજતો અમને આગ્ના દીજીએ, વીતી વાત કાલે કીજીએ. ૧૬ આડતીઆનો જે હીસાબ તે સહુ વાહણે કીધાસ: તે માલ સરવે નોંધ્યોછે સહી, કાલે તમને દેખાડાવીશું અહીં; હવે રજા આપોતો મોહોલે જાઉં, ઘડીચાર સુઈને

સુખીઓ થાગ. ૧૮ એવે પડીછે ત્યાં રાત, આગ્ના આપીછે પુત્રને તાત; સહુ સહુને ઠેકાણે થયા, પ્રતાપચંદને મોહેલે ગયા. ૧૯

દોહરો—ત્યારે નારીએ વીચારીયું, જે આવ્યો મુજ ભરથાર; પેલો પુરૂષ ઘરમાં હતો, તે સાથે કરયો વિચાર. ૧ તમો ગુપ્ત ઓરડામાં બેશી રહો, જેમ ન આવે જાણ; માંહે અચીંચરીત્ર દાખવ્યું, તમો જોયા કરો આય. ૨ એટલે કંથ ત્યાં આવીયો, નારી લાગી પાય; આજ તેર વરસે સ્વામી મળ્યા, મારે હઈડે હરખ ન માય. ૩ ધન દીવસ આજ માહરો, જે ઘેર આવ્યા ભરથાર; તમો મારે કાજે શું લાવીયા, તે આપો કર મોઝાર. ૪ તારે કંથ કહેરે કામની તું, વહાલી મુજને પ્રાણ; એક તારે વાસ્તે લાવ્યો સહી, બાકીતો છે વાહાણ. ૫ નવી નવી વસ્તુ લાવ્યોસહી બાકીતો છે વહાણ; તે સહુ પડી છે વાહાણમાં, કાલે લાવશુ ઘરમાંહે. ૬ ચીર લાવ્યો એક ચમકતો, હીરા રતન જડાવ; બહુ મુલ મોંઘુ ઘણું, ઝાઝું મોતીડે જડાવ. ૭ સવાલાખ રૂપીઆ આપીઆ, તે તમારે કાજ; તે લેઈ મુખ આગળધરૂ, સો પરેમદા તમે આજ. ૮ તે જોઈ હરખી પરેમદા, લીધું પોતીકે હાથ; ખાન પાન કીધાં ઘણા, પછે કીધી વીતકની વાત. ૯ ભોગ કીધાં મન ભાવતાં, સુતા સુખે સેજ; જાણે શુરજ પ્રગટ થયો, એવું તપે કુંવરનું તેજ. ૧૦ નિંદ્રા વશ થયો જાહરે, શોડમાં સુતી તે નાર; હાથ ગલેથી કહાડીઓ, ઉઠી નારી તે વાર. ૧૧ ભર નિંદ્રાવસ કંથછે, વિચાર્યું નારીએ તે ઠામ; મુરખ જાતએ ભાનુની, પછે ત્યાં શું કીધું કામ. ૧૨

છપ્પો—મુરખમાં મુરખ તે નાર, અહંકાર અતીશે આણે મુરખમાં મુરખ તે નાર. અમન પોતીકો તાણે; મુરખમાં મુરખ તે નાર, દયા ન આવે તેને કદી; મુરખમાં મુરખ તે નાર, વાત નવ મુકે લીધી; સુરો પુરો રાજવી, રંગ રૂપ તેને કશો; તે વિનતાને મન કશો, વાહાલો તેને મન વશો. ૧

ચોપાઈ—તે નારીએ અતી મુરખપણું, પછી શું કામ કર્યુ નારીએ ઘણું; ભર નિદ્રામાં દીઠો ભરથાર, કાઢ્યો કામનીએ કટાર. ૧ ડીચણ મુક્યાં છાતી ઉપરે, કટાર લઈ મુક્યો છે ગળે; મોઢે પરપોટા આવ્યા સહી, જીવ ગયો તેનો તતક્ષણ તહી; પેલો

શોમદત્ત જુવે છે દ્રષ્ટ, ઘણું તે પામ્યો કષ્ટ; થરથર થરૂજવા લા ગ્યા દેહ, કુટકુટ નારી શું કીધું એહ. ૩ ચાદરમાં બાંધી ગાંસડી, મથે મુકી બાહાર નીસરી; જઇ નાંખ્યો તેને દરિયા માંહ, પછી આવી ઘરમાં તાંહ. ૪ પછી બોલી શોમદત્ત પ્રતે વાણુ, એ આ ચરીત્ર જોયુ નીરવાંણું; ત્યારે શોગદત્ત કહે સાંભળ નાર, મીથ્યા મારયો તારો ભરથાર. ૫ એમાં સ્ત્રીચરીત્ર શું કહેવાય, તને મા રતાં કેમ ન આવી દયા; હજી બાપને મળ્યો નહી, સુખ દુખની વાતો કીધી નહીં. ૬ ત્યારે નારી કહે સાંભળજો જાર, તારા ઘ-રમાં છે એવીછે નાર; સ્ત્રીચરીત્ર મગાવે સહી, તેનુ પ્રાક્રમ કરે નહીં. ૭ ત્યારે શોમદત્ત કહે કહુશુ કથી, મારે ઘેર એવી નારી નથી; સતી સાધવી છેરે નાર, એવું કામ ન કરે લગાર. ૮ રતનમાલ કહે આવશુ તમ ઘેર, સઘળી બતાવીશુ પેર; તને સ્ત્રીચરિત્ર આ પવાને સાર, મેં મારયો મારો ભરથાર. ૯ હવે તમે કરો એક કામ, પાછા જાઓ ગુણકાને ધામ; વાત સરવ માંડીને કહો, થોડા દીવસ ગુણકા ઘેર રહો. ૧૦ તે ગુણકાને લઇને સાર, પાછા પુરૂષ થઇ આવજો આહાર; એવો બોલ નારીએ કહ્યો, શામદત ગુણકાને ઘેર ગયો. ૧૧ વાત સરવે માંડીને કહી, એ વાત એટલેથી રહી; એટલે ત્યાં ઉગ્યો સવાર, સહુ સુતા ઉઠયા તે ઠાર. ૧૨ શીવદત્ત શેઠ ઉઠયાં ત્યાં સહી, બેઠા વિચાર કરેછે તહી; રતનમાલ પણ ઉ-ઠી નાર, ઘરમાં કામ કરેછે સાર. ૧૩ દીવસ પહોર ચડેછે સહી, શીવદત્ત શેઠ બોલ્યા તહી; આજ ભાઇ કેમ ઉઠયા નથી, દીવસ ચડી ગયો સરવથી, ૧૪ એક ચાકર બોલાવ્યો તે ઠાર, જાઓ કુ-વરને ઉઠાડો સાર, કહીએ દીવસ ચઢ્યોછે ખરો, બાહાર આવીને દાતણ કરો, આ રતનમાલ જે સુંદર નાર, તેણે રસોઇ કરી તઇયાર; આપણ બે ભોજન કીજીએ, આજ તેર વરસે લાવો લીજીએ. ૧૫ ચાકરે આવી કીધો સાદ, પણ કોઇએ ન દીધો જ-વાબ; સાદ ઘણા એક પાડ્યા સહી, પછે ઓરડો ઉઘાડયો તહી. ૧૭

દોહરો—ઓરડો ઉઘાડયો ત્યાં સહી, ન મળે સાહાનો તન; પાછો આવ્યો શેઠ કને, કરજોડી કહે વચન. ૧ ઓરડામાં કોઇ નથી, અમે જોયા ખુણાચાર; સેજ સુની પડી તહીં, પણ તમ

પુત્ર મળે નહીંવાર. ૨ ત્યારે શેઠે વિચાર્યું મન વિશે, ડીકો હશે સવાર; પ્રાતસકાળે ઉઠીને ગયો, હશે કાંઇ બાહાર. ૩ વહુ પાસે સસરો આવીઓ, બોલ્યો એમ વચન; કંથ તમારો કયાં ગયો, પ્રાતસકાળે ઉઠી પાવન. ૪ ત્યારે વહુ કહે સસરા સુણો, શું વંઠયું આપણું કાજ; શું કરૂ મારા તાતજી, મને કહેતા આવેછે લાજ. ૫ લક્ષણવંતાએ લક્ષણ લહ્યું, ખોઇ લાખ ટકાની લાજ; તે તેમ આગળ શું કહું, તમ પુત્રથી આવ્યાં વાજ. ૬ એમ કહી જળ નેંણે ભર્યાં, સાંભળો સસરાજી વચન; હવે લાજ ઇજત રહેશે નહીં, એવું કીધું તમારે તન. ૭ હવે ઈજત જશે સહુ લોકમાં, લુંટાશે ધનમાલ; આબરૂના થશે કાંકરા, એવું કીધું તમારે બાળ. કાલ ગતે આવ્યા મોહોલમાં, ત્યારે દીઠી પેલી નાર; તમે સુતે સોંપીતી શેઠજી, જેનો પરદેશ ગયો ભરથાર. ૯ ભરજોબન દીઠી ભામની, તેણે લલચાયુ ત્યાં મન; મને કહ્યું આ કોણછે, એને દીધું આલીંગન. ૧૦ મેં કહ્યું નારછે પારકી, એનો પરદેશ ગયો ભરથાર; તે સાહુકાર જાણી સોંપી ગયો. એ આપણો નહી વેહેવાર. ત્યારે રીશ મુજપર કીધી ઘણી, દીધી અદકી ગાળ; ભોગવું હું એ ભામની, મને એ ઉપર બહુ ખ્યાલ ૧૨ મારૂં કહ્યું માન્યું નહી, ને કીધો તે શું જાર; પછી સવારે ઉઠી જોયું સહી, તો નથી એ શેજમાં ભરથાર. ૧૩ બારણાં ઉઘાડયાં ઓરડા તણા, નહી તો પેલી નાર; શું જાણીએ તે શું થયું, કયાં ગયા રાંડને સાંડ. ૧૪ સસરાજી સાચુ કહું, ગમેતો મુજને ભાંડ; સસરો સુણી વિસમે થયો, સાચી વહુની વાત. ૧૫ સાસુએ સાચુ માનીયુ, પછે ઘસવા માંડયાં હાથ. ૧૬ તે નારી લેઇ જતો રહ્યો, શી થાશે પેર; દીકરાએ દુખ દીધું ઘણું, મોટો કીધો કેર. ૧૭ હાય હાય હવે શું કરૂ, એમ શીવદત કરે રૂદન; એ વહુનું કહ્યું માન્યુ નહીં, એવો મુરખ તન. ૧૮ ડાટ વાળ્યોરે દીકરા, અણઘટતું ધીધું કામ; સહુ લોકને જવાબ શું દહુ, વેપારી આવ્યા આ ઠામ. ૧૯ હવે કયાં જાઉને કયાં રહુ, એમ કહી કુટે છાતીને શીશ; રોવા લાગ્યો ડોસલો. પાડીને બહુ ચીશ. ૨૦ જુલમ કરયોરે રાતમાં, હવે શી થાશે પેર; કાલે કંથ આવશે. વહુ માગવાને ઘેર ૨૧ હવે ઝેર ખાઇને હું મરૂ, કે જળમાં જઈ ઝંપલાઉ; કંઠે ફાંસો ઘાલી મરૂ, કે હાથે વિખ ખાઉં. ૨૨

છપ્પો—ગયો વિદેશે જન, કુશળ કોઈ એક દીન આવે; ગઈ આવે છે નાર, ગએલું ધન પણ આવે, ગઈ આવે વિદ્યાય, જો દીન પ્રતે ગાયે; એક ગયું ન આવે જોબન, એ અવસર કોણ કાજનો; સામળભટ સાચુ કહે. ગુંણ લાખેણો ગયો લાજનો. ૧

ચોપાઈ—હવે લાજનો માહારી જશે, અરે વહુ હવે શી વલે થશે; આજ દીન સુધી હુંનો નરગો; દીકરાથી હું નવ ઠરયો ૧ ત્યારે વહુ કહે સસરાને સાર, તમો દુખ ન ધરશો લગાર; તે આવે ત્યારે કહેજો તમો, એને જવાબ દેશુ અમો. ૨ તમો શાને વિખ ખાઈને મરો, ઉઠો હમણા તો ભોજન કરો; જે થનારૂં હશે તે થશે, પરમેશ્વરને ગમશે તે હશે. ૩ તમારૂ નવ દેવા દઉં નામ, અમો કરૂ એવું કામ; ત્યારે સસરો કહે વહુ સાબાશ, મારે તારી મોટી આશ ૪ તું કુળમાં પ્રગટી રતંન, મુરખ પેટ આવ્યો છે તંન; અરે વહુ તને લાગુ પાય. એવું કરજે જે સોભા નવ જાય. ૫ એમ કહીને છાના રહ્યા પછે ઉપાય તેના શા થયા; દીવસ થોડા થયા જાહરે, ગુણકાએ સુ કામ કરયુ તાહરે, ૬ પેલા શોમચંદને કહી એ વાત, ચાલો હવે અમારી સાથ. પાછા પુરૂષ થાઓ તે ઠાગ, જેવું સોમદત એવું નામ. ૭ તે ગુણકાએ સાથે લીધો સહી, આવી શીવદતનું ઘર છે તહી. આવ્યો પેલી નારનો કંથ, જે ગયો તો વેગળો પંથ. ૮ માટે એની કન્યા દીજીએ, તમને ઓશીગળ શું કીજીએ; સાંભળી શેઠે તેની વાણ, દેહમાંથી ગયો જે પ્રાણ. દીગમુઢ થઈ ગયો તે વાર, મુખે બોલાતું નથી લગાર; ત્યારે ગુણકા બોલી વચન, કેમ શેઠ ઉતર્યુ વદન. ૧૦ ફેલ કરી નયણે જળ ભરો, વાણીઆ ઉદાશી શાને કરો; એમ પારકી વસતુ કેમ ઓળવાય, ફેલ કરેથી નહિ રખાય. ૧૧ આપો નારી પછે મટે શોક, નહીતો મેળવશુ ગામના લોક; શાહુકાર જાણીને આપી નાર, તે માટે તમારો રાખીએ ભાર, જુઠા પડશો ને આબરૂ જશે, હાણ અશારત જોતામાં થશે. ૧૨

દોહરા—ત્યારે શીવદત શેઠ એમ બોલીયા, શીદ ચઢાવો આળ; કાં અબળા બોલો તમો, મારા જીવને જંજાળ. ૧ સાચુ

કહુ સહુ દેખતાં, જુઠે ઇશ્વરની આણુ; તે નારી તો લેઇ ગયો આમારો પુત્ર શેતાન. ૨ તરત વિદેશથી આવીઓ, ઘરમાં રહ્યો એક રાત; તે નારી દેખી મન ચળ્યું, તે લઇ ગયો પ્રભાત. ૩ તેર વરશે આવીયો, મારો લાડકવાયો તંન; જશ કીરતી લાવ્યો ઘણી, વળી લાવ્યો ઘણું એક ધન. ૪ ઘરમાં વહુછે સાધવી, વળી રૂપનું ધામ; તેણે શીખામણ દીધી ઘણી, નવ માન્યું સતાન ૫ કુબુધી થઈ કુંવરને, છપની ખોટી પ્રત; સુખ દુખની વાતો કરી નથી, તેને લેઈ ગયો મુરખ જડ. ૬ હવે ગુનેગાર થયો તાહરો, જે કહો તે સાંભળી રહુ; જેમ મન માને તમ તણુ, જે કહો તે તમને દઉં. ૭ હવે શોર બકોર કરશો નહી, ન જણાવશો ગામના લોક; કરજોડી હું કરગરૂં, શાંત પમાડુ શોક. ૮

ચોપાઈ—એવાં સેઠે કહ્યાં વચન. સુણી ગુણકાને ચડી અગન; શેઠ જુઠું બોલોછો તમો, રાવલે રાવ કરૂંછું અમો. ૧ મારે ધન માલ કાંઈ જોઈતું નથી, નારી એની આપો સરવથી; શેઠ કહે સાંભળજો વાણુ, જુઠું બોલું તો ઇસવરની આણુ. ૨ બીજી વાતે માનવ મન, અસ્ત્રી લેઇ ગયો છે તંન; તું કહેતો આપુ સહુ વાહાલુ, તે વાતે શાક્ષી શ્રી ભગવાન ૩ ત્યારે સોમદતે માંડયું રૂદન, મારી સ્ત્રી અતી પાવન; ધન માલને હું શું કરૂ, અસ્ત્રી વીના તો નિસ્ચે મરૂ. ૪ એમ સોર બકોર કીધો જાહરે, ઘરમાંથી વહુ આવી તાહરે; અરે સસરાજી આ શી રાડ, કેમ માંડી બેઠા છો વઢવાડ. ૫ સસરાએ તો જોડ્યા હાથ, વહુને કહી સઘ વાત; ત્યારે વહુ કહે ઘરમાં આવો તમો, એનું મન મનાવું અમો. ૬ ઘરમાં તેડી કહ્યું વરતાંત, ભાગી તે દાશીની ભ્રાંત; એ કુળજેતી કરશે આચાર, લોક મેળવશે અપરમપાર. ૭ એની સાહ્ જઈશુ અમો, માટે હું કહુ તેમ કરોને તમો; એ કામ આપણું થાતુ હોય, જેમ ન જાણે બીજુ કોઈ. ૮ સસરો સાંભળી તે વચન, શાબાશ છે વહુ તમને ધન; શાબાશ છે તારી જાતને, શાબાશ તારાં માત તાતને. ૯ મારૂ દુખ તમથી ન ખમાય, આબરૂ રાખવાનો તું જાય; એવું કહીને આવ્યા ત્યાંય, સોમદત ગુણકા બેઠાંછે જ્યાંય. ૧૦ કહો ભાઈ હવે કરવું

કેમ, તમે બતાવો કરીયે તેમ; કહોતો ઘરનું સોંપુ સહુ, કહો તો દીકરાની સોંપુ વહુ. ૧૧ વહુછે લક્ષણ ગુણ ભંડાર, અમારે પણ વહુનો આધાર; રતન માલછે જેવું નામ, કહો તો આપુ કરી પ્રણામ. ૧૨ ત્યારે સોમદત કહે એમ કેમ થાય, પારકી વસ્તુ કેમ લેવાય; વળી પણ ત્યાં બહુ ધન, એ ક્યાંથી ગમે મુજ મન. ૧૩ ત્યારે ગુણધ્રમ બોલી સોમદત સાથ, માનો શેઠ કહુછે વાત; હોનાર વસ્તુ એમજ થઇ, બાકી શેઠનો વાંકજ નહી. ૧૪ શેઠ કહુંજો માનો તમો, વહુ ઉપર પાંચ વાહાણ આપું અમો; શોમદત કહે હવે કરીએ કેમ, તમે કહોછો તો કરીએ તેમ. અમારૂ મન તો માને નહી, પણ તમારી વાત તો રાખવી સહી, તમે શેઠ શાહુકાર છો સાર, ઝાઝુ કહીએ તેમાં નહી વેહેવાર; પછે પાંચ વહાણને વહુ દીધ, એ વાત તો લખાવી લીધ; શોમદત કહે અમારૂં બહુ પાપ, અમને લાગ્યા બહુ સંતાપ ૧૩ દીકરો ગયોને વહુ પણ ગઈ; મારી પાશે રહ્યું નહીં કાંઇ; એ વહુવડે મારૂ ઘર શોભતું, સુંદર સોબાથી અતી ઓપતુ. ૧૮ તેમાં નો સરૂ વિહીવાટ, દીકરાએ વળ્યો બહુ દાટ; વહુ ગઇ મારી સરતથી, મારી આબરૂ જવા દીધી નથી. ૧૯ એ વહુએ મારી રાખી લાજ, નીકર મારૂ કરત કોણ કાજ, સાબાશરે વહુ સુખીઆં થજો, કામકાજે મુજને કહાવજો. ૨૦

દોહરો—ત્યારે વહુ કહે સસરા શુણો, શાને દુખીઆ થાઓ; તમ અમ સબંધ એટલો, સુખે મોહોલમો જાઓ. ૧ એમ કહી પગે પડી, સસુને લાગી પાય; બોલ્યું ચાલ્યું ગણસો નહીં. એમ કહીને થયાં વિદાય પછી ચતુરા વાહાણમાં, સાથે લીધો સોમદત; હવે કસતુરાવતી કહે રાયજી. એવી નારીની મત. ૩ હવે ત્યાંથી ચાલ્યાં બેજણાં, બંદર દરીઆ મેઝાર, ત્યારપછી શું નીપનું, તેનો કહુ વીસ્તાર. ૪ ચાલ્યા વાહાણ તે જોરમાં, માંહે બેઠાં છે નરનાર; ત્યારે સોમદત કહે સાંભળો, મારા મનનો વિચાર. ૫ મારે ઘેર જવાય નહીં, મારે એની લાગે છે બીક; કહે સ્ત્રીરતન લાવ્યા નહી, શું કામ કર્યુ એ ઠીક. વાહાલાને આગળથી મોકલ્યું, મારૂ ન લાવ્યા લગાર, ત્યારે ઉતર શું આ-

પીએ, મારે ઘેર કેમ જવાય. ૭ તારી સ્ત્રી પણ ભોગવે, પર પુરૂષ શુ જાર; તમને ખબર તેની નથી, તે દેખડાવીશુ ભરથાર. ૮ નગર તમારૂં કેટલે તે સાચી કહોને વાણ; નગર સમીપે આવે સહી, ત્યાં નાગરીએ વાહાણ. ૯ આગળ સસરાનું ગામછે, તે પણ ત્યાંથી જોજન વીશ; રતનમાલ કહે કંથજી, જ્યારે આવે સસરાનુ ગામ; ત્યારે અમને ચેતાવજો, વહાણ નાગરશુ તે ઠામ. ૧૧ તે નગરમાં ખબર કઢાવજો, કદી પીયરમાં હોય નાર; તે હવે શમીપે આવ્યુ સહી, ત્યાંથી જોજન ચાળીશ; સ્ત્રીચરીત્ર દાખવું, જેમ માને ભરથાર. ૧૨ એમ કહી વહાણ હંકારીયાં, આવ્યા જોજન વીશ; સોમદત કહે નારી સુણો, આ સસરાનુ ગામ છે ધીસ. વાહાણ નાગર્યાં તે બંદરે, પછે મન કીધો વિચાર; પુરૂષ વેશ પોતે ધર્યો રતનમાલ જે નાર. મછવો મુકાવ્યો તાં થકી, બેઠાં નરને નાર. ગુમાશતાઓ સાથે લઈ, આવ્યા સસરાને દવાર. ૧૪ શામાની સાથ એક વાણીયો, ત્યાં બેઠાં એક જણ હર; પુછયું તેહ વણીકને, આ છે કોનો આવાસ. ૧૫ એક દીપચંદ નામે વાણીયો. શાહુકારમાં રૂડી જાત; વેપાર કરેછે વહાણનો, જુગમાં બહુ વિખ્યાત ૧૬ એને પુત્રી એક પરીવારમાં, કનકાવતી જેનું નામ; તેનો પેટ ગયો પરદેશડે, માટે રહેછે આણે ઠામ. ૧૭ વાત તો એવી સાંભળી, ચેતી ચતુરા જાણ; તાહ થકી ચાલ્યા સઉ, આવ્યા જ્યાં છે વહાણ. ૧૮ રતનમાલ કહે કંથને, રાતે જઈયે નગર મોઝાર; ચરચા જોઈએ તુજ નારીની, સ્ત્રીચરીત્ર પમાડું પાર, ખાનપાન કીધાં તહીં, એવે પડી ત્યાં રાત; મછવો મુકાવ્યો તે શમે, ઉતર્યાં બેજણ સાથ ૨૦ ચરચા જોવા કારણે ચાલ્યા નારીને કંથ; જોતાં જોતાં સંચર્યા, જ્યાં છે મેહેલનો પંથ. ૨૧ મેહેલ જોયો તે નારનો. પછે ગયાં તે પાછલે બાર; ત્યાં દોરડું બારીએ બાંધીયું, તે દીઠું નરને નાર. ૨૨

ચોપાઈ—નારી કહે ઉપર ચઢો સ્પષ્ટ જઈ કરો પછી સબળે દ્રષ્ટ; ત્યારે સોમદત કહે કેમ જવાય, મારી નાંખે મુજને ઘરમાંહ. ૧ નાર કહે તારૂં નહી કામ, હું જઈને જોઉં તે ઠામ,

એમ કહીને ઉપર ચઢી, જઈ બારી પછવાડે અડી. ૨ સરવે કાઢ્યું આંખડી તળે, જુવે તો જાર વળગ્યોછે ગળે; ભર નિંદ્રામાં સુતાંછે બેય, વશતર નથી નગન છે દેહ. ૩ તે જોઈને હેઠળ ઉતરી, સ્વામીને કહ્યું ને ફરી; ત્યાં ભર નિંદ્રામાં સુતી નાર, પાસે સુતોછે તેનો જાર: ૪ જાઓ તમે ઉપર ભરથાર, ત્યાંહ નથી કોઈ મારનાર; જઈ જારનું કાપો શીશ, અંતરમાં આંણી બહુ રીશ. ૫ સોમદત્ત ચડ્યો તેણીવાર, સુતાં છે નારી ને જાર: ભર નિદ્રામાં બે જણ સહી, કંઠે વળગી સુતાં છે તહીં. ૬ શોમદત્તે જોયુ તે ઠાર, ધીક ધીક્કરે તુજને નાર; રતનમાલનુ સાચુ સહી, મેં મુરખે માન્યુ નહી. ૭ હવે મુસ્તક કાપવા જાઉં જાહરે, કદી જાગી ઉઠે તાહરે; તો મુને મારી નાખે સહી, એમ કહી પાછો ઉતરતો તહીં, ૮ તારે નારી કહે કેમ આવીયા, મસ્તક કેમ કાપી ન લાવીયા; ત્યારે શોમદત્ત કહે ધડકે મુજ હાડ, મારાથી નવ થાએ ઘાત; ત્યારે કહે તું પુરો ગુમાર, એમ કહીને લીધી તરવાર; પછી પોતે ત્યાં ઉપર ચડી, આવી જ્યાં સુતાં જારને શુંદરી, ધીમે ધીમે ગઈ ને દીશ, જઈને જારનું કાપ્યું શીશ; ચોટલી તેની હાથમાં લઈ, મુસ્તક લાવી હેઠળ સહી. ૧૧ તે શીશ લઈને ચાલ્યાં બેય. દરીઆ કાંઠે આવ્યા તેહ; મછવાવાળાને બોલાવ્યો જાણુ, પાછા જઈને બેઠા વાહાણુ. ૧૨ નારી કહે સાંભળો ભરથાર, આ સ્ત્રીચરીત્ર નીરધાર; પ્રિશકોતરમાં ઘાલ્યુ હુલાસ, તાળુ દઈ કુંચી રાખી પાસ. ૧૩ તમો ઘેર જાશો જાહરે, નારી પીએરથી આવશે તાહરે, સ્ત્રી ચરીત્ર લાવ્યા ભરથાર, આ મુસ્તક ધરજો દર્ભમોઝાર. હવે એ વાત એટલેથી રહી, પેલી નારીની શી ગત થઈ; રાત પાછલી ગઈ જાહરે, તે જાગી ઉઠી તાહરે, ૧૫ તે નારીએ કીધો મનવીચાર, ઘેર મોકલી દઉં મારો જાર; એમ વિચારી જગાડવા ગઈ, તો મુસ્તક વિનાની કાયા સહી. રૂધીર દીઠું અપરમપાર, નારીએ દુખ ધર્યું અપાર; પછે મન વિચાર્યુ સહી, મારા જારને કોઈએ માર્યો અહીં; પછે મનમાં એક ધર્યો વિચાર, ચોકીવાળે માર્યો જાર. પછે ચાદરમાં બાંધી ગાંસડી,

માથે લેઈ હેઠે ઉતરી. ૧૮ નાંખી આવી તે દરીઆમાં જઈ, પાછી આવીને ઘરમાં રહી; તે વાત કોઇ જાણે નહિ લગાર, એટલે તાં થયું સવાર. ૧૯ શોક ધરેછે નારી સહી, એ વાતતો એટલથી રહી; નાગર્યાં વહાણ જઈને ખાડીએ, વધામણી મોકલી બાપને. પેલાં વાયુ જોરથી ચાલ્યા જાણુ, આવ્યા કોરે કોરે જાણ; ધાઇ આવ્યાં તે માતને તાત, સાંભળી પુત્રની વાત, નગર લોક પણ આવ્યાં સહી, માબાપ પુત્રને મળ્યા તહી; ત્યાં રતનમાલ નારી છે જેહ, સાસુ સસરાને પગે લાગી તેહ. ૨૨ વહુ જોઈને હરખ્યાં માતને તાત, ઘેર આવ્યું તે સરવે સાથ; બેઠાં માત પીતાને તંન, સહુ સાથે કીધાં ભોજન. ૨૩ વહુ દેખીને હરખે સહુ, રતનમાલ જેવી લાવ્યો વહુ; હવે કનકાવતીજે પેલી નાર, તેનો છે પીએર મોઝાર. ૨૪ તે પીએરથી આવી સહી, સાસુ સસરાને મળીછે તહીં; પુત્ર આવ્યો જાહરે, તેને તેડું મોકલ્યું તાહરે. ૨૫ મળી શોક રતનમાલ જાહરે, અન્યો અન મળ્યાં તાહરે; વાત વિગતની સરવે કહી, ઠામ ઠરીને બેઠાં તહીં. ૨૬

દોહરો—રાત પડીછે જાહરે, સુતા નરને નાર; હાસ્યવિનોદ કરે વારતા, કામનીને ભરથાર. ૧ ત્યારે કનકાવતી કહે કંથજી, લાવ્યા અસ્ત્રીચરીત્ર; તો પ્રીત આપણી રહે, નહીંતો થાશે વીપ્રત. ૨ ભાઇ ભોજાઇને આણી આપીયાં, આણી આપું માતને તાત; તમો મારી વસ્તુ લાવ્યા નહીં, મેં વિચાર્યું રૂદીઆ સાથ. ૩ તમો નારી બીજી પરણીઆ, મારો શો અટકાવ; માગી વસ્તુ નહિ મળે, ઉતારયો મુજ પરથી ભાવ, ૪ તાહારે કંથ કહે કામની, તું વાહાલી મુજને પ્રાણ; તારી વસ્તુ લાવું નહી, તો થાય મુજને હાણ. આ કુંચી લો કામની, તમે હાથે ઉઘાડી લો; સ્રીચરીત્ર ખોટું કે ખરૂં, જવાબ મુજને દો. તે કુંચી લીધી કામની, ને ઉઘાડયું તે વાર; સુસ્તક રૂમાલમાં વીટીયું, ત્યાં દીઠો પોતીકો જાર. તારે નીહાળીયુ નારીયે. એ સાચી નીશાની સહી; હવે ખોટું કેમ કહું, એમાં સંદેહ નહી.

છપ્પો—હોલવાઇ ગઇ તે નાર, અદરની ચિંતા કીધી; થરથર કંપે કાય, મનમાં ઘણુંએક બીની; મુખે નવ બોલાય. મ-

નમાં વિચાર આવે; મારા જારનું શીશ, એહ તો ક્યાંથી લાવે; ટળી સુખ ને સાન, તન નારીનું રોય; હલકી પડી ગઇ છેક, પાણી મોતીનું ખોયું. કમળ કરમાઈ ગયું શેજમાં એમ થઇ ગયું તે નારને; સામળ કહે સહુ સાંભળો, જ્યારે દીઠો પોતીકા જારને.

ચોપાઇ—તે નારી તો ઝાંખી થઇ, ત્યારે કથે વાણી કહી; કેમ નારી જુઓછો આરૂપર, સ્ત્રીચરીત્ર ખોટું કે ખરૂ. ત્યારે નારીએ જોડ્યા હાથ, સ્તુતી કરવા માંડી સ્વામી સાથ; ક્ષમા વાંક કરો માહરો, મેં ઘણો અપરાધ કર્યો તાહરો. પગે લાગે તે નરને નાર, રીસ ન કરશો મહારા ભરથાર; નારી નીચ થઇ છે કથી, બુધી નારીમાં કાંઇએ નથી. તમો મહારા સ્વામી ચતુરસુજાણ, અવગુણ સાંખો ગુણવાન; એમ કહી નયણે નીર ભર્યાં, ત્યારે આં બોલ્યો ભરથાર. શાને નારી આવડું દુખ ધરો, તમે અપરાધ શાને કરો; એવું હામોહમ મેં જોયું કથી, એમાં વાંક તમરો નથી સુખે નારી રહેજો તમો, એની રીસ નથી કરતા અમો; ત્યારે નારી પણ પામે હુલાશ, સુખે રહી સ્વામીની પાસ. ૬ પછે મનમાં વીચાર્યું તે ઠામ, એ તે પેલી નારીનું કામ; માહારો સ્વામી મુરખ ઘણું, શું સમજે ચરીત્ર ચતુરા તણું. પેલી નારી લાવ્યો ભરથાર, તે નારે કાવો હોંશીયાર; દેખાડી દીધું માર ચરીત્ર. તેથી વાત થઇ વીપરીત. પછી શોક્યો એકઠી મળી, વાત ગોષ્ટ માંહે હળીમળી; ખાય પીયે ને દીન નીરગમે, કરે વિનોદ બન્ને જણ રમે. એ વાત અહીં પુરી થઈ, કસ્તુરાવતીએ બરાસને કહી; એવાં છે નારીના ચરીત્ર, તો શું પુરૂષ જાણે રીત.

દોહરો—કસ્તુરાવતી કહે રાયજી, નારી ચતુરસુજાણ; પુરૂષ બિચારો શું કરે, અકલ વનાનો અજાણ; તે સોમદત્ત સમજ્યો નહી, નવ સમજ્યો બુલાશેઠ; પેલી ગુણકા મળી જ્યારે; ત્યારે ઠીક પોંહોચાડ્યાં ઠેઠ. ગુણકાએ મેળવી નારને, જેનું રતનમાલા છે નામ; તે નારીએ ચરીત્ર કર્યું, પાર પાડ્યું સહુ કામ. જો ગુણકા નાર મળે નહી, તો શું કરે સોમદત્ત રીત; જો સો પુરૂષ એકઠા મળે, તોય ન જડે સ્ત્રીચરીત્ર.

ચોપાઇ—એવી વાત કરી જાહરે, રાજાને ગુસ્સો ચડ્યો ; રક્તજ થઇ ગયાં લોચન, ઉતરી ગયું રાજાનું મન. જુઠી

વાત મુજ આગળ ભણો. મુરૂખને લેખામાં નહી ગણો; હવે તારે મારે શાનો સંબંધ, તુટયો તારો મહારો બંધ. હવે તું નારી ને હું નર નહી, એવી બરાસે વાણી કહી: નારીએ વિચાર્યુ મનમોઝાર. રીસાઇ જાશે મારો ભરથાર. ઘણે દોહલે હું પામી કંથ, વળી જતા રહેછે પંથ, પછે કાલાવાલા માંડ્યા ઘણા, કસ્તુરાવતી એ બરાસતણા. સ્વામી એતો સેજમા વાત થઇ, એનો ક્રોધ તમારે કરવો નહી; અસ્ત્રી અલ્પબુદ્ધિ અજ્ઞાન, વાત કહીને થઇ અજાણ; મુરખ છે નારીની જાત, ન જાણે વિવેક વિચારની વાત; હવે મારા સમજને ધરો દુખ, શા માટે ઉતરી ગયું મુખ. હવે આલિંઘન લીજીયે એ વાતનો શોક મુકી દીજીયે; નીસાસા મુકે વારંવાર, પણ બરાસ નવ બોલે લગાર. પછી કસ્તુરાવતી પરતાઇ ઘણી, સ્તુતી કરે તે સ્વામી તણી; નવ ખાધું નવ પીધું તહીં, રાત પડી ને સુતો જઇ. મુખે નથી બોલતો લગાર, સાંભરયો વજીર તણો કુમાર; નારી કાલાવાલા કરે, બરાસરાજા મનમાં નવ ધરે. નારી વળગવા જાય જાહરે, છંછેડી કાઢે તાહરે; એમ કરતાં મધરાતજ ગઇ, નારી તો નિંદ્રાવશ થઇ. ત્યારે બરાસે વીચાર્યું મન. હવે તે ઉંઘી અસ્ત્રી જન; દોરડું બારીએ બાંધ્યું સાર. ત્યાંથી નીકળી નાઠો બાહાર. દરવાજા પાસે આવ્યો સહી, તારે દરવાજે ભીડયો તહી; છાનોમાનો પેઠો તે હાર, ઉઘડતે દરવાજે નીકળ્યો બહાર. વળી લીધો છે ફકીરનો વેશ, રટણ કરેછે દેશોદેશ; મનમાં એમ કરયો વીચાર, મળી જાય વજીરનો કુમાર. એમ વીચારી ફરતો ફરે, વજીરસુતને મનમાં ધરે; જો મળે મુજને મિત્ર સાક્ષાત, તો સુખદુખની કીજીયે વાત એમ વિચારી ચાલ્યો જાય, જુવે વન ડુંગર ને ગુફાય: એ વાત એટલેથી રહી, કસ્તુરાવતીની શી ગત થઈ.

દોહરો—જ્યારે નારી નિંદ્રાવશ થઈ, રહી જ્યારે પાછલી રાત; સ્વપ્ન લાધ્યુ તે નારને, તે કહુ વિસ્તારી વાત. ૧ જાણે સ્વામી રીસાઇ ગયા, બાંધી અંગ હથીયાર; ત્યારે કાલાવાલા કરે ઘણા, તોય માને નહી ભરથાર. સ્વામી કહે હુ કંથ નહી, તું નહી મારી નાર; એમ કહી તરછોડી નારને, નાઠો ત્યાંથી

ભરથાર. નારી છેડે વળગી પડી, ન જાશો મારા ભરથાર; રોઈ ને ઘણું કલકળી, એટલે ઝબકી ઉઠી નાર. સ્વામી દીઠો નહીં સેજમાં, તારે પડી પેટમાં ફાળ; મુરછાગત થઇ નારી પડી, હવે આણું મારો કાળ. શીશ કુટે હઇડું હણે, તોડે માથાના કેશ; હાય હવે હું શું કરૂ, કંથ મેલી ચાલ્યો પરદેશ.

ઢાળ ઉદાશી—કસ્તુરાવતી ઘણું ટળવળે, મેહેલ મોઝાર; નીપટ નીરાશ મુજને કરી, એમ નવ ઘટે મુજ ભરથાર. આવી વાત મેં શાને કરી, જેથી સ્વામીને લાગ્યુ માંઠુરે; એ રીસ કઢાવી નાશી ગયા, એ દુખે પંડ પાડુરે. એકવાર સમુદ્રમાં પડી, ત્યાંથી પ્રભુયે લીધી ઉગારીરે; વળી ભોગ અધુરા હતા, જે મેં વાત એની કાઢીરે. ઓ કુમળા મારા કંથજી, જુઓ રાંકડી સામુરે; અલ્પ અપરાધ માટે તજી ગયાછો, મહા કષ્ટ તેથી પામુરે. નવ ઘટે પ્રાણજીવન મારા, આમ તજી જાવુંરે; જો મુજને કહી ગયા હોત તો, હું પણ પાછળ આવુરે. મેં જાણ્યુ જે હાંશી કરૂંછું, હાંશીમાં થઇ હાનીરે; અરે પાપી મારા પ્રાણીયા, કેમ બેશી રહ્યો ઘટમાં પ્રાણુરે. ઓ કરપુરાવતી મુજ માવડી, ઓ કપુરસેન તાતરે; ઓ કસુંબા દેશના રાયજી, બરાસ તે મારો નાથરે. પેલે ભવ તરછોડેથી, હંસ તણો અવતારરે; આ ભવ તરછોડી ગયા છો, મારા પ્રાણ જીવન આધારરે. હે પ્રભુ હું કોની ને કોણ તણી, મારૂં હઈડું કોણરે; તમ વીના નીશ્ચે મરૂ, કહાડું કહોતો પ્રાણરે, જો સંતાયા હોયતો છતા પડો, હવે નથી રહેતી ધીરરે; પ્રાણજીવન પ્રાણ જશે, એમ કહીને ભરતી નીરરે. પેલે ભવે કરમ અઠુ કર્યાં, કાંઇ ધાવતાં ખોડાવ્યાં બાળરે; કે કાંઇ વિશ્વાસઘાત કરી, ફોડી સરોવર પાળરે કે બ્રામણની નિંદા કરી, કે કર્યા કન્યા વિક્રમરે; કે કુડાં ચડાવ્યાં આળરે, કે ગાયોને દીધી ગાળરે. એમ કરે વીલાપ કામની, ભામની ચોદેશી ભાળેરે; પેલી વેહેલી જુવે પેહેલી, બળતાને કાં બાળેરે. પછે બયાતુર થઈ, મન વીચારે વાતરે; હવે મળવું નહી થાય નાથજી, માટે કરૂં દેહની ઘાતરે. પછે કેશ તણો ફાંસો ઘાલ્યો; વળી વીચાર્યું મનરે; એમ જીવ કાઢે સીધી નથી, માટે ખોળુ મુજ ભરથારરે.

ચોપાઈ—પછે વિચાર્યું મનમાં નાર, રહે જડે નહીં મળે ભરથાર; માટે ધીરજરાખું મન, ખોળવાને કરૂ ઉદ્યમ. પાછલી રાત્રી જ્યારેથઇ. લીધો પુરૂષનો વેશજ શહી; સુંદરશોભે તેની કાય, જાણે કોઈ પ્રથવીનો રાય. જેના તેજથી સુરજ ઝંખવાય, પુરૂષ દેખે તે લજવાય; અશ્વ પાણીપંથો સજ કરયો, તે ઉપર તે સ્વારજથયો. નીકળ્યો ત્યાંથી રાતોરાત, કોઇએ ન ઓળખી સ્રીની જાત, અશ્વ મારી મેલ્યો વહી. કાંઈ નવ ગણે લેખા માંહી, ખેડ ખેડ કરતોજાય; એમદેશાટન કરતા બહુ દિનવહ્યા. પછે તેના ઉપાય શા થયા. એક સુબાહુ નામે રાજન, તેનો વીરભદ્ર નામે તન; તે મૃગીયા રમવાને જાય. તે આવ્યો વનના માંહ. ૬ તે મારગમાં જાય જેટલે, પેલો પણ મારગમાં મલ્યો તેટલે; તે વિચાર કરેછે મન, નખશીખ નીહાળે તેનું તન. તેણે વિચાર કરયો સરવથી, એ નારી છે પણ નર નથી; પાસે જઇ તે ચરચા જોઉં; મારા મનનો સંદેહ ખોઉં. ૮ એમ કહીને પાસે ગયો, પાસે જઈને બોલજ કહ્યો; ઘોડો લગભગ લીધો પાસ, મુખથકી બોલ્યો હુલાસ. કોણ રાજાના છો કુમાર, પ્રાક્રમ દીસેછે અપરમપાર; એકાએક એકલા છો જાત, સાથી સંઘાથી નથી કોઈ પાસ. તેણે પણ જુહાર કીધો સહી, પછી મુખથી વાણી કહી; તમો પણ ક્ષત્રીના તન, કેમ એકલા આવ્યા વન. કસ્તુરાવતી નગરી તે સાર, તહાં તણા અમો રહેનાર; કામસેન છે મારૂં નામ, આવ્યા મરગીયા રમવા કામ. ભુલા પડયા ને વનમાં ભમ્યા, દુખ બહુ દેહમાં સમ્યા; તારે બોલ્યો વીરભદ્ર રાજન, ભલો કપુરસેનનો તન. આ સમીપે નગરી છે સાર, તહાં પધારો રાજકુમાર; થાક ખાઓને સુખીયા થાઓ, દીવસએક રહીને જાઓ, તારે કામસેને વિચારી પેર, ગયો તેની સંગાથે ઘેર.

દોહરો—ઘેર લાવ્યો ગુણનિધી, વધુએ વિચારી વાત; જોઉં ચરચા એહની, જે થાય દીવસને રાત. જો સ્રી હશે નિસ્ચે સહી. રાખી ઘરમાં નાર; ભોગવીશ ભામની આપથી, મન વિચાર્યું તે ઠાર. એતદીવસ ચરચા જુવે, ચાકરી કરે અસેદીન; પણ ચાક એક પકડામ નહી, નાવે સમજાયુ મન. તારે વીરભદ્ર એમ બો-

લીયા, સાંભળ કામસેન મુજ મિત્ર. એક ગુણુ વાત તમને કહું, તું છે પરમ પવિત્ર; નાર છે સુંદર અતીઘણી, મુજ માનીતી છે સાર: તેને તન મન જુગુતથી, પ્રીતછે અપરમપાર. તેણે મુજને દેહસોંપી સહી, તન મન મારી પાસ; તે ભામનીને હું ભોગવું. કરૂં છું રંગ વીલાસ. હવે તમે મારા મિત્રથયા, વળી છીયે એકજાત; માટે તમારી આગળે, ભાગી મનની ભ્રાંત માટે એક મીજબાની કરીયે સહી, મારી વાડી માંહ; તે નારી પણ આજે આવશે, તમો જરૂર આવજો તાંહ. ત્યાં ખાનપાન કરીએ બેઉ જણા, આપણે ભોગવીયે નાર; મીત્ર માટે તમને કહ્યું. બીજાને કહું ન લગાર. સરખે સરખા બે જણા, માટે કહી મે વાત; એ સ્ત્રી રંભા છે સહી, આપણે રમીશું આખી રાત. વળી કોઇ જાણે નહી, એવું કરીશુ કામ; માટે બે ઘડી રાતજતે તહાં, જરૂર આવજો ઠામ. ત્યારે કસ્તુરાવતીએ વીચારીયું, એ કરે મુજ કાજ; કાંઈ બુદ્ધિ લગાડું આ સમે. રાખું મારી લાજ. પછી બુદ્ધિ વિચારી બોલીયો. સુણ અરભદ્ર રાજન, વાત તમારી સાંભળી. ઘણું હરખ્યું મુજ મન. કારણ મારા મન તણું. તે સંભળાવું વરતાંત; તમે મારા મિત્ર છો, માટે ભાગુ તમારી ભ્રાંત.

ચોપાઇ—એક વારને સમે શું થયું, તે તમ આગળ માંડીને કહું: એક હું ને મારો મીત્રજ સાર નીકળ્યાતા મ્રગીયાને બહાર. ને હરણુ બહુ દેતાતાં ફાળ, અમે બેઉએ આણ્યો પશુનો કાળ; એટલામાં શું કઉતક થયું, અરે મીત્ર તમને શું કહું. એક મ્રગલો મ્રગલી બેઉ જણા, રહેવાશી તે વનજ તણા; તે નરનારીને સ્નેહજ ઘણો, દીવસે વીહાર કરે તે તણો. અમને તેનું નહોતું ભાન, મેં અજાણે માર્યું બાણ; તે મ્રગને તે વાગ્યું જઈ, રંગમાં ભંગ પડયો છે તહી. તે મ્રગનાતો ગયા પ્રાણ, ત્યારે હું પાસે ગયો નીરવાણ; મ્રગલી બેઠી કરે રૂદન, પછે કરોધે બોલી વચન. ધીક ધીક કહ્યું તે વાર, કહ્યું રાજા તને ધીકાર; તેં રંગમાં ભંગ કીધો સહી, હવે તું જીવવાનો નહીં. અરધો વિહાર કરયો તે ઠાર, એવામાં તેં મારયો ભરથાર; પુરૂષ સંગ કરવા ન દીધો

અજાણુ, અધવચલીધો અગનો પ્રાણ. તે માટે શ્રાપ દઉછું અમો, ચેતવું હોયતો ચેતજો તમો; તુને તારી સ્ત્રી સંગ કરશો જ્યારે, અધવચ તું મરશી ત્યારે. પુરો સંગ થવાનો નથી, અધવચ પ્રાણ જશે સરવથી; જારે આવી કહી મ્રગલીએ વાત, થરથર કંપ્યા મારા ગાત્ર. હું રહી મારા મનની ધીર, નેત્રથી વહ્યાં બહુ નીર; કાલાવાલા માંડ્યાં ઘણા, વીનય કરચાં તે મરઘલી તણાં. મારી નારી ચતુર સુજાણ મુજને જાણે તનમન પ્રાણ; હજીતો ઈછા મનમાં રહી, ભોગ પુરા ભોગવ્યા નહી. ત્યાં નારીને મન આરત ઘણી ભોગ વિલાસ ભોગવવા તણી; તેની પુરી પડી નહી આશ, હવે ભોગવું તો થાયે નાશ. મેં અજાણે કરી વાત, જાણ્યા વીના કીધી ઘાત; માટે ક્ષમા કરો સરવથી, એતો શ્રાપ દેવો ઘટતો નથી. ત્યારે તેને આવી દયા, એવા દીલના બોલજ કહ્યા; કહ્યું જે અસ્ત્રી ભોગવજો આપ, તે શ્રાપ મેં કીધો માફ. તમો સ્ત્રી સંગ કરશો જ્યારે નિશ્ચે ત્યાં મરશો ત્યારે; એવું કહીને મ્રગલી ગઈ, મારા જીવને શાતા થઈ. એવો શ્રાપ મુજ માથે સહી, માટે પરસ્ત્રી સંગ થાયે નહી; તમેતો કહોછો શું અને કામ, પણ મારૂ મોત લખ્યું તે ઠામ, માટે સુખે રમજો તમો, તેની સાથે નહીં રમીયે અમો; અમથી ત્યાં નહીં અવાય, એવું કહી સમજાવ્યા રાય. તે પણ માન્યું સાચુ સહી, એ વાત કાંઈ જુઠી નહીં; હવે પ્રપંચ કરૂં સાર, એનો નિશ્ચે કરવો નીરધાર. એમ વિચારી વીરભદ્ર ગયો, પછે કામસેનને અંદેશો થયો; રખે વિચારી એ કાંઈ ચલાતો હોય, ચરચા મારી નિશ્ચે જોય માટે અહીંયાં રહેવું નહી, એવું વિચાર્યું કામસેને તહીં; રાતોરાત ત્યાંથી પરવરયો, વળી અઘોર વનમાં નીસરયો. દર મજલ તે ચાલ્યો જાય, કોઈને ગણે નહીં લેખા માંહ; એમ દીવસ ઘણા ગયા વહી, એક નગર આવ્યુ તહીં.

દોહરા—એક નગર રળીયામણું, જાણે ઉગ્યો ભાણ; તે નગરમાં કુંવર ગયો, જે કપુરશેનનો તન. ઉતરયો જઈને વાડીએ, અશ્વ બાંધ્યો તે વૃક્ષ; શોભા નઉતમ તે તણી, જોયા કરે સઉ ચક્ષ. સુતા સોડ તાણી સહી, નિદ્રાવશ થઈ દેહ; એટલે

માલણ વાડી તણી, વાડીમાં આવીછે તેહ. સુતો દીઠો તે જન ને માલણ વિસમે થાય; તે પાસે આવી જેટલે, એટલે ઝબકી ઉઠયો તે તન. ત્યારે માલણ કરજોડી રહી, વિનય કરી બોલી વાણ તમે કોણ દેશના અધીપતી, કોણ તણા સંતાન. કયાંથી આવ્યાને કયાં જશો, આ નગરમાં શું છે કામ; બાળે વેશમાં બાહાર નીસરયા, શું છે તમારૂં નામ. ત્યારે રાજકુંવર કહે માલણી, મારા મનની વાત; અમો કપુરશેન નગરીનો અધીપતી, કપુરશેન મુજ તાત. કામશેન નામ અમતણું, તે અગીયાને નીકળ્યા બાહાર; અમે માહાવનમાં ભુલા પડ્યા, તે આવી પોતા આહાર; હું તુને પુછું માલણી. આ નગરનું શું છે નામ; રાજા એનો કોણછે, સુખ દુખ કેવાંછે કામ. રાજાને પરીવારછે કેટલાં, સુખ દુખ વરધને હાણ તે સરૂ અમને કહો સહી, સંભળાવો સાચી વાણ. ત્યારે માલણ કહે રાજા સુણો, તે કહું સઘળુ વરતાંત; તમો મંદીર આવો માહરે તો ભાંગુ મનની ભરાંત. તે રાજકુવરે એવું સાંભળી, મનમાં થયો મગન; ત્યાંથી પોતે ચાલીયો, આવ્યો માલણને ભોવન. માલણ હેત ધરે ઘણું, જાણે પેટનો તન; ત્યારે રાજકુંવર કહે માલણી, મારા મનની વાત. આ નગર દીસે રળીઆમણું. એનો કોણછે રાજાય; સુખ દુખ કેવું શેહેરમાં, તે સાચી કહો વરતાય. તારે માલણ કહે સુણ અધીપતી, આ નગરનું વરણન; તે તમને પ્રિતે સઘળુ કહું, તે સાંભળજો રાજન. હવે માલણ કહે સુણો રાયજી, તે નગરની શોભાય; સુખ દુખને હાણ વરધ, કહુ સરવે વારતાય

ચોપાઈ—તારે માળણ કહે સાંભળરે રાય, આ ચંદનાવતી નગરી કહેવાય; ચંદનસેન રાજાનું નામ, ચંદનાવતી નારી અભીમાન. એક ચંદ્રમુખી કંન્યાય, બીજી સતી નથીરે કોય; રાજકામની સરખુ સહી, સુખદુખ કોઇ જાણે નહી. ઘેર ઘેર સદાવ્રત અપાય. ઘેર ઘેર હરી કથા રે જજ થાય; પુત્રની પેરે પાળે પરજાય. ભાટ બ્રામણને રાજા ચાહાય. પરધાન પણ સમુની સહી. એમ વાત રાજાની કહી; રાજ-કુંવર કહે માલણ માય, મુંજ એક કહોની વારતાય. ચદ્રમુખી જે કુંવરી વહી, તારે માલણ કહે સાંભળરે રાય; તે કુંવરી રૂપનીરંભાય.

ભાગીગણી બનીછે ઘણી. શી શોભા કહું કુંવરી તણી. રાજાનેતે પરણાવવા કરે. તારે કુંવરી ના ઓચરે. મારા મનમાં ગોઠેજ ચાહું. મનમાને તે સાથે વર, સમશા મારી પુરશે જેહ. એમો વર વરીશુ તેહ. તે શું જાણીએ શી શમશા, એવો છંદ ધરયો મનમાંય. કોઇથી અરથ થાતો નથી. માટે કન્યા કુંવારી સ-રવથી. અરથ કરનારો મળે જાહરે, તે કન્યા તેને પરણશે તાહરે. એવી સાંભળી માલણ વાત, સાચુ બોલુંછું તારી સાથ. એવી સાંભળી માલણની વાત, તારે રાજા બોલ્યો તેની સાથ તે કુંવરીએ શમશા ધરી હશે જેહ, નિસચે અરથ કરીસુ તેહ. પણ એક મુજને બાધા જાણ. એ કન્યા પરણુ નહિ નિ-રવાણ. શમશા એના મનની કહુ, પણ એ કન્યા હું ના લેઉ. એ મન ધરતી હશે અહંકાર. જે પૃથ્વીમાં નથી કોઇ કહેનાર માટે એના મનનો મરોડુ મોડ, શમસ્યા કહીને જીતુ હોડ પ-રણવાનીનો કહુંછું નાય, એવું હોયતો કહુ સમસ્યા, તારે મા-લણ બોલી તહીં, હવે હું જાઉં કુંવરી પાશે સહી તમ વચનથી તે હું જાઉં; જઇ કુંવરી પાસે વધામણી ખાઉ; એવું કહીને ચાલી નાર, તે કુંવરી કેરા મોહેલ મોઝાર. જઇ ચંદ્રમુખીને કરયો પ્રણામ. મને આપો ઇનામ. એક કપુરઅબાતની નગરી જે કહેવાય, તેનો કપુરસેન રાજાય તેનો કામસેન નામેછે તંન તે આવ્યો મારે બોરંન: તેણે મને પુછ્યુ વરતાંત, બાગીતાં માહારી બ્રાંત. એ કુંવર કહે શમશા કહુ સહી, પણ કન્યા મારે પરણવી નહિ તે બાળપણામાં જોબન વેશ, નીકળી આવ્યોછે પરદેશ.

છપૈયા—રૂપે જાણે કામ રીત તો રામ શમને; પ્રાક્રમ બુદ્ધિમાં બળવાન, જેર દેખાતો જવાની ધરતા બહુછે ધીર, વીર વરમાળી જેવો: વિદ્યા આપ બહુ વેશ, શેશ શમરથ છે તેવો: શાણો માને ડાહાપણે, વિદ્યા રૂડો વિવેક છે; તે શમસ્યા કહે પણ પરણે નહી, સાંભળબહુ એવું બળે.

દોહરા—માલણ કહે સુણ કુંવરી, સાચી કહીએ પેર: શમશા તારી પુરશે સહી, તે ઉતરયો મારે ઘેર. તે ચંદ્રમુખીએ

સાંભળ્યુ. માલણના મુખની વાણ; કુવરી તે વ્યાકુળ થઇ, તલ-ખવા માંડયો પ્રાણ. સાંભળ માલણ માનુની, મુને થઇ હાંશીનેહાંણ; હઈએ ધીરજ રહેતી નથી જઈ વળગ્યો ત્યાં પ્રાણ. વળી ચંતા એક ઉપની, ચીતમાં ધીરજ ન રહે કાંય; શમશા એ કહેશે ખરી, પરણવાની ના કેમ કહેવાય. મેં પણ તે માટે કર્યું, જે કોઇ હશે ચતુર સુજાણ; તે શમશા પુરશે તેનો ગ્રહીશુ પ્રાણ. તે ભીષા થઈગયુ માહરૂ, હવે શુ કરશે કીરતાર નીમીત માત્ર શમશા કરી જોવી ચાતુરી ભરથાર. વિચાર્યું વાએ ગયું, માલણે શી કરી પેર; વળિ રૂપ વરણું તે તણું વળી પ્રાક્રમે ઘણું જોર. તેથી જીવ રહેતોનથી, હવે મનમાં બહુ પસ્તાય; હવે શું કરૂં ને શું થશે, હવે તે કયાં જાઉં હુંય. એવો બીજો નર મુને કાંહાં મળે રૂપ ગુણનો ભંડાર રૂપ હશે તાંહાં ગુણ નહિ, ગુણ તાં રૂપનહિ લગાર. પછી મંદીરમાં ગઇ માનની, કીધો મનવિચાર: પત્ર લખ્યો એક પ્રીતથી, ચતુરાઈથી નીરધાર.

ચોપાઇ—એમ પત્ર લખ્યો તેવાર, ઘરમાંથી આવી તેબહાર; માલણને કહેજો તમો; આ પત્ર આપું છું અમો. પ્રતીઉતર એનો લાવજો વધામણી વળી કહાવજો; માહરા કહેજો પરણામ, કહીયેકુંવરીછે તમારે નામ. એમ કહીને છાની રહી, માલણ પોતીકે મંદીર ગઇ; જઈ કુંવરીને કહ્યો સમાચાર, કુંવરીએ કહ્યો જુહાર. કહી કુંવરીએ સઘળિ વાત, પત્ર હતો તે આપ્યો હાથ; તે વાંચ્યો એકાંતે જઇ, ચિંતા અદકી મનમાં થઈ. વિનતાએ કર્યુંછે પરણવા કાજ, હવે મહારી કેમ રહેશે લાજ સમસાની હા કહેવરાવવા સહી, તેથી પસ્તાયો હું સહી. હવેશો કરૂં ઉપાય, પ્રતીઉતર શો લખું ત્યાંય; પછે મન વીચારી ચતુર સુજાણ પત્ર એક લખ્યો નીરવાણ.

છપ્પો—સાંભળ ચંદ્રમુખી નાર. સાર બુદ્ધીછે તારી; મારે પણ મોહું કેણ, વાત માનજો તું મારી. મેં પરણવાના લીધા સમ, કેમ હવે હું પરણું; પરથમ કહુ સમસાનો અરથ, પછે વાત મારી વરણું, માટે સમસાવાત પરથમ કરો, પરણવાની વાત પછે સહી સામળ કહે સહુ સાંભળો, આપ્રતી ઉતર લખ્યો સહી

ચોપાઇ—સાંભળ નારી તું મારી વાત, મં સાચો અક્ષર કહ્યો

તુજ સાથ, પરણુવાની કીધી ઘેર વાત તે સારૂ મુકી આવ્યો માતને તાત. પરથમ અરથ હું સમસાનો પુરૂ, પછે પરવરૂ; માટે તારા બાપને કરતુ જાણુ, અરથ આવી કરૂ પરમાણુ તારૂ ભાગ્ય મોટુછે નાર, વળી કોઇ આવી મળશે ભ રથાર, હમારા ઉપરથી મન પરહરો, શાને નેહ અતીશે ધરો જોઉ શમશા તે શી ધરી, તે જાણુ કરોને વેગે કરી, બીજી વાત પછે કરજો સહી, પરથમ શમસા પુછો અહી. એ રીતે લખ્યો પતર માલણ હાથમાં આપ્યો તરત; માલણ તાંથી વેગે ગઇ જઈ કુંવરી પાશે ઉભી રહી. પત્ર આપ્યો તેના કરમાંહ, ચંદ્રમુખીએ વાંચ્યો મનમાંહ; પછે અંદેશો કીધો મન સાથે સહી, હવે એ નર આવ્યો કથજાય.

દોહરો—ચંદ્રમુખી ચતુરછે ઘણું, વિચાર્યુ મન સાથ; પરથમ શમશા પુછીએ, પછે પરણુવાની વાત. ધીમે ધીમે રાવતાં, ધીમે સબકુચ હોય; માળી સીંચે શો ઘણા પણ રત બીન ફળ ન હોય. પરથમ તેડાવું મોહોલમાં કરૂ તાતને જાણ; જોઉ ચતુરછે કે મુરખછે પછે પરણું નીરવાણુ. એમ વિચાર પોતે કરયો, તેડી પાસે દાશ;તેને વાત વીગત સરવે કહી, મોકલી રાજાની પાસ. તમો કહોતો રાયજી, ખરૂ કરૂ મુજ મંન. માળી મંદાર આવીઓ, કોઇ રાજા કેરો તંન. તે કહે અરથ અમો કરૂ માટે આગ્ના આપો તાત; એને મેહેલમાં તેડી કરી, હું પુછું મારી વાત. રાજા સાંભળી ખુશી થયો, કહી દાશીને પેર; કુંવરીને કહો એ વાત, સુખે કરો તેડી રાજાને ઘેર મન માને તુજ દીકરા, તો પરણુજો એની સાથ; એ વાતમાં રાજી ઘણા, એવું કહાવીયુ તાત. દાશીએ આવી કહ્યું, ચંદ્રમુખીને વાણ;તેડો રાજ કુંવરને તમો. કાહાવ્યું છે રાજન, મારે પ્રસન થઇ તે પ્રેમદા માલણ તેડાવી રાત; કહ્યું રાજ કુવરને મોકલો, જે આવ્યો છે મહિપત્ત. માલણ ત્યાંથી પરવરિ, કહિ રાજાને પેર; ચંદ્રમુખીએ કુંવરી રાયની, તે તેડે તમને ઘેર. અરથ પુછે શમશા તણો, મનાવો તેનું મન; કન્યા પરણો કોડામણી જેવી રૂપ રતન.

ચોપાઇ—નેત્ર ઉઘાડી રૂપિરાય, કોણ છેરે માનવની કાય

કેમ તું અહીંયા આવીયેલ, તમ ભેગ કરવા આવીયો, ત્યારે બો-
લ્યા દીન વચન, એ ડભુંભા નગરીનો રાજન તેનો સુત અ-
રાસ કહેવાય, તે આવ્યો મને લાગ્યા તમ દરશનનો ચેનો હું
રાય, અરણ્યે કસ્તુરાવતી કન્યાય; તમ પરતાપે લાવ્યો અહીં,
ક્ષમા કરો વાંક મારો સહી; એમ કહીને લાગ્યો પાય, હું અ-
પરાધી તારો રાય; ઋષીએ દીધો આશીરવાદ ધન પુન તારૂ બાવલ
એમ કહીને મુક્યો માથે હાથ; લીધી ડભુંભા કેરી વાટ, આવ્યા
ગોંદરે કરચો, સહુને હઈડે હરખજ ભરચો. ચીત્રસેન જુવે છે વાટ
પુત્ર ન આવ્યો હજું શા માટ; ભાટ આવી એમજ ભણે, અ-
રાસ આવ્યો હેત મન તણે. નાહલ કર્યો રાજાએ તેહને, રાજા સભાથી
ઉઠ્યો તાહરે, હરખ ભરી સહુ જાય, હુલાસ આણીને મનમાંહ.

દોહરા—રાજા આશનથી ઉઠ્યો પ્રભાવતી સામી જાય;
કુંવર આવ્યો જાણી કરી, મનમાં થયો ઉચ્છાહ. ચીત્રશેન જાય
જોવા, પાછળ પ્રભાવતી માય; તે પુંઠે બેઠ્યા જઈ, રઈયત રંકને
રાય. રાજા આવતો જાણીને પુત્ર પગે પળાય; બેઉનાં હઈડાં હર-
ખીયાં, પુત્ર લાગ્યો પાય. રાજા મીત્ર સહુ મળ્યા, ખોળે લીધો
કુમાર; ફરી ફરી મુખ નિહાળીયું, ચીત્રસેન ભુપાળ. પછે આવ્યા
નગરમાં સાથે સહુ સેનાય; રઈયત હરખે અતીઘણું, મનમાં સહુ
હરખાય, સભા ભરી સીંહાસને; બેઠા તાતને તન; વીગત વાત માંડી
કહી, જે વીત્યું રણ માંહ. તમ પરતાપે આવીયો, માતાને લાગ્યો
પાય; કસ્તુરાવતી અત્રો લાવીયો, તુમ પરતાપે માય. ખાયા
પીઆ સુખીયા કરે ટળ્યો વાહાલાનો વિજોગ; બારવરશે મળ્યા સહી,
ભોગ અતિ ભોગ. સામળભટે વરણવ્યું, અરાસ કસ્તુરી જોડ બેઉ કુ-
રજોડી સમ ભણું, જેજે શીરગુણ કોડ. ગાય શીખેને સાંભળે મન તણા
ભાગે શોક, વિજોગ ભાગે વાહાલા તણો એમ શાસ્ત્ર બોલે વેદ.

અરાસ કસ્તુરીની વારતા સમાપ્ત.